બફ્યુઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર


# બરકાતે ખ્વાજા *(માસિક)*

**ફેબ્રુઆરી-૨૦૨૪**

રજબુલ મુરજ્જબ-શાબાનુલ મુઅઝ્ઝમ
હિજરી સન : ૧૪૪૫

વર્ષ : ૨૧, અંક : ૦૨, સળંગ અંક : ૨૪૧

**સ્થાપક અને પ્રકાશક**

ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફયુઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, મો. ૯૬૬૪૫૨૧૪૭૭
9427464411 PhonePe/Paytm/G Pay
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com



બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૩૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૨,૦૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૩,૦૦૦/- |
| આજીવન | રૂા. | ૬,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૫,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૫,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મુસ્લિમ કૌમ શાદીઓમાં બેહયાઈ તથા ફુઝૂલખર્ચીમાં નીકળી હદ પાર ! | 04 |
| 02 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન | 08 |
| 03 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત (ભાગ : ૨) | 11 |
| 04 | હદાઈકે બખ્શિશ (ભાગ : ૨) | 15 |
| 05 | હશ્ત બહિશ્ત : ફવાઈદુલ ફવાદ (દિલોના ફાયદા) | 18 |
| 06 | કાનૂને શરીઅત (ભાગ-૨) | 21 |
| 07 | ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ | 24 |
| 08 | "શફાઅત" કિતાબ તથા સુન્નતની રોશનીમાં | 27 |
| 09 | *(બીજી સદીના મુજદ્દિદ-૧)* હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رحمۃ اللہ علیہ | 29 |
| 10 | વર્તમાન ક્રિકેટ તથા અન્ય રમતો શરીઅતના આઈનામાં | 33 |
| 11 | રોજીમાં બેબરકતીના સબબો અને તેનો ઈલાજ | 36 |
| 12 | શબે મેઅરાજ એટલે રસૂલુલ્લાહ ﷺની શાન તથા ઈજ્જતના પ્રદર્શનનો પ્રસંગ | 46 |
| 13 | શબે મેઅરાજના નવાફિલ | 49 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 50 |


### જાને ગુલઝાર કા પસીના......

અઝ : હુઝૂર તાજુશ્શરીઅહ અખ્તર રઝા અઝહરી رحمۃ اللہ علیہ

દૂર અય દિલ રહે મદીનેસે
મૌત બેહતર હૈ ઐસે જીનેસે

ઉનસે મેરા સલામ કહ દેના
જાકે તૂ અય સબા કરીનેસે

હર ગુલે ગુલિસ્તાં મોઅત્તર હૈ
જાને ગુલઝાર કે પસીને સે

યૂં ચમકતે હૈં ઝર્રે તયબાહ કે
જૈસે બિખરે હુએ નગીનેસે

ઝિકે સરકાર કરતે હૈં મો'મિન
કોઈ મર જાએ જલકે કીનેસે

બારગાહે ખુદામેં કયા પહૂંચે ?
ગિર ગયા જો નબી કે ઝીનેસે

પીજિએ ચશ્મે નાઝસે ઉન્કી
મયકશોં કા ભલા હૈ પીનેસે

ઈસ તજલ્લી કે સામને 'અખ્તર'
ગુલકો આને લગે પસીને સે



# મુસ્લિમ કૌમ શાદીઓમાં બેહયાઈ તથા ફુઝૂલખર્ચીમાં નીકળી હદ પાર !




પોતાને મુસલમાન કહેનાર, ઈસ્લામનો દાવો કરીને બનેલ જન્નતના ઉમેદવાર, નબી પાક ﷺ પર જાન ફિદા કરવાના દાવેદાર એવા કહેવાતા "આશિકે મુસ્તફા" તથા "આશિકે હુસૈન" તથા પોતાને "કનીઝ ફાતિમા" કહેનારી આજની મા બહેનોનો સાચો ઈશ્ક જોવો હોય તો આપણી શાદીના પ્રસંગો તથા ફંકશનો જોઈ લો ! એમનો સાચો ઈશ્ક કઈ દિશામાં છે ખબર પડી જશે ! લગભગ **ઈસ્લામ જ એક એવો મઝહબ છે કે જેમાં શાદી તદ્દન ઓછા સમયમાં અને તદ્દન થોડાક ખર્ચમાં થઈ શકે છે. નિકાહમાં ઈજાબો કુબૂલ બે ગવાહો રૂબરૂ થઈ જાય એટલે શાદી થઈ ગઈ !** બાકી બીજી જેટલી શાદી પહેલાંની કે તે દિવસની કે તેના બાદની રસમો છે લેવડ દેવડની, ખાણી પીણી કે નાચ નખરાની એ સૌ તદ્દન વધારાની, આપણે લોકોએ ઉભી કરેલી છે, અને એમાં કેટલીય રસમો તો તદ્દન નાજાઈઝ તથા હરામ હોય છે. પણ આપણો સમાજ ખુશી ખુશી એને કરી રહેલ છે અને કોઈ એ નાજાઈઝ હરામ ફંકશનો, રસમોને રોકવા પ્રત્યે ગંભીર પણ જોવા નથી મળતુ. એવા લોકો માટે જ ડો. ઈકબાલે કહ્યું છે :–

*કલ્બમેં સોઝ નહીં રૂહમેં એહસાસ નહીં – કુછ ભી પયગામે મુહમ્મદ ﷺકા તુમ્હેં પાસ નહીં*

*વઝઅમેં તુમ હો નસારા તો તમદ્દુનમેં હુનૂદ – યહ મુસલમાં હૈ જિસે દેખકે શરમાએ યહૂદ !*

*યૂં તો સૈયદ ભી હો મિર્ઝા ભી હો અફઘાન ભી હો – તુમ સભી કુછ હો બતાઓ તો મુસલમાન ભી હો ?!*

## આજકાલ શાદીઓમાં શું શું બેહયાઈનાં દશ્યો સામાન્ય થઈ ગયાં ?!

શાદી પ્રસંગે ખાસ કરીને સ્ત્રીઓ ઘરે જ અથવા બ્યૂટી પાર્લરો પર જઈને એવું મેકઅપ કરાવે છે કે કુદરતના આપેલ અસલ સૌંદર્યને બદલે પોતે ઓળખાય નહીં એવી ચૂડેલ જેમ બનીને નીકળે છે. પછી બેપર્દા અને લગભગ છૂટ્ટાવાળો સાથે જાહેરમાં પોતાના સૌંદર્યનું પ્રદર્શન કરતી હોય છે.

હદીષે પાકમાં છે કે, "જે સ્ત્રી એટલા માટે શણગાર કરે કે લોકો તેના પ્રતિ આકર્ષાય તો તે સ્ત્રી ઝાનિયા છે." બીજી હદીષમાં છે : "બેશક ! જે સ્ત્રી ખુશ્બુ લગાડીને મજલિસમાં પસાર થાય તો તે વ્યભિચારીણી છે." (મિશ્કાતુલ મસાબીહ, ૧/૯૬) જે સ્ત્રીઓ આ રીતે અંગ પ્રદર્શન થાય તેવા પોશાક સાથે લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે તેમના માટે આ અફસોસજનક વાત નથી કે પ્યારા મુસ્તફા ﷺ તેવી સ્ત્રીઓને "ઝાનિયા" કહે છે. જો તમારી ઈમાની ગૈરત જાગૃત હોય તો વિચારો કોણ આ કહી રહ્યું છે ?! કે જેમની શફાઅત વિના જન્નત મળશે નહીં !

વળી સ્ટેજો સજાવાય છે અને તેના ઉપર પણ અને સ્ટેજ સામે પણ કોઈ પ્રકારના પર્દાના આયોજન વગર સ્ત્રી પુરૂષોનો મેળાવડો જામેલો હોય છે કેક કાપવાના તથા દુલ્હા દુલ્હન થકી એક બીજાને ખવડાવવાના, ડ્રિંક પીવડાવવાના બનાવો ઘરના રૂમને બદલે સ્ટેજ પર જ થાય છે ! અને સ્ટેજ પર દુલ્હા દુલ્હન તથા દુલ્હાના મિત્રો એક તરફ તો બીજી તરફ દુલ્હનની સહેલીઓ હોય છે અને અવનવા નાટકો થાય છે અને હંસી મજાકમાં યુવાન યુવતીઓની હુરીયો બોલાવતી ચીસો પડતી રહે છે. વળી દુલ્હાને દુલ્હનને ભેટ સોગાદો કે

www.barkatekhwaja.net

મુબારકબાદ આપનારાઓની લાઈન લાગે છે તેમાં દુલ્હા સાથે મોટાભાગે નામેહરમ સ્ત્રીઓ હાથ મિલાવે છે તથા દુલ્હાને ગળે પણ લગાડે છે !

તે ઉપરાંત અન્ય હયાસોઝ દશ્યો શાદીના સ્ટેજો પર થાય છે, જેને લગભગ લોકો અમારાથી વધુ જાણે છે કે કેવાં કેવાં નાટકો કરવામાં આવે છે, ક્યાંક સ્ટેજ પર ધુમ્રમય વાતાવરણ સર્જવામાં આવે છે તો ક્યાંક અન્ય તમાશા થતા રહે છે. કલાકો સુધી આવા શરમજનક ખેલો ચાલતા રહે છે જેને પુરૂષો સ્ત્રીઓની સામે બેઠેલી ભીડ જોતી રહે છે. નમાઝોના સમયો એક પછી એક જતા હોય છે પણ એનો કોઈને એહસાસ પણ નથી થતો. વળી આ દશ્યોના ફટાફટ ફોટા પાડવામાં આવે છે અને રજે રજ આ વિધિનું શુટીંગ પણ વીડિયોમાં થતુ હોય છે, જેને પછી સોશ્યલ મીડિયા કે યૂટયૂબ પર પણ મૂકવામાં આવે છે કે પૂરી દુનિયા આપણી મા બહેનોની બેહયાઈને જોતી હોય છે. **આ બધું એ રીતે થાય છે કે જાણે એને ગુનોહ જ સમજવામાં નથી આવતું !** કોઈ એના વિરૂધ્ધ વાત કરે તો તેને નફરતની નજરથી જોવામાં આવે છે ! આ છે આપણી મુસલમાની !

હદ તો ત્યારે થાય છે કે કેટલીક શાદીઓમાં સ્ટેજ પર નાચનારી રંડીઓને બોલાવવામાં આવે છે અને કહેવાતા પ્રતિષ્ઠિત નેતા ગણાતા તથા વડીલો યુવાનો તેમની સામે નાચતા નાચતા તેણીઓ પર રૂપિયા ઉડાડે છે. અને અત્યંત દુ:ખની વાત કે એક ખાનકાહના મુજાવરોને ત્યાંની એક શાદીનો વીડીયો સોશ્યલ મીડિયા પર આમ થયો જેમાં રંડીઓ નાચે છે અને મુજાવરો તથા ઘરના યુવાનો જાહેરમાં તેમની ઉપર રૂપિયા લૂટાવી રહ્યા છે ! અફસોસ ! શું એ ખાનકાહમાં આરામ કરી રહેલા બુઝુર્ગ તેમનાં આ બેશરમ કૃત્યોથી ખુશ થતા હશે કે તેમના પર લઅનત કરતા હશે ?! અલ્લાહની પનાહ !

## શાદીઓમાં થતી અતિશયોક્તિ તથા ફુઝૂલખર્ચીની એક ઝલક જુઓ !

આજકાલ શાદી માટે ફક્ત એક બે દિવસ માટે લાખોનો ખર્ચ લોકો કરી નાખે છે. દરરોજના સ્ટેજની સજાવટ અલગ અલગ હોય છે. એટલે કે પીઠી વખતે સ્ટેજની સજાવટમાં વપરાતાં કપડાં, કર્ટેઈન તથા લાઈટીંગ વગેરેનો કલર અલગ, નિકાહ વખતની સજાવટમાં અલગ અને વલીમાના દિવસની સજાવટ અલગ ! દરેક સમયની સ્ટેજ સજાવટના લાખ દોઢ લાખ બે લાખ ચૂકવાતા હોય છે ! **વળી શરમની વાત તો એ કે ભાઈ બાપ તથા વડીલો એક તરફ બેઠા હોય છે અને બેપર્દા દુલ્હન આવીને મંડપવાળા પર પુરૂષ સાથે ચર્ચા કરી તેને સ્ટેજની સજાવટ તથા કપડાનાં રંગો વિશે નિઃસંકોચ સૂચન કરતી હોય છે.** અને ખૂબ જ ઠાઠમાઠવાળા ઊંચી કિંમતો ચૂકવીને રાજા શાહી જેવા મંડપોની સજાવટ કરવામાં આવે છે. અને ખૂબ જ મોઘા મોઘા ડ્રેસો ફક્ત એક જ વાર શાદીમાં પહેરવા માટે ખરીદવામાં આવે છે. તેમજ મહેમાનો માટેના ભોજનોમાં એકથી અનેક આઈટમોની ભારે કિંમતની ડિશોના ઓર્ડરો કરવામાં આવે છે અને ખાવા કરતાં અનેક ઘણો બગાડ આવાં ભોજનોમાં થાય છે જેને ફેંકી દેવામાં આવે છે, શું આ ફુઝૂલખર્ચી નથી ?!

વળી શાદીઓમાં ફટાકડા ફોડવાનો રિવાજ પણ ચાલે છે કે જે ફુઝૂલખર્ચી છે. આવી દરેક પ્રકારની જે ચીજો ફુઝૂલખર્ચીમાં આવે છે તેનાથી મુસલમાનોએ બચવું જોઈએ. કુર્આને પાકમાં આપણને સર્વ નેઅમતો આપનાર રબનું ફર્માન છે : اِنَّ الْمُبَذِّرِیْنَ كَانُوْۤا اِخْوَانَ الشَّیٰطِیْنِ ؕ وَ كَانَ الشَّیْطٰنُ لِرَبِّهٖ كَفُوْرًا ﴿۲۷﴾ **"બેશક ! ઉડાડનારા (ફુઝૂલખર્ચી કરવાવાળા) શૈતાનના ભાઈ છે અને શૈતાન પોતાના રબનો મોટો દુશ્મન છે."** *(સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૨૭)*

www.barkatekhwaja.net

પ્યારા વાંચકો ! અલ્લાહ તઆલાએ તમને ઈસ્લામ આપ્યો, બુધ્ધિ આપી, દૌલત આપી, એટલા માટે કે દોલત ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ઈબાદતમાં ખર્ચ કરો, પોતાની જરૂરિયાત અને ફાયદામંદ કામોમાં ખર્ચ કરો અને પરવરદિગારનો શુક્ર બજાવી લાવો. હવે તમે આ દૌલત બેકાર કામોમાં ઉડાવીને અને ખુદાની નાફર્માનીઓના કામમાં લાવો છો તો તમે પોતે વિચારો કે દૌલતને ખોટા રસ્તાઓ પર વહાવવાવાળા મહા નાશુક્રા તથા શૈતાનના ભાઈબંધ ન થયા ? ! કહો ! થયા અને જરૂર થયા ! તો પછી ઘમંડ, દેખાવ અને એક થોડીક વાહ વાહ માટે આ બેકાર ખર્ચાઓ અને માલી અય્યાશીઓ છેવટે કેમ નથી છોડતા ?

વળી ભોજનમાં પીરસાતા મટન ચિકન વગેરેમાં હલાલ ઝબીહાનો પણ ઘણે ઠેકાણે ખયાલ રાખવામાં નથી આવતો, મટન ક્યાંથી આવ્યું, કોણે ઝબહ કર્યું, સુન્ની કે વહાબીએ, કોણે રાંધ્યું, વહેંચનારા (ભાડુતી માણસો ક્યારેક હોટલથી મંગાવાય છે) પણ તે કઈ જાતી ધરમના છે તેની પરવા નથી થતી, બલ્કે યુવાન સ્ત્રીઓ પણ વેઈટર્સ તરીકે ખાવા વહેંચવા માટે બોલાવવામાં આવે છે ! અને પોતાને ઊંચા સ્ટેટસવાળા લોકો, હાઈ ફાઈ લોકોમાં ખપાવવા આવી ફુઝૂલખર્ચી તથા હરામ કામો થતાં હોય છે. તો આ સર્વથી મુસલમાનોએ બચવું જોઈએ અને દરેક કામ કરતાં પહેલાં અલ્લાહ વ રસૂલની આ કામથી રઝામંદી હશે કે કેમ તે પ્રથમ વિચારવું જોઈએ. હદીષે પાકમાં છે : **મોટી બરકતવાળો નિકાહ તે છે જેમાં ઓછો બોજ હોય.** *(મિશ્કાત શરીફ)*

## ગુનાહો કરવાથી મુસીબતો આવતી હોય છે એ ન ભૂલશો !

હે મુસલમાનો ! જો તમારુ કુર્આન પર ઈમાન છે તો આ ફર્માને ખુદા સાંભળો :–

وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ۝ "અને તમને જે મુસીબત પહોંચી તે એના સબબે છે જે તમારા હાથોએ કમાયું અને ઘણુ બધુ તો માફ કરી આપે છે." *(સૂ. શૂરા, ૪૨/૩૦)*

સદરુલ અફાઝિલ عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان એની તફસીરમાં ખઝાઈનુલ ઈરફાનમાં જણાવે છે : આ સંબોધન મો'મિનીન મુકલ્લિફીનથી છે જેમનાથી ગુનાહો થઈ જાય છે. ભાવાર્થ એ છે કે **દુનિયામાં જે તકલીફો તથા મુસીબતો મો'મિનોને પહોંચે છે મોટાભાગે તેનો સબબ તેમના ગુનાહો હોય છે.** એ તકલીફોને અલ્લાહ તઆલા તેમના ગુનાહોનો કફ્ફારો કરી દે છે. અને ક્યારેક મો'મિનની તકલીફ તેના દરજાઓની બુલંદી માટે હોય છે, જેવું કે બુખારી તથા મુસ્લિમની હદીષમાં આવેલ છે.

આ આયત وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ۝ *(સૂ. શૂરા, ૪૨/૩૦)* થી જાણવા મળ્યું કે મુસલમાનો પર આવનારી મુસીબતોનો એક સબબ તેમનું અલ્લાહ તઆલાની નાફર્માની અને ગુનાહ કરવું છે. જો તેઓ અલ્લાહ તઆલાની ફર્માબરદારી (ઈતાઅત) કરતા રહે તો મુસીબતોથી બચી શકે છે. જેમ કે હઝરત અબૂ દર્દા رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલે અકરમ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું : (હે લોકો !) તમારો રબ عزوجل આદેશ આપે છે, **"જો મારા બંદાઓ મારુ આજ્ઞાપાલન કરે તો હું તેમને રાતમાં વરસાદથી સૈરાબ કરીશ, દિવસમાં એમના પર સૂરજ ઉગાડીશ અને તેમને કડક (વાદળની ગર્જના)નો અવાજ પણ ન સંભળાવીશ."** *(મુસ્નદે ઈમામ અહમદ, મુસ્નદે અબી હુરૈરહ رضی اللہ عنہ, ૨/૨૮૧, હદીષ : ૮૭૧)*

તેમજ તેમણે જોઈએ કે તેમના પર તેમના જ અમલોના કારણે મુસીબતો આવે છે એમાં બેસબ્રી તથા શિકવા શિકાયતનું પ્રદર્શન ન કરે, બલ્કે તેને પોતાના ગુનાહોનો કફ્ફારો સમજીને સબ્ર તથા શુક્રથી કામ લે...... હઝરત અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہથી રિવાયત છે. હુઝૂર પુરનૂર صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવે છે : "બંદાને

જે નાની કે મોટી મુસીબત પહોંચે છે તે કોઈક ગુનાહના કારણે પહોંચે છે. અને જે ગુનાહો અલ્લાહ તઆલા માફ કરી આપે છે તે એના કરતાં ખૂબ જ અધિકતર હોય છે.'' ત્યારબાદ રસૂલુલ્લાહ ﷺએ આ આયત તિલાવત કરી : وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ﴿﴾ *(સૂ. શૂરા, ૪૨/૩૦)*

*(તિર્મિઝી કિતાબુત્તફસીર, ૫/૧૬૯, હદીષમાં–૨૨૬૩)*

હઝરત ષૌબાન رضی اللہ عنہથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : ''નેક કામોથી ઉમર વધે છે, દુઆ તક્દીરને ટાળી દે છે, અને **બેશક ! માણસને પોતાના કોઈક ગુનાહના સબબે રોજીથી વંચિત કરી દેવામાં આવે છે.** *(ઈબ્ને માજહ, કિતાબુલ ફિતન, ૩/૩૬૯, હદીષ : ૨૦૨૨)*

હઝરત હસન બસરી رضی اللہ عنہથી મરવી છે રસૂલે કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : લાકડીથી છોલાઈ જવું, પગનું ઠોકર ખાઈ જવું અને નસ (રગ)નું ફડકવું કોઈક ગુનાહના કારણે હોય છે. અને જે ગુનાહ અલ્લાહ તઆલા માફ કરી આપે છે, તે એનાથી કેટલાય અધિક હોય છે. પછી આપ ﷺએ આ આયત તિલાવત કરી : وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ وَيَعْفُوْا عَنْ كَثِيْرٍ ﴿﴾ *(સૂ. શૂરા, ૪૨/૩૦)*

*(કન્ઝુલ ઉમ્માલ, કિતાબુલ અખ્લાક઼, ૨/૩૦૨, ૮૬૬૬)*

## મુસલમાનો ! હજી કેટલી મુસીબતો જોવી છે તમારે !

હે મુસલમાનો ! તમે તમારા ઈતિહાસનો કદી અભ્યાસ કર્યો ખરો ?! હુઝૂર ﷺના એલાને નબુવ્વત પછી મુટ્ઠીભર મુસલમાનો હતા જેમને શરૂઆતમાં ખૂબ જ તકલીફો પડી પણ છતાં તેઓ દીન પર અડગ રહ્યા. હિજરત કરી મદીના શરીફ સ્થાયી થયા. પછી ક્રમે ક્રમે ફતહે મક્કા થઈ અને પછી મુટ્ઠીભર મુસલમાનો ધીરે ધીરે જગત પર છવાતા ગયા અને સહાબાએ કિરામના દૌરમાં તથા ત્યાર પછીના દૌરમાં ઈસ્લામી હુકૂમત દુનિયાભરમાં ફેલાતી ગઈ, અને સેંકડો વરસો સુધી મુસલમાનોએ અનેક દેશો ખંડો પર રાજ કર્યું અને અમ્નો શાંતિનું સામ્રાજ્ય સ્થાપ્યું. પણ જેમ જેમ મુસલમાનોના અક઼ીદા તથા અમલોમાં બગાડ પેદા થતો ગયો તેમ તેમ સત્તા તેમના હાથોએથી સરકતી ગઈ. જે સ્પેન પર ૬૦૦ વરસ મુસલમાનોએ રાજ કર્યું ત્યાંથી તેમનું નામો નિશાન મિટાવી દેવામાં આવ્યું. અને આજે દુનિયાભરમાં મુસલમાનો પડતી તથા અધોગતિની હાલતમાં તથા કફોડી સ્થિતિમાં જિંદગી જીવી રહ્યા છે. અફઘાન, ઈરાક, લીબીયા, સીરીયા વગેરે અનેક દેશોને યહૂદી ઈસાઈ સત્તાઓએ ખેદાન મેદાન કરી દીધા અને પેલેસ્ટાઈનની સ્થિતિ આપણી નજરો સમક્ષ છે. અને માદરે વતનમાં પણ આપણી હાલત શું થઈ રહી છે તે તમારી નજરોથી ઓજલ નથી !

આ સર્વ કાંઈ થવાનું પરિણામ કુર્આન તથા હદીષની રોશનીમાં જોઈએ તો આપણી ઈસ્લામથી દૂરી અને બદઆમાલીનું પરિણામ છે. તો હવે આપણે આટલેથી આંખો ખોલવી જોઈએ, અને ગુનાહોથી તૌબા કરીને એક સાચા મો'મિન તરીકે કુર્આન હદીષોના આદેશો પર જીવન જીવવા કોશિશ કરવી જોઈએ અને પેલેસ્ટાઈન તથા અન્ય જગાએ કીડા મકોડા જેમ મરી રહેલા આપણા દીની ભાઈઓ પ્રત્યે લાગણી પેદા કરી રંજમય બની આપણા અમલો સુધારીને તેઓના માટે દુઆઓ કરવી જોઈએ, આપણી દોલતોને હરામ કામોમાં કે ફુઝૂલ ઉડાડવાને બદલે એવા મો'મિનોને સહાય માટે મોકલવી જોઈએ જેઓ ભૂખે તરસે તરવરી રહ્યા છે, એ જ ઈમાનનો તકાઝો છે. અલ્લાહ સૌને તૌફીક બખ્શે. (આમીન)



www.barkatekhwaja.net



કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

આ સૂરહમાં ૧૬૫ આયતો અને ૧૨૯૩૫ અક્ષરો છે.

وَ اِذَا رَاَيْتَ الَّذِيْنَ يَخُوْضُوْنَ فِيْۤ اٰيٰتِنَا فَاَعْرِضْ عَنْهُمْ حَتّٰى
يَخُوْضُوْا فِيْ حَدِيْثٍ غَيْرِهٖ ؕ وَ اِمَّا يُنْسِيَنَّكَ الشَّيْطٰنُ فَلَا تَقْعُدْ
بَعْدَ الذِّكْرٰى مَعَ الْقَوْمِ الظّٰلِمِيْنَ ﴿۶۸﴾ وَ مَا عَلَى الَّذِيْنَ يَتَّقُوْنَ
مِنْ حِسَابِهِمْ مِّنْ شَيْءٍ وَّ لٰكِنْ ذِكْرٰى لَعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿۶۹﴾ وَ ذَرِ
الَّذِيْنَ اتَّخَذُوْا دِيْنَهُمْ لَعِبًا وَّ لَهْوًا وَّ غَرَّتْهُمُ الْحَيٰوةُ الدُّنْيَا وَ
ذَكِّرْ بِهٖۤ اَنْ تُبْسَلَ نَفْسٌۢ بِمَا كَسَبَتْ ۗ لَيْسَ لَهَا مِنْ دُوْنِ اللّٰهِ
وَلِيٌّ وَّ لَا شَفِيْعٌ ۚ وَ اِنْ تَعْدِلْ كُلَّ عَدْلٍ لَّا يُؤْخَذْ مِنْهَا ؕ اُولٰٓىِٕكَ
الَّذِيْنَ اُبْسِلُوْا بِمَا كَسَبُوْا ۚ لَهُمْ شَرَابٌ مِّنْ حَمِيْمٍ وَّ عَذَابٌ
اَلِيْمٌۢ بِمَا كَانُوْا يَكْفُرُوْنَ ﴿۷۰﴾ قُلْ اَنَدْعُوْا مِنْ دُوْنِ اللّٰهِ مَا لَا
يَنْفَعُنَا وَ لَا يَضُرُّنَا وَ نُرَدُّ عَلٰۤى اَعْقَابِنَا بَعْدَ اِذْ هَدٰىنَا اللّٰهُ
كَالَّذِي اسْتَهْوَتْهُ الشَّيٰطِيْنُ فِي الْاَرْضِ حَيْرَانَ ۪ لَهٗۤ اَصْحٰبٌ
يَّدْعُوْنَهٗۤ اِلَى الْهُدَى ائْتِنَا ؕ قُلْ اِنَّ هُدَى اللّٰهِ هُوَ الْهُدٰى ؕ وَ
اُمِرْنَا لِنُسْلِمَ لِرَبِّ الْعٰلَمِيْنَ ﴿۷۱﴾ وَ اَنْ اَقِيْمُوا الصَّلٰوةَ وَ اتَّقُوْهُ ؕ وَ
هُوَ الَّذِيْۤ اِلَيْهِ تُحْشَرُوْنَ ﴿۷۲﴾ وَ هُوَ الَّذِيْ خَلَقَ السَّمٰوٰتِ وَ
الْاَرْضَ بِالْحَقِّ ؕ وَ يَوْمَ يَقُوْلُ كُنْ فَيَكُوْنُ ۬ؕ قَوْلُهُ الْحَقُّ ؕ وَ لَهُ
الْمُلْكُ يَوْمَ يُنْفَخُ فِي الصُّوْرِ ؕ عٰلِمُ الْغَيْبِ وَ الشَّهَادَةِ ؕ وَ هُوَ
الْحَكِيْمُ الْخَبِيْرُ ﴿۷۳﴾ وَ اِذْ قَالَ اِبْرٰهِيْمُ لِاَبِيْهِ اٰزَرَ اَتَتَّخِذُ
اَصْنَامًا اٰلِهَةً ۚ اِنِّيْۤ اَرٰىكَ وَ قَوْمَكَ فِيْ ضَلٰلٍ مُّبِيْنٍ ﴿۷۴﴾ وَ كَذٰلِكَ
نُرِيْۤ اِبْرٰهِيْمَ مَلَكُوْتَ السَّمٰوٰتِ وَ الْاَرْضِ وَ لِيَكُوْنَ مِنَ
الْمُوْقِنِيْنَ ﴿۷۵﴾

• • •

## સૂરએ અનઆમની તફસીર

અને હે સાંભળનાર ! જ્યારે તું તેમને જુએ જે અમારી આયતોની ચૂંથણીમાં પડે છે,[232] તો તેમનાથી મોઢું ફેરવી લે.[233] ત્યાં સુધી કે (તેઓ) બીજી વાતમાં પડે. અને જો ક્યાંક તને શયતાન ભૂલવી દે, તો યાદ આવ્યેથી જુલ્મીઓ પાસે ન બેસ (૬૮) અને પરહેઝગારો પર તેમના હિસાબમાંથી કંઈ નથી.[234] હા ! શિખામણ આપવી, કદાચ તેઓ પાછા ફરે[235] (૬૯) અને છોડી દે તેમને જેમણે પોતાનો ધર્મ મજાક મશ્કરી બનાવી લીધો, અને તેમને દુનિયાની જિંદગીએ ફરેબ આપ્યો, અને કુર્આન દ્વારા શિખામણ આપો,[236] કે ક્યાંક કોઈ જીવ પોતાના કર્યા બદલ પકડવામાં ન આવે.[237] ખુદા સિવાય તેનો ન કોઈ તરફદાર હોય ન ભલામણ કરનાર અને જો પોતાના બદલે બદલો આપે. દરેક પ્રકારનો, તો (પણ) તેની પાસેથી સ્વીકારવામાં ન આવે. આ છે તેઓ[238] જે પોતાના કર્યા બદલ પકડાયા. તેમને પીવા ઉકળતું પાણી અને દુ:ખદાયક અઝાબ (અપાશે) બદલો તેમના કુફ્રનો (૭૦) તમે ફર્માવો,[239] 'શું અમે અલ્લાહ સિવાય તેને પૂજીએ જે અમારું ન ભલુ કરે ન બુરૂ ?[240] અને અવળા પગે પાછા કાઢવામાં આવીએ એ પછી

*કે અલ્લાહે અમને માર્ગ દેખાડયો ?[૨૪૧] તેની જેમ જેને શયતાને ધરતીમાં માર્ગ ભૂલાવ્યો.[૨૪૨] હેરાન છે, તેના સાથીદારો તેને માર્ગ તરફ બોલાવી રહ્યા છે કે આ તરફ આવ. તમે કહો, ''અલ્લાહનું માર્ગદર્શન એ જ માર્ગદર્શન છે[૨૪૩] અને અમને હુકમ છે કે અમે તેના માટે જ ગરદન નમાવી દઈએ.[૨૪૪] જે પાલનહાર બધાય જગતનો (૭૧) અને એ કે નમાઝ કાયમ રાખો અને તેનાથી ડરો. અને તે જ છે જેના તરફ તમારે ઉઠવાનુ છે (૭૨) અને તે જ છે જેણે આકાશો અને ધરતી બરાબર બનાવ્યા.[૨૪૫] અને જે દિવસે નાબૂદ થયેલી દરેક વસ્તુને કહેશે, 'થઈ જા' (તો) તે તુરત જ થઈ જશે. તેની વાત સત્ય છે. અને તેનું જ રાજ્ય છે જે દિવસે સૂર ફૂંકવામાં આવશે.[૨૪૬] દરેક છુપા અને જાહેરને જાણનાર અને તે જ છે હિકમતવાળો ખબરદાર (૭૩) અને યાદ કરો જ્યારે ઈબ્રાહીમે પોતાના પિતા[૨૪૭] આઝરને કહ્યું, ''શું તમે મૂર્તિઓને ખુદા બનાવો છો ? બેશક ! હું તમને અને તમારી કૌમને ખુલ્લી ગુમરાહીમાં જોઉં છું.[૨૪૮] (૭૪) અને એ જ રીતે અમે ઈબ્રાહીમને દેખાડીએ છીએ બધી બાદશાહી આકાશો અને ધરતીની,[૨૪૯] અને એટલા માટે કે તેઓ ઐનુલ યકીનવાળાઓમાં બની જાય[૨૫૦] (૭૫)*

## :: સમજૂતી ::

**૨૩૨ :** ઠઠ્ઠા મશ્કરી અને મહેણાં ટોણાંની રીતે.

**૨૩૩ :** અને તેમની સાથેની બેઠક ઉઠક છોડી દે.

**મસ્અલો :** આ આયતથી જણાયું કે અધર્મીઓની જે બેઠકમાં દીન ધર્મનો મોભો ન જળવાતો હોય, ત્યાં મુસલમાન માટે બેસવું જાઈઝ નથી. આનાથી સાબિત થયું કે કાફિરો અને અધર્મીઓના જલસા જાઈઝ નથી. અને તેમને રદીયો આપવા કે સત્ય જાહેર કરવા જવું, એ તેમની સાથેની બેઠક ન ગણાય, કારણ કે એ તો સત્યોચ્ચાર છે જે મના નથી. જેમ કે આગળની આયતથી સ્પષ્ટ છે.

**૨૩૪ :** અર્થાત મજાક મશ્કરી કરનારાઓના ગુનાહ તેમના જ શિરે છે. તેમની પાસેથી જ એમનો હિસાબ લેવાશે. પરહેઝગારો પાસેથી નહીં.

**શાને નુઝૂલ :** મુસલમાનોએ કહ્યું હતું કે જો અમે એમને છોડી દઈએ અને ન રોકીએ તો અમને ગુનેહગાર થવાનો ડર છે, ત્યારે. આ આયત ઉતરી.

**૨૩૫ મસ્અલો :** આયતથી જણાયું કે શિખામણ આપવા અને સત્યોચ્ચાર ખાતર તેમની પાસે બેસવું જાઈઝ છે.

**૨૩૬ :** અને શરીઅતના હુકમો બતાવો.

**૨૩૭ :** અને પોતાના ગુનાહિત કાર્યોથી દોઝખના અઝાબમાં ન સપડાવ.

**૨૩૮ :** ધર્મને ઠઠ્ઠા મશ્કરી બનાવનાર અને દુનિયાના આશિકો.

**૨૩૯ :** હે મુસ્તફા ﷺ ! એ મુશ્રિકોને, જેઓ પોતાના પૂર્વજોના ધર્મનું નિમંત્રણ આપે છે.

**૨૪૦ :** અને તેની પાસે કશી સત્તા નથી.

**૨૪૧ :** અને ઈસ્લામ તેમજ તવહીદની નેઅમત આપી, અને મૂર્તિપૂજાના અતિ ખરાબ પરિણામથી બચાવ્યા.

**૨૪૨ :** આ આયતમાં સત્ય અને અસત્ય તરફ બોલાવનારાઓનું એક દ્રષ્ટાંત વર્ણવવામાં આવ્યું છે કે જેવી રીતે એક મુસાફર પોતાના સાથીદારો સાથે હતો. જંગલમાં ભૂતો અને શયતાનોએ તેને માર્ગ ભૂલાવી દીધો, અને કહ્યું કે નિર્ધારેલ ઠેકાણાનો આ જ રસ્તો છે. અને તેના સાથીદારો તેને સાચા રસ્તા તરફ બોલાવવા લાગ્યા, પેલો હેરાન થઈ ગયો કે કઈ તરફ

જાય ? પરિણામ તેનું એ જ આવશે જો તે ભૂતોના રસ્તે જશે તો નાશ પામશે, સાથીદારોનું કહ્યું માનશે તો સલામત રહેશે, અને ઠેકાણા પર પહોંચી જશે.

આવી જ હાલત તે માણસની છે જે ઈસ્લામના માર્ગથી ભટકયો, અને શયતાનના રસ્તે ચાલ્યો. મુસ્લિમો તેને સીધા માર્ગ તરફ બોલાવી રહ્યા છે. જો તેમની વાત માનશે તો સફળ થશે, નહીં તો બરબાદ થશે.

**૨૪૩ :** અર્થાત જે રસ્તો અલ્લાહ તઆલાએ પોતાના બંદાઓ માટે સ્પષ્ટ કર્યો, અને જે ધર્મ (ઈસ્લામ) તેમના માટે નક્કી કર્યો તે જ હિદાયત અને પ્રકાશ છે, અને જે એ સિવાય છે તે અધર્મ છે.

**૨૪૪ :** અને તેની જ આજ્ઞાંકિતતા અને ફર્માબરદારી કરીએ, અને ખાસ તેની જ ઈબાદત કરીએ.

**૨૪૫ :** જેનાથી એનું સંપૂર્ણ શક્તિ, અને તેનું સમગ્ર કાએનાતને ઘેરી વળેલુ ઈલ્મ, અને તેના રહસ્યો તેમજ કારીગીરી જાહેર થાય છે.

**૨૪૬ :** કે નામનો પણ કોઈ રાજ્યનો દાવો કરનાર નહીં હોય, બધા જુલ્મી શાસકો અને દુનિયાની સલ્તનતનું ઘમંડ રાખનારાઓ જોશે કે દુનિયામાં તેઓ જે રાજ્યનો દાવો લઈને ફરતા હતા તે અસત્ય હતો.

**૨૪૭ :** "કામુસ"માં છે આઝર, હઝરત ઈબ્રાહીમ علیہ السلامના કાકાનું નામ હતું. ઈમામ જલાલુદીન સુયૂતિએ પણ 'મસાલિકુલ હુનફા'માં એવું જ લખ્યું છે. કાકાને બાપ કહેવાનો રિવાજ બધા દેશોમાં પ્રચલિત છે. (જેમ કે ભારતમાં બાપના મોટા ભાઈને 'મોટાબા' કહેવામાં આવે છે ખાસ કરીને અરબસ્તાનમાં, કુર્આન શરીફમાં છે,

نَعْبُدُ اِلٰهَكَ وَاِلٰهَ اٰبَآئِكَ اِبْرٰهٖمَ وَاِسْمٰعِیْلَ وَاِسْحٰقَ اِلٰهًا وَّاحِدًا ۚۖ

આ આયતમાં હઝરત ઈસ્માઈલને હઝરત યઅકૂબના બાપ ગણવામાં આવ્યા છે, અને આપ તો એમના કાકા હતા. હદીષ શરીફમાં પણ હુઝૂર صلی اللہ علیہ وسلمએ હઝરત અબ્બાસ رضی اللہ عنہને 'અબ' (બાપ) કહ્યા છે. જેમ કે ફર્માવ્યું છે رُدُّوْا عَلَیَّ اَبِیْ (મારા બાપને મારી પાસે લાવો) અને અહીં અબી (મારા બાપ) હઝરત અબ્બાસને કહેવાયું છે. (જે આપના કાકા હતા) *(મુફરેદાતે રાગિબ અને કબીર વગેરે)*

**૨૪૮ :** આ આયતમાં અરબસ્તાનના મુશ્રિકો માટે દલીલ છે, જેઓ હઝરત ઈબ્રાહીમ علیہ السلامને ઈજ્જતની નઝરે જોતા હતા, અને તેમની શ્રેષ્ઠતાને માનતા હતા. તેમને જણાવવામાં આવે છે કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام મૂર્તિપૂજાને કેટલી મોટી ઐબ અને ગુમરાહી કહે છે. જો તમે તેમને માનતા હોવ તો તમે પણ મૂર્તિપૂજા ત્યજી દો.

**૨૪૯ :** અર્થાત જેવી રીતે હઝરત ઈબ્રાહીમ علیہ السلامને ધર્મ વિશે દ્રષ્ટિ આપી તેવી જ રીતે તેમને આકાશો અને ધરતીનું રાજ્ય દેખાડીએ છીએ.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماએ કહ્યું, એનાથી આકાશ અને પૃથ્વીની મખ્લૂક મુરાદ છે. મુજાહિદ અને સઈદ બિન ઝુબેર કહે છે કે, જમીન અને આસ્માનની (અજબ) નિશાનીઓ મુરાદ છે. એ આપના માટે આસ્માનો ઉઘાડાં કરી દેવામાં આવ્યાં, એટલે સુધી કે આપે અર્શ, કુર્સી આસ્માનોની બધી અજબ વસ્તુઓ અને જન્નતમાં પોતાની જગ્યાને પણ જોઈ લીધી. પછી આપના માટે ધરતી ખોલી નાખવામાં આવી, એટલે સુધી કે આપે તદ્દન નીચેની જમીન સુધી દ્રષ્ટિ કરી અને જમીનની અજબ વસ્તુઓ નિહાળી.

તફસીરકારોનો એમાં મતભેદ છે કે આ જોવાનું આંતરિક ચક્ષુઓ (બાતિની આંખ) દ્વારા હતું કે માથાની આંખો વતી. (દુર્રે મન્સૂર, ખાઝિન વગેરે)

**૨૫૦ :** કારણ કે દરેક જાહેર અને છુપી વસ્તુ એમની સામે કરી દેવામાં આવી, અને મખ્લૂકના આમાલમાંથી કશું એમનાથી છુપું ન રહ્યું.

• • •

www.barkatekhwaja.net

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત (ભાગ-૨)

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી **અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની** رحمۃ اللہ علیہ
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)*

## باب التشهد

## બાબુત્તશહહુદ[1] (અત્તહિય્યાત વિશે બયાન)

**૧.** શબ્દકોશમાં તશહહુદનો અર્થ છે, ગવાહ બનવું કે ગવાહી આપવું. ઉર્દૂમાં કલ્મએ શહાદત પઢવું પણ શરીઅતમાં અત્તહિય્યાતને તશહહુદ કહેવામાં આવે છે. કેમ કે એમાં તૌહીદ તથા રિસાલતની ગવાહી હોય છે. યાદ રાખશો કે اَلتَّحِيَّاتُ એ કલામનો સમૂહ છે જે મેઅરાજની રાત્રે કુર્બે હુઝૂરીમાં રબ તથા મહબૂબના દરમિયાન થયો. પ્રથમ હુઝૂરે અર્ઝ કર્યું : اَلتَّحِيَّاتُ لِلّٰهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ રબની તરફથી ઈર્શાદ થયો : اَلسَّلَامُ عَلَيْكَ اَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللّٰهِ وَبَرَكَاتُهٗ મહબૂબ ﷺએ જવાબમાં અર્ઝ કર્યું : اَلسَّلَامُ عَلَيْنَا وَعَلٰى عِبَادِ اللّٰهِ الصَّالِحِيْنَ આ બંને પ્રકારના કલામોને નમાઝી અદા કરીને અલ્લાહની તૌહીદ તથા હુઝૂર ﷺની રિસાલતની ગવાહી આપે છે. પરંતું નમાઝી અત્તહિય્યાત પઢતી વખતે મેઅરાજની આ વાતચીતની નકલની નિય્યત ન કરે બલ્કે ખુદ બારગાહે ઈલાહીમાં તહિય્યત અને બારગાહે રિસાલતમાં સલામ અર્ઝ કરવાની નિય્યત કરે. (શામી) જેવી રીતે તકબીરે તશરીક હઝરત જિબ્રઈલ, હઝરત ખલીલ, હઝરત ઈસ્માઈલનાં કલામોનો સમૂહ છે કે જ્યારે હઝરત જિબ્રઈલ જન્નતથી દુંબો લઈને હાજર થયા, આ બાજુ ખલીલ પોતાના લખ્તે જિગરને ઝબહ કરી રહ્યા હતા તો ઉપરથી પોકાર્યું, "અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર !" હઝરત ખલીલે ઉપર જોયું તો જિબ્રઈલને આવતા જોઈને ફર્માવ્યું, લાઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર ! પછી પરવરદિગારના હુકમથી હઝરત ઈસ્માઈલના હાથ પગો ખોલ્યા અને કુર્બાનીની ક઼બૂલિયતની બશારત આપી તો આપે ફર્માવ્યું, લિલ્લાહિલ્ હ઼મ્દ ! પણ હવે તકબીરે તશરીક કહેનારો ત્યાંની નક઼લની નિય્યત ન કરે બલ્કે પોતાના તરફથી ઝિક્રે ઈલાહીની નિય્યત કરે.

*"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે અત્તહિય્યાતમાં બેસતા તો પોતાનો ડાબો હાથ ડાબા ગુઠણ પર રાખતા અને જમણો હાથ જમણા ગુઠણ પર.[1] અને ત્રેપન (૫૩)નો અક઼્દ બાંધતા અને કલમાની આંગળીથી ઈશારો કરતા[2]."*

**૧.** એ રીતે કે હથેળીઓ તો જાંગો પર રહેતી અને આંગળીઓના કિનારા ગુઠણો પર. હાથો વડે ગુઠણો પકડવા મુરાદ નથી, કેમ કે અત્તહિય્યાતમાં સર્વ આંગળીઓની દિશા કાબા મોઅઝ્ઝમા તરફ જોઈએ. યાદ રાખશો કે નમાઝની દરેક બેઠક આવી જ હોવી જોઈએ, ચાહે સજદાઓ વચ્ચેનો જલસો હોય કે અત્તહિય્યાતનો ક઼ાઈદો હોય. અહીં અત્તહિય્યાતનો ઉલ્લેખ એહતેરાઝી નથી જેથી આ હદીષ અન્ય હદીષોની વિરૂધ્ધ નથી.

**૨.** એટલે કે અત્તહિય્યાતમાં તૌહીદની શહાદત વખતે જમણા હાથથી એ રીતે ઈશારો કરતા કે અંગૂઠાનો કિનારો કલમાની આંગળીના મૂળમાં લગાડતા અને ત્રણ આંગળીઓ બંધ કરી લેતા આ ત્રેપન (૫૩)નો અક઼્દ થયો, અને

કલમાની આંગળી ઉપર ઉઠાવતા અને ઈલ્લલ્લાહ પર પાડી દેતા. આ તફસીલ અન્ય હદીષોમાં આવેલી છે. યાદ રાખશો કે આ ઈશારાના વિશે વિવિધ રિવાયતો આવેલી છે. અહી ત્રેપન (૫૩)નો અક્દ વર્ણન થયેલ છે. અમુકમાં છે કે આંગળીઓ બંધ કરી લેતા અને અંગૂઠો તથા વચલી આંગળીનું વર્તુળ બનાવતા અને કલમાની આંગળીથી ઈશારો કરતા. જાણવા મળે છે કે ક્યારેક આ રીતે કરતા તો ક્યારેક પેલી રીતે કરતા, જેથી હદીષોમાં ટકરાવ નથી. હનફીઓને ત્યાં વર્તુળવાળી હદીષ પર અમલ છે જે હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત થયેલ છે.

*અને એક રિવાયતમાં છે કે જ્યારે નમાઝમાં બેસતા તો બંનેવ હાથ બંનેવ ગુઠણો પર રાખતા અને પોતાની જમણી આંગળી જે અંગૂઠાથી મળી છે તેને ઉઠાવતા, એનાથી ઈશારો કરતા.[૧] અને પોતાનો ડાબો હાથ ગુઠણ પર બિછાવતા.[૨]" (મુસ્લિમ)*

**૧.** એ રીતે ઝબાનથી ફર્માવતા : લાઈલાહ ઈલ્લલ્લાહ અને એ આંગળી ઉઠાવીને તૌહીદનો ઈશારો કરતા જેથી કૌલી રીતે તથા અમલી રીતે તૌહીદની ગવાહી થાય. અને ઈશારો કરી હાથ બિછાવી દેતા જેથી આંગળીઓ કિબ્લા રૂ રહે.

**૨.** એટલે કે ડાબો હાથ શરૂથી છેવટ સુધી બિછાવેલો રાખતા. એ હાથ વડે ન આંગળીઓનું વર્તુળ બનાવત કે ન ઈશારો કરતા.

*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબૈર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺ જ્યારે બેસતા તો કલમો પઢતા.[૧] તો પોતાનો જમણો હાથ પોતાની જમણી જાંગ પર રાખતા અને ડાબો હાથ ડાબી જાંગ પર.[૨] અને પોતાની કલમાની આંગળી વડે ઈશારો કરતા અને પોતાનો અંગૂઠો વચલી આંગળી પર રાખતા[૩] અને ડાબી હથેળી વડે ગુઠણ પકડી લેતા.[૪]" (મુસ્લિમ)*

**૧.** અહીં દુઆથી મુરાદ શહાદતનો કલમો છે. જેમ કે હદીષ શરીફમાં છે કે અરફાના દિવસે બેહતરીન દુઆ કલમએ તૈયેબહ છે. એટલે કે હુઝૂર ﷺ નમાઝમાં જ્યારે બેસતા તો અત્તહિય્યાત પઢતા અને કલ્મએ તયબહ પઢતા. યાદ રાખશો કે નમાઝમાં જ્યારે બેસવું પડે ત્યારે અત્તહિય્યાત પઢે. જેથી **જો કોઈ અત્તહિય્યાતમાં જમાઅતમાં જોડાયો અને તેના જોડાતા જ ઈમામ ઉભો થઈ ગયો તો એ શખ્સ પૂરી અત્તહિય્યાત વરસૂલુહ સુધી પઢીને ઉઠે.** આ મસ્અલાનો માખઝ આ હદીષ છે.

**૨.** આ પાછલી હદીષની શરહ છે જેમાં હતું કે હુઝૂર કાઈદામાં ગુઠણો પર હાથ રાખતા હતા. એણે બતાવ્યું કે હાથ જાંગો પર રાખતા. આંગળીઓના કિનારા ગુઠણો પર.

**૩.** એટલે કે અંગૂઠા અને વચ્ચેની આંગળીનું વર્તુળ બનાવીને ઈશારો કરતા, જેવો કે આપણે હનફીઓનો અમલ છે.

**૪.** એ રીતે કે ડાબો ગુઠણ ડાબી હથેળીમાં એવી રીતે જતો જેવી રીતે મોમાં લુકમો.

**૫.** યાદ રાખશો કે હુઝૂરનો આ અમલ જાઈઝ હોવાના વર્ણન માટે છે અને પ્રથમ હદીષનો અમલ અત્તહિય્યાતના બયાનના માટે હતો. એટલે કે બંનેવ હાથ બંનેવ જાંગો પર બિછાવી દેવા બેહતર છે જેથી બંનેવ હાથોની આંગળીઓ કિબ્લા તરફ રહે અને ડાબો ગુઠણ ડાબા હાથથી પકડી લેવો જાઈઝ છે. જેથી ન તો હદીષોમાં ટકરાવ છે અને ન મુસલમાનોના અમલ આ હદીષની વિરૂધ્ધ છે. એ પણ યાદ રાખશો કે આ ઈશારો કેવળ કલમએ શહાદત પર હતો જે કલમો ખત્મ થતાં ખત્મ થઈ જતો હતો. શરૂથી હાથ બિછાવેલો રહેતો પછી બાદમાં પણ બિછાવી દેવામાં આવતો જેથી આગળીઓ કિબ્લાની તરફ રહે.

*''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم ની સાથે નમાઝ પઢતા.[૧] તો કહેતા હતા[૨] અલ્લાહના બંદાઓની તરફથી અલ્લાહ પર સલામ થાય.[૩] જિબ્રઈલ પર સલામ થાય, મીકાઈલ પર સલામ થાય, ફલાણા પર સલામ થાય.[૪] જ્યારે નબી صلی اللہ علیہ وسلم ફર્યા તો પોતાના ચહેરા થકી અમારા પ્રતિ ધ્યાનિત થયા[૫] અને ફર્માવ્યું, ન કહો કે અલ્લાહ પર સલામ થાય, અલ્લાહ તો ખુદ સલામ છે.[૬] જ્યારે કોઈ તમારાથી નમાઝમાં બેસે તો કહે[૭] કે અલ્લાહના માટે તહિય્યતો (પાકીઓ), નમાઝો અને પાક કલમા છે.[૮] હે નબી ! આપના પર સલામ થાય, અલ્લાહની રહમતો તથા બરકતો થાય[૯] અમારા પર અને અલ્લાહના નેક બંદાઓ પર સલામ થાય[૧૦] નમાઝી જ્યારે આવું કહેશે તો જમીન તથા આસ્માનના દરેક નેક બંદાઓને પહોંચી જશે.[૧૧] હું ગવાહી આપુ છુંકે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે હુઝૂર મુહમ્મદ صلی اللہ علیہ وسلم તેના બંદા તથા રસૂલ છે[૧૨] પછી જે દુઆ એને પસંદ હોય, અપનાવી લે અને તેનાથી દુઆ માગે.[૧૩]'' (મુસ્લિમ, બુખારી)*

**૧.** જો આ બનાવ મેઅરાજથી પહેલાંનો છે, ત્યારે તો એ મતલબ થશે કે નબી صلی اللہ علیہ وسلم પોતાના ઈજતેહાદથી નમાઝ પઢતા હતા અને સહાબા પણ હુઝૂરની સાથે એ ઈબાદતમાં મશગૂલ થતા હતા. અને પોતાના ઈજતેહાદથી અત્તહિય્યાતને બદલે એને પઢયા કરતા હતા. જ્યારે મેઅરાજથી પરત થયા આપે આ અત્તહિય્યાતની તાલીમ આપી જે આગળ આવી રહી છે. એટલે કે લોકો ! નમાઝ તમારી મેઅરાજ છે, તો હું મેઅરાજમાં રબથી જે વાતચીત કરીને આવ્યો, તમો પણ નમાઝમાં એ જ કર્યા કરો. અને જો મેઅરાજના બાદનો બનાવ છે તો મતલબ એ છે કે શરૂમાં અત્તહિય્યાતની તાલીમ આપવામાં આવી ન હતી. સહાબા પોતાના ઈજતેહાદથી કાંઈક કલમા કહી લીધા કરતા હતા. એ જ દિવસે નમાઝથી ફારિગ થઈને આ اَلتَّحِیَّاتُ ની તાલીમ આપી. *(મિર્કાત)*

**૨.** નમાઝના બંનેવ કાઈદાઓમાં.

**૩.** એટલે કે અમો બંદાઓ બારગાહે ઈલાહીમાં નિયાઝમંદાના સલામ પેશ કરીએ છીએ. તેઓ એવું સમજે છે કે જેવી રીતે બાદશાહોના દરબારમાં સલામ કરવી દરબારનો અદબ છે એવી જ રીતે બારગાહે ઈલાહીમાં સલામ પેશ કરવી ત્યાંનો અદબ છે.

**૪.** ફલાણાથી મુરાદ બાકીના ફરિશ્તા છે અથવા ખાસ અંબિયાએ કિરામ.

**૫.** اِنْصَرَفَ 'અન્સરફ'નો અર્થ ક્યાં તો એ છે કે આપ મેઅરાજથી પરત થયા તો અમો સૌની સામે વઅઝ ફર્માવી, અથવા એ મતલબ છે કે એક દિવસે નમાઝથી ફારિગ થઈને આ ઈર્શાદ ફર્માવ્યો. *(મિર્કાત)*

**૬.** એટલે કે સલામ એક પ્રકારની દુઆ છે એ રબને લાયક નથી. રબ તમામ અયબથી પાક, દરેક આફતથી દૂર છે અને સૌને સલામત રાખનારો છે. એટલા માટે એક દુઆમાં ફર્માવ્યું : اَللّٰهُمَّ اَنْتَ السَّلَامُ (અલ્લાહુમ્મ અન્તસ્સલામ) ''ઈલાહી ! તું સલામત રાખનારો છે.''

**૭.** لِیَقُلْ 'લયકૂલ' એ અમ્રનો સેગો છે અને અમ્ર વાજિબ હોવાના માટે આવે છે. જેનાથી જાણવા મળ્યું કે નમાઝમાં અત્તહિય્યાત વાજિબ છે. وَاِذَا جَلَسَ ના ઉમૂમ (સામાન્યપણા)થી જાણવા મળ્યું કે નમાઝમાં જ્યારે પણ બેસે, અત્તહિય્યાત પઢે, ચાહે ઈમામને તાબે થઈને બેસે અથવા ખુદ તેણે બેસવાનું હોય. **જેથી જો કોઈ ઈમામની સાથે અત્તહિય્યાતમાં મળે અને તેના બેસતાં જ ઈમામ ઉભો થઈ જાય અથવા સલામ ફેરવી દે તો અત્તહિય્યાત**



www.barkatekhwaja.net

**પૂરી કરીને ઉભો થાય.** જેથી આ હદીષ હનફીઓના ઘણા બધા મસાઈલનો માખઝ છે. જ્યારે અત્તહિય્યાત વાજિબ થઈ તો એના રહી જવા પર સજદએ સહ્વ વાજિબ થયો. જેવો કે નમાઝના વાજિબોનો હુકમ છે.

**૮.** એ ત્રણ કલમાઓની શરહો ઘણી છે. હઝરત શયખે ફર્માવ્યું કે તહિય્યતથી મુરાદ ક઼ૌલી ઈબાદતો છે. સલવાતથી મુરાદ શારીરિક ઈબાદતો અને તૈયિબાતથી મુરાદ માલી ઈબાદતો છે. મતલબ એ છે કે દરેક પ્રકારની ઈબાદતો અલ્લાહથી ખાસ છે. કેમ કે એ ત્રણેવ ઈબાદતોમાંથી દરેકના હજારો પ્રકારો છે. તેમજ દરેક શખ્સની ઈબાદત અલગ અલગ છે. એટલા માટે એ ત્રણેવને ભેગી કરવામાં આવી. યાદ રાખશો કે તહિય્યતનો શબ્દ જ્યારે બંદાના માટે વપરાશે તો એનો અર્થ થશે મુલાકાતના સમયનો કલામ (વાતચીત) અથવા કામ. એ જ પ્રમાણે સલાત બંદાઓના માટે રહમતોના અર્થમાં હોય છે. જેમ કે أُولَٰئِكَ عَلَيْهِمْ صَلَوَاتٌ مِّن رَّبِّهِمْ.

**૯.** આ જગ્યાએ મિર્ક઼ાતે ફર્માવ્યું કે મેઅરાજની રાત્રે પ્રથમ ત્રણ કલમાઓ હુઝૂરે બારગાહે ઈલાહીમાં પેશ કર્યા. પછી અસ્સલામુ અલૈકથી છેવટ સુધી રબની તરફથી હુઝૂરને સંબોધન થયું. પછી اَلسَّلَامُ عَلَيْنَا۔۔الخ થી છેવટ સુધી હુઝૂરે જવાબમાં અર્ઝ કર્યું. પછી અશ્હદુ છેવટ સુધી જિબ્રઈલે અમીને અર્ઝ કર્યું. કેમ કે નમાઝ પણ મુસલમાનોની મેઅરાજ છે એટલા માટે એમાં સર્વ કલમા એકત્ર કરી દેવામાં આવ્યા. તેમજ શયખે અશિઅતુલ લમ્આતમાં, ઈમામ ગિઝાલીએ અહયાઉલ ઉલૂમમાં, મુલ્લા અલી ક઼ારીએ મિર્ક઼ાતમાં ફર્માવ્યું કે **અસ્સલામુ અલૈક પર દરેક નમાઝી પોતાના દિલમાં હુઝૂરને હાજર જાણે અને એવું જાણીને સલામ અર્ઝ કરે કે હું હુઝૂરને સલામ અર્ઝ કરી રહ્યો છું, હુઝૂર મને જવાબ આપી રહ્યા છે.** શયખે ફર્માવ્યું કે અમુક આરિફોનો ઈર્શાદ છે કે હક઼ીક઼તે મુહમ્મદિયહ તમામ મૌજૂદાત બલ્કે મુમ્કિનાતમાં છવાયેલી તથા સમાયેલી છે એટલા માટે નમાઝમાં પણ મૌજૂદ છે. જેથી સંબોધન અસ્સલામુ અલૈક ખૂબ જ યોગ્ય છે. આ મઝમૂન અહલે હદીષના પેશવા નવાબ સિદ્દીક઼ હસનખાં ભોપાલીએ પણ પોતાની અમુક કિતાબોમાં લખ્યું છે. આનાથી હાઝિર નાઝિરનો મસ્અલો સારી રીતે સ્પષ્ટ થઈ ગયો. કેમ કે ગાઈબને, ગાફિલને અને જે જવાબ ન દે તેને સલામ કરવી મના છે. એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક઼ ભાગ–૧માં જુઓ.

**૧૦.** એટલે કે જમીન તથા આસ્માનમાં ગાઈબ તથા હાજિર, થઈ ગયેલ હાલનાં સર્વ નેક બંદાઓ પર સલામ. કેમ કે એ સૌ બંદાઓ સાંભળી નથી રહ્યા, એટલા માટે અહીં સંબોધન નથી. નેક બંદો તે છે જે બંદાપણાનો હક્ક઼ અદા કરે અને એના પર ક઼ાઈમ રહે.

**૧૧.** આ પરથી જાણવા મળ્યું કે **હમેશાં દુઆ વગેરેમાં સર્વ મો'મિનોને સામેલ કરવા જોઈએ, તો ઈન્શાઅલ્લાહ ! દુઆ જરૂર ક઼બૂલ થશે.** યાદ રાખશો કે અહીં ગુનેહગાર બંદાઓનું વર્ણન આવ્યું, કેમ કે તે અલૈના જમાની (બહુવચનની) ઝમીરમાં દાખલ કરી લેવામાં આવ્યા. હુઝૂર પોતાના ગુનેહગારોને પોતાના દામનમાં રાખે છે.

**૧૨.** જાહેર એ છે કે નબી ﷺ પણ અત્તહિય્યાતમાં શહાદતો આ જ પ્રમાણે અદા કરતા હતા.

**૧૩.** બેહતર એ છે કે આ મોક઼ા પર મન્કુલી દુઆઓ ખાસ કરીને જામેઅ દુઆઓ માગવામાં આવે. જેમ કે રબ્બના આતિના ફિદુન્યા.... આ હદીષથી જાણવા મળ્યું કે નમાઝમાં દુરૂદે ઈબ્રાહીમી પઢવું ફર્ઝ નથી. એ જ હનફીઓનો ક઼ૌલ છે અને આ હદીષ એમની દલીલ છે.

## શરહે હ઼દાઈક઼ે બખ્શિશ
ભાગ-૨

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**યાં ભી દાગ઼ે સજદએ તયબહ હૈ તમગા નૂર કા**
**અય ક઼મર કયા તેરે હી માથે હૈ ટીકા નૂર કા**

*(દાગ = નિશાન. તમગા = ઈજ્જતનું નિશાન જે ઈનામરૂપે મળે છે જેમ કે નિશાને હૈદર. ક઼મર = ચાંદ ટીકા = પેશાનીનું નૂર)*

**અર્થાત :** હે ચાંદ ! તારી પેશાની પર જે દાગ છે એની શું હૈસિયત ?! એ દાગની સામે સજદો કરતાં કરતાં મદીનાની ઝિયારત કરનારાઓની પેશાની પર નૂરાની મેહરાબ બને છે. سِیْمَاهُمْ فِیْ وُجُوْهِهِمْ مِّنْ اَثَرِ السُّجُوْدِ "એમની નિશાની એમના ચહેરાઓમાં છે સિજદાઓના નિશાનથી." *(સૂ. ફતહ, ૪૮/૨૯)*

આ નૂરાની ઈનામ અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺના ગુલામોને અતા કર્યું.

**શમ્અસાં એક એક પરવાના હૈ ઈસ બા નૂર કા**
**નૂરે હક઼્ક઼ સે લવ લગાએ દિલમેં રિશ્તા નૂર કા**

*(સાં = ની જેમ. બા નૂર = નૂરવાળા. લવ = સંબંધ)*

**અર્થાત :** તમામ અંબિયાએ કિરામ علیہم السلامના દીનોની શમ્અઓ હુઝૂર ﷺના દીને ઈસ્લામની શમ્અની પરવાના સાબિત થઈ (જેવી રીતે પરવાના શમ્અ પર કુર્બાન થઈ જાય છે એ જ પ્રમાણે દીને ઈસ્લામ પર તમામ દીનો કુર્બાન થઈને મન્સૂખ થઈ ગયા) અને હુઝૂર ﷺનું નૂર, નૂરે ખુદાથી લવ લગાડેલ છે અને દિલી સંબંધ પેદા કરેલ છે.

**અંજુમનવાલે હૈં અંજુમ બઝમે હલકા નૂર કા**
**ચાંદ પર તારોંકે ઝુરમરસે હૈ હાલા નૂર કા**

*(અંજુમન = મેહફિલ. અંજુમ = તારાઓ. બઝ્મ = મેહફિલ, હલકા = વર્તુળ. ઝુરમુર = ભીડ. હાલા = વરસાદની ઋતુમાં ચાંદની આસપાસ બનતુ રંગબેરંગી વર્તુળ)*

આપ ﷺની મેહફિલનો રંગ કેવો નિરાળો રહેતો હતો કે :

*યૂં નઝર આતે થે અપને દોસ્તોંમેં મુસ્તફા–જિસ તરહ હૈ આસ્માં પે ચાંદ તારોં મેં ઘિરા*

આપના સહાબાએ કિરામ આપ ﷺની આસપાસ એવું વર્તુળ બનાવીને બેસતા કે જેવી રીતે ચાંદની આસપાસ મેઘધનુષનું વર્તુળ ચાંદને ઘેરેલ હોય છે.

હુઝૂર ﷺએ પોતાના સહાબાએ કિરામને હિદાયતના તારાઓ ઠરાવેલ છે. اصحابی کالنجوم فبایھم اقتدیتم اھتدیتم "મારા સહાબીઓ તારાઓની જેમ છે જેની પણ પયરવી કરશો હિદાયત પામશો."

*જિસ વક્ત મેહફિલમેં થે ઉન્કી બૂ બક્રો ઉમર વ ઉષ્માનો અલી*
*ઉસ વક્ત રસૂલે અકરમ કે દરબાર કા આલમ ક્યા હોગા*

**તેરી નસ્લે પાક મેં હૈ બચ્ચા બચ્ચા નૂર કા**
**તૂ હૈ અયને નૂર તેરા સબ ઘરના નૂર કા**

**અર્થાત :** યા રસૂલલ્લાહ ! યા નૂરલ્લાહ ! ﷺ આપની તથા આપના ખાનદાનની કોણ અઝમત વર્ણન કરી શકે છે. આપ ખુદ નૂરૂન અલા નૂર છે. આપની નસ્લે પાકનો દરેકે દરેક બાળક નૂર છે બલ્કે આપનું સર્વ ઘરાનુ જ નૂર છે.

**નૂર કી સરકાર સે પાયા દો શાલા નૂર કા**
**હો મુબારક તુમકો ઝૂન્નૂરૈન જોળા નૂર કા**
*(ઝૂન્નુરૈન = બે નૂરવાળા એટલે હઝરત ઉષ્માન ગની )*

**અર્થાત :** હે બે નૂરોવાળા પ્યારા ઉષ્માન ગની ! رضی اللہ عنہ આપને ખૂબ ખૂબ મુબારક થાય કે આપે નૂરવાળા આક઼ા ﷺની બારગાહથી નૂરની બે ચાદરો (આપ ﷺની બે સાહબઝાદીઓને પોતાના નિકાહમાં) લેવાનો શરફ હાંસલ કર્યો.

હઝરત રુકૈયા તથા કુલ્ષૂમ رضی اللہ عنہا હુઝૂર ﷺની બે સાહબઝાદીઓ વારાફરતી હઝરત ઉષ્માનગની رضی اللہ عنہના નિકાહમાં આવી અને સૌથી પ્રથમ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہએ આ શબ્દોની સાથે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہને મુબારકબાદ આપી : نلت من صهر مالم ينالا આપ ﷺથી ઉષ્માન ગનીને એ રુત્બો મળ્યો જે અન્ય જમાઈ હાંસલ ન કરી શકયા કે આદમ علیہ السلامથી લઈને હુઝૂર ﷺ સુધી કોઈ નબીની બે પુત્રીઓ આપના સિવાય કોઈના નિકાહમાં ન આવી. અને આપના નિકાહમાં કેવળ નબીની જ નહીં બલ્કે ઈમામુલ અંબિયા ﷺની બે સાહબઝાદીઓ આવી છે. નૂરના મુન્કિરો પણ ઉષ્માન ગની رضی اللہ عنہને ઝૂન્નૂરૈન (બે નૂરવાળા) કહીને યાદ કરે છે !

**કિસકે પર્દેને કિયા આઈના અંધા નૂર કા**
**માંગતા ફિરતા હૈ આંખેં હર નગીના નૂર કા**

**અર્થાત :** આપ ﷺના પર્દો ફર્માવી જવાથી નૂરનો ચમકાર આઈનો ઝંખવાઈ ગયો. એકવાર જમાના પર ક઼યામત તૂટી પડી. દરેક નગીનો નૂરની શોધમાં માર્યો માર્યો ફરવા લાગ્યો.

હઝરત ફાતિમા ઝહરા رضی اللہ عنہا જેવી, સાબિરોની સરદારની મા તથા જન્નતી સ્ત્રીઓની સરદાર પોકારી ઉઠી : صبت علی مصائب لو انها۔صبت علی الایام صرن لیالیا ''મારા પર એવી મુસીબતો તૂટી પડી કે જો દિવસો પર નાઝિલ થાત તો દિવસો રાત બની જાત.

**અબ કહાં વો તાબિશેં કૈસા વો તળકા નૂર કા**
**મહરને છુપ કર કિયા ખાસા ધુંદલકા નૂર કા**
*(તાબિશેં = રોશનીઓ. તળક઼ા = સુબ્હ સાદિક઼ે જ્યારે પોહ ફાટે છે. ધુંદલકા = સૂર્યાસ્ત પછીની કાળાશ)*

**અર્થાત :** તે રોશનીઓ તથા નૂરની સવારોનું અજવાળુ જે નબુવ્વતના આસમાનના સૂરજના પર્દો ફર્માવવાની સાથે જ રોઝાએ અન્વરમાં ચાલ્યો ગયો અને આપ ﷺના જાહેરી જલ્વાઓથી ક઼ાઈનાત મેહરૂમ થઈ ગઈ અને એકદમ અંધારા જેવું છવાઈ ગયું. જો કે બાતિની ફયઝો હમેશાં જારી રહેશે.

www.barkatekhwaja.net

**તુમ મુક઼ાબિલ થે તો પહરોં ચાંદ બળ્હતા નૂર કા**
**તુમસે છુપ કર મુંહ નિકલ આયા ઝરા સા નૂર કા**

*(મુક઼ાબિલ = સામે. પહરોં = કલાકો, ત્રણ કલાકનો એક પહોર થાય છે.)*

**અર્થાત :** હે મારા સિરાજમ્મુનીર નબી ! ﷺ જ્યારે આપનો ચહેરો મુબારક સામે રહેતો હતો તો ચાંદની રોશની પણ પોતાની ઉચ્ચ કક્ષાએ રહેતી બલ્કે દિન પ્રતિ દિન વધતી રહેતી. આપનાથી જુદા થતાં જ એ નૂરનું જરા સરખુ મોં નીકળી આવ્યું અને તે પહેલાંવાળી ચમક દમક હવે જોવા નથી મળતી, કેમ કે ચાંદમાં ચમક દમક અને સૂરજમાં રોશની તો આપના રુખે વદુહાનો ફયઝ છે. આપની નિસ્બતથી એ પણ અજોડ છે. તે પણ બાકમાલ છે બલ્કે દરેક લાજવાબ છે. આ સર્વ આપના ઝિક્ર તથા નામની બરકતો છે.

*ઝિક્રે નબીમેં જો દિન ગુઝરે વો દિન સબસે બેહતર હૈ–ઝિક્રે નબીમેં રાત જો ગુઝરે ઉસસે બેહતર રાત નહીં (ﷺ)*
*(કૌષર નિયાઝી)*

*હોતા હૈ જહાં ઝિક્ર મુહમ્મદ કે કરમ કા–ઉસ બઝ્મમેં મેહરૂમે તમન્ના નહીં કોઈ (ﷺ)*
*(ખાલિદ મહમૂદ)*

**ક઼બ્રે અન્વર કહીયે યા ક઼િસ્રે મુઅલ્લા નૂર કા**
**ચરખે અતલસ યા કોઈ સાદા સા કુબ્બા નૂર કા**

*(ક઼િસ્રે મુઅલ્લા = બુલંદો બાલા મહેલ. ચરખે અતલસ = ચમકદાર આસ્માન. કુબ્બા = ગુંબદ)*

**અર્થાત :** મક઼ામે મુસ્તફા ﷺ એટલે આપની નૂરાની ક઼બ્ર પાક (જેના બારામાં આપે ખુદ ફર્માવ્યું : من زار قبری وجبت له سفاعتی "જેણે મારી ક઼બ્રે અન્વરની ઝિયારત કરી લીધી એના પર મારી શફાઅત વાજિબ થઈ ગઈ.")ને નૂરાની ક઼બ્ર કહીએ શાહી મહલ કહીએ, ચમકદાર આસ્માન કહીએ અથવા તો પછી નિખરેલો, સાફ સુથરો સાદો એવો ગુંબદે ખઝરા કરીએ.

*ફિરદૌસે બરીં માના ! ફિરદૌસે બરીં હૈ–જો બાત મદીને મેં હૈ જન્નતમેં નહીં હૈ*
*અય કુદસિયો ! મહબૂબકા કૂચા હૈ સંભલકર – યહ અર્શ નહીં હૈ યહ મદીને કી ઝમીં હૈ*
*હૈ ચર્ખે ચહારૂમપે કોઈ સિદરાપે પહુંચા–અલ્લાહકા મહબૂબ તો સિદરાકા મકીં હૈ*
*લાખોં નબી આયે મગર ઈમાન હૈ અપના–કોઈ મેરે સરકાર કા હમ પાયા નહીં હૈ*
*દરબારે મુહમ્મદ મેં જો બટતા હૈ ખઝાના–ગંજીનાએ કૌનેનમેં દૌલત વો નહીં હૈ*
*(અમીર સાબરી)*

**આંખ મિલ સકતી નહીં દરપે હૈ પહરા નૂર કા**
**તાબ હૈ બેહુકમ પર મારે પરિન્દા નૂર કા**

**અર્થાત :** રોઝએ અક઼દસના નૂરાની દરવાજા પર નૂરનો પહેરો લાગેલો છે. આંખ મિલાવવું પણ શક્ય નથી. શું મજાલ કે નૂરી ફરિશ્તો (નૂરકા પરિન્દા) પણ ઈજાઝત વિના નૂરની પાંખોને હરકત આપી શકે છે !

*બે ઈજાઝત ઉનકે ઘરમેં જિબ્રઈલ આતે નહીં–ક઼દ્રવાલે જાનતે હૈં ઈઝ્ઝો શાને અહલે બૈત* –(ક્રમશઃ)

# ફવાઈદુલ ફવાદ
## દિલોના ફાયદા
ભાગ-૧ (૩૪ મજલિસો)

# હશ્ત બહિશ્ત
## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત
(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે સુલ્તાનુલ મશાઈખ હઝરત ખ્વાજા નિઝામુદીન અવલિયા મહબૂબે ઈલાહી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા અમીર હસન અલા સંજરી દહેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

### છઠ્ઠી મજલિસ

એ જ વરસે માહે શવ્વાલની પાંચમી તારીખે જુમ્આના રોજ નમાઝ બાદ કદમ બોસીની દોલત નસીબ થઈ. તર્ક તથા તજરીદ (ઝોહદ)ની ચર્ચા ચાલી રહી હતી. એ દરમ્યાન ફર્માવ્યું કે એક દુરવેશ હતા અત્યંત કક્ષાના ફકીર તથા મિસ્કીન. તેમનુ પેટ ભૂખના કારણે કમરથી ચોંટેલુ હતું. કોઈક તરફ જઈ રહ્યા હતા તો અમારા મુરીદ ખ્વાજા મહમૂદ પટવાએ એક નાનો સિક્કો તેમની સામે રાખ્યો. તેમણે જવાબ આપ્યો કે આજે મેં ખલી (ખોળ) પેટ ભરીને ખાય લીધી છે. ખોરાક તરફથી મેં તદ્દન ચિંતા છોડી આપી છે. આજે મને આ સિક્કાની જરૂરત નથી. ત્યાર બાદ ખ્વાજા ઝિક્રુલ્લાહ બિલ્ખૈરે તેની સત્યતાની અતિશયતા પર આશ્ચર્ય દર્શાવ્યું અને ઈર્શાદ થયો કે શું કનાઅત (થોડામાં સંતોષની વૃત્તિ) તથા સબ્રની શક્તિ છે !

### ★ તમારાથી મને કોઈ લાલચ નથી ! ★

આ હિકાયત પણ એના હેઠળ વર્ણન કરવામાં આવી છે. કનાઅતના બારામાં અને ખુદા સિવાય અન્યથી લાલચ ન રાખવાના બારામાં ફર્માવ્યું કે એક બુઝુર્ગ હતા જેમને શયખ અલી કહેતા હતા. એકવાર તે પોતાનો ખિર્કો સીવી રહ્યા હતા અને પગો ફેલાવી રાખ્યા હતા અને ઉલ્ટો ખિર્કો જાંગ પર રાખીને ટાંકા મારી રહ્યા હતા. એ દરમ્યાન તેમને કહેવામાં આવ્યું કે ખલીફા આવી રહ્યા છે, છતાં તેમણે પોતાની બેઠક જરા પણ ન બદલી અને એ જ પ્રમાણે બેસેલા રહ્યા અને બોલ્યા, આવવા દો ! ખલીફા આવ્યો, સલામ કરી અને બેસી ગયો. શયખે સલામનો જવાબ આપ્યો. હાજિબ જે ખલીફા સાથે આવ્યો હતો તેણે કહ્યું કે શયખ ! પગો સમેટી લો ! શયખે એની વાતની તરફ જરાય ધ્યાન ન આપ્યું, ત્યાં સુધી કે તેણે એકાદ બે વાર આ વાતને દોહરાવી. જ્યારે ખલીફાને પરત થવાનો સમય થયો તો શયખે એક હાથ હાજિબનો અને એક હાલ ખલીફાનો પકડયો ત્યારબાદ બોલ્યા કે મેં મારા હાથોને સમેટી રાખ્યા છે, હવે મારા માટે જાઈઝ છે કે પગોને ન સમેટુ. એટલે કે તમારાથી મને કોઈ લાલચ નથી. ન કાંઈ લીધુ ન લેવું છે. મેં મારા હાથ વાળી લીધા છે, અને મને એનો હક્ક છે કે પગો ન વાળુ.

### ★ જે પોતાના માટે પસંદ નથી કરતા તે અન્ય માટે પણ પસંદ ન કરો ★

કાંઈક એનો ઉલ્લેખ થયો કે સુલૂકની અસ્લ (દલીલ) શું છે ? એ દરમ્યાન ફર્માવ્યું કે એક શખ્સ ખ્વાજા અજલ શીરાઝી رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો અને મુરીદ થઈ ગયો. પછી ખ્વાજાના ફર્માનની રાહ જોતો રહ્યો કે નમાઝ, રોઝા તથા વિર્દોના બારામાં શું

www.barkatekhwaja.net

હુકમ ફર્માવે છે. ખ્વાજાએ કેવળ એટલુ કહ્યું કે, "જે પોતાના માટે પસંદ નથી કરતા તે અન્યો માટે પણ પસંદ ન કરો. અને પોતાના માટે એ જ ચાહો જે અન્યોના માટે ચાહો છો." તે શખ્સ પાછો ચાલ્યો ગયો અને એક અરસા પછી ફરી ખ્વાજા અજલ શીરાઝી رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો અને અર્ઝ કરી કે હું એ દિવસે હુઝૂરથી મુરીદ થઈને રાહ જોતો હતો કે નમાઝ તથા વઝીફાઓના બારામાં ફર્માવશે પણ કોઈ હુકમ ન આપ્યો, આજે ફરીથી રાહ જોઉં છું. ખ્વાજાએ પૂછયું, એ દિવસે તમારો સબક શું હતો ? મુરીદ મુંઝવણમાં પડયો અને કોઈ જવાબ ન આપ્યો તો ખ્વાજાએ સ્મિત કર્યું અને ફર્માવ્યું, એ દિવસે મેં તમને કહ્યું હતું કે જે કાંઈ પોતાના માટે પસંદ નથી કરતા તે બીજાઓ માટે પણ પસંદ ન કરો અને પોતાના માટે તે જ પસંદ કરો જે કોઈ ગૈરના માટે ચાહો છો. તમને આ વાત યાદ ન રહી તો પછી જ્યારે પ્રથમ પાઠ જ યાદ ન રહ્યો તો બીજો પાઠ કેવી રીતે કરાવું ?!

## ★ દુનિયાની મહોબ્બત દિલમાં હશે તો વિર્દો વઝાઈફથી ફાયદો નથી ★

આ હિકાયત પૂર્ણ થયા બાદ ફર્માવ્યું કે, એક પરહેઝગાર બુઝુર્ગ હતા તે મોટાભાગે કહ્યા કરતા હતા કે, નમાઝ રોઝા તથા તસ્બીહ તથા વિર્દો સૌ દેગના મસાલા છે, અસલ ચીજ દેગમાં ગોશ્ત હોય છે. જ્યાં સુધી ગોશ્ત ન હોય ત્યાં સુધી આ મસાલાઓથી કાંઈ નથી બનતુ. તે બુઝુર્ગને પૂછવામાં આવ્યું કે આપ આ દષ્ટાંત મોટાભાગે આપ્યા કરો છો તો જરા એની સ્પષ્ટતા પણ કરો. એ બુઝુર્ગે કહ્યું કે ગોશ્ત દુનિયાનો ત્યાગ છે અને નમાઝ રોઝા તથા વિર્દો વઝાઈફ તસ્બીહ તેના મસાલા છે. પ્રથમ તો માણસે જોઈએ કે દુનિયાને ત્યજી દે અને તેનો સંબંધ કોઈ ચીજથી ન રહે. જો તે નમાઝ, રોઝા, (નફલી) અવરાદ વગેરે કરે ન કરે તો વાંધો નથી પરંતુ જ્યારે દુનિયાની મહોબ્બત દિલમાં હશે તો દુઆઓ તથા અવરાદ વગેરેથી કાંઈ ફાયદો ન થશે. ત્યાર બાદ ખ્વાજા رحمۃ اللہ علیہએ જો ઘી તથા કાલી મિર્ચ (મરી), લસણ, પ્યાજ દેગમાં નાખો અને પાણી પણ છોડી આપો અને રસો તૈયાર કરો તો તેને નકલી શોરબો (રસો) કહીશું અને જૂઠો રસો પણ કહીશું. પણ અસલ રસો તે હશે કે જે ગોશ્તથી તૈયાર થાય, ભલે એમાં મસાલા હોય કે ન હોય.

## ★ દુનિયાના ત્યાગનો મતલબ શું ? ★

ત્યાર બાદ તર્કે દુનિયા (દુનિયા ત્યાગ)ની તેહકીકમાં આ શબ્દ ઝબાન મુબારક પર આવ્યો કે, દુનિયાનો ત્યાગ એ નથી કે કોઈ પોતે પોતાને નગ્ન કરી લે. દા.ત. લંગોટી બાંધીને બેસી જાય. પણ તર્કે દુનિયા એ છે કે લિબાસ પહેરે અને ખાવા ખાય, અલબત્ત જે કાંઈ આવે તેને ખર્ચ કરતો રહે, ભેગુ ન કરે અને તેની લાલચ ન રાખે અને દિલને કોઈ ચીજમાં અટકાવી ન રાખે.

## સાતમી મજલિસ

એ જ શવ્વાલમાં ૧૯ તારીખે જુમ્આની નમાઝ બાદ કદમબોસીની સઆદત (સદનસીબી) હાંસલ થઈ. તસવ્વુફના આદાબ (નિયમો)ની તથા મશાઈખના ઈર્શાદો તથા પરિભાષાની ચર્ચા નીકળી તો ઝબાન મુબારકથી ઈર્શાદ ફર્માવ્યો કે શયખ જમાલુદ્દીન બુસ્તામી رحمۃ اللہ علیہ પાટનગર દિલ્હીમાં શયખુલ ઈસ્લામ હતા. સુફફાવાળાઓની રસ્મો તથા આદાબ સારી રીતે જાણતા હતા. જેમ કે એકવાર તેમની સામે પાણીનો એક કૂજો લાવવામાં આવ્યો અને કૂજાના ચાર ખૂણા હતા એટલે પકડવાની ચાર જગાઓ હતી. કોઈ બુઝુર્ગ બેઠેલા હતા તે બોલ્યા કે આને લુકમાની કૂજો કહે છે. શયખ જમાલુદ્દીન બુસ્તામીએ ફર્માવ્યું, લુકમાની કૂજો શા માટે કહે છે ? તે બુઝુર્ગે ચૂપકીદી સાધી લીધી અને શયખ જમાલુદ્દીન رحمۃ اللہ علیہએ કિસ્સો સંભળાવ્યો કે એક બુઝુર્ગ હતા

www.barkatekhwaja.net

તેમને શયખ લુક્માન સરખસી કહેતા હતા. તેમની ખૂબીઓ ઘણી છે.

### ★ દિવાલને હુકમ આપતાં ચાલવા લાગી ★

જેમ કે એમના બારામાં રિવાયત છે કે કદાચ જ કોઈ જુમ્આ તેમનાથી છૂટી ગયો અથવા શરીઅતની જાહેરી વાતોમાં કોઈ શિઆર (નિશાની) રહી ગઈ. એ શહેરના ઈમામ તેમની તપાસના માટે નીકળ્યા. તેમને કહેવામાં આવ્યું કે શહેરના ઈમામો આવી રહ્યા છે જેથી આપનાથી ચર્ચા કરે. શયખ લુકમાને પૂછયું કે સવાર થઈને આવી રહ્યા છે કે પગપાળા ?! અર્ઝ કરવામાં આવ્યું, સવાર થઈને આવી રહ્યા છે. એ વખતે શયખ એક દીવાલ પર બેઠેલા હતા. દીવાલને બોલ્યા કે ખુદા ﷻના હુકમથી ચાલ ! દીવાલ એ જ વખતે ચાલવા લાગી. મકસદ એ કે એ જ શયખ લુક્માને એકવાર એક મુરીદથી પાણીનો કૂજો માગ્યો. મુરીદે કૂજો રજૂ કર્યો જેમાં કોઈ ખૂણો કે પકડવાની જગા ન હતી. શયખે હુકમ આપ્યો કે એવો કૂજો લાવવો જોઈએ જેમાં ખૂણો હોય અને જેને પકડી શકાય. મુરીદ ગયો અને એક કૂજો એક ખૂણાવાળો બનાવીને લાવ્યો અને શયખની ખિદમતમાં એ રીતે ધર્યો કે એ જ ખૂણાને પોતે પકડેલો હતો. શયખે સ્મિત કર્યું અને બોલ્યા કે એ ખૂણાને તો તમે પકડી રાખ્યો છે તો હવે હું કઈ જગાએથી પકડુ ?! જાવ, બે ખૂણાવાળો કૂજો બનાવી લાવો. મુરીદ ફરી પરત ગયો અને બે ખૂણાવાળો કુજો લાવ્યો. એક ખૂણો એક હાથથી અને બીજો બીજા હાથથી પકડેલો હતો એ રીતે પેશ કર્યો. શયખે ફરી કહ્યું કે બંને બાજુથી તો તમે પકડી રાખેલ છે તો હવે હું કઈ જગાએથી પકડું ?! જાવ, ત્રણ ખૂણાવાળો કૂજો બનાવી લાવો. મુરીદ ગયો અને ત્રણ ખૂણીયા કૂજો બનાવી લાવ્યો. બે ખૂણા પોતાના હાથો વડે પકડયા અને ત્રીજા ખૂણાને પોતાની છાતી તરફ કરી લીધો. શયખે સ્મિત કર્યું અને કહ્યું, જાવ ! ચાર ખૂણીયા કૂજો બનાવો. ત્યારબાદ એ પ્રમાણેનો ચાર ખૂણીયા કૂજો બનાવીને રજૂ કર્યો. સારાંશ કે એ કૂજાને આ કારણે લુક્માની કૂજો કહે છે.

## આઠવી મજલિસ

એ જ વરસે માહે શવ્વાલની ૨૬ તારીખે જુમ્આની નમાઝ બાદ કદમ બોસીની દોલત હાંસલ થઈ. નમાઝની તથા ઈમામ અને મુકતદીઓની કલ્બની હુઝૂરીની (દિલી લગાવની) ચર્ચા થઈ તો ફર્માવ્યું કે નમાઝીની હુઝૂરીની શરૂઆત એ છે કે નમાઝી જે કાંઈ પઢે તેના અર્થને દિલ પર લાગુ કરે.

### ★ નમાઝી જે કાંઈ પઢે તેના અર્થને દિલ પર લાગુ કરે ★

ત્યારબાદ ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ બહાઉદ્દીન ઝકરિયા رحمۃ اللہ علیہના મુરીદોમાંથી એક શખ્સ હતા તેમને હસન અફઘાન કહેતા હતા. વિલાયતવાળા હતા અને અતિશય બુઝુર્ગ, એટલા કે શયખ બહાઉદ્દીન ફર્માવતા હતા કે જો કાલે મને પૂછવામાં આવ્યું કે અમારી બારગાહમાં શું તોહફો લાવ્યો છે ? તો હું અર્ઝ કરીશ કે હસન અફઘાનને લાવ્યો છું. એકવાર એ હસન કોઈ ગલીમાં જઈ રહ્યા હતા. એક મસ્જિદમાં પહોંચ્યા. મોઅઝ્ઝિને તકબીર કહી, ઈમામ આગળ વધ્યા .એક ખલ્કત (માણસોની સંખ્યા) જમાઅતમાં સામેલ થઈ ગઈ. ખ્વાજા હસન પણ આવ્યા અને મુકતદી બની ગયા. જ્યારે નમાઝ થઈ ચૂકી અને લોકો પરત જતા રહ્યા તો ખ્વાજા હસન ઈમામની પાસે ગયા અને બોલ્યા, હે ખ્વાજા ! તમે નમાઝ શરૂ કરી અને હું તમારી સાથે સામેલ થયો. તમે અહીંથી દિલ્હી ગયા અને ત્યાંથી ગુલામ ખરીદયા પછી પાછા આવ્યા અને ગુલામોને ખુરાસાન લઈ ગયા, અને ત્યાંથી મુલ્તાન પરત આવ્યા, અને ત્યાથી મસ્જિદમાં તશરીફ લાવ્યા. હું તમારી પાછળ હેરાન પરેશાન ફરતો રહ્યો ! આખરે આ કેવી નમાઝ છે ?! *(ક્રમશઃ)*

www.barkatekhwaja.net

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

ભાગ–૨

**લેખક** : અલ્લામા શમ્સુદીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : મર્હૂમ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## સોદા માટેના વિવિધ મસ્અલા

માટીની ગાય, હાથી, ઘોડા અને એ સિવાયનાં અન્ય રમકડાં બાળકોના રમવા માટે ખરીદવાં જાઈઝ નથી અને એ ચીજોની કોઈ કિંમત પણ નથી. જો કોઈ માણસ એને તોડી ફોડી નાખે તો એના પર કોઈ દંડ (બદલો) વાજિબ નથી. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : કૂતરો, બિલાડી, હાથી, ચિત્તો, બાજ, શકરો, બેહરી એ બધાંનુ વેચાણ જાઈઝ છે. તાલીમ આપેલાં શિકારી જાનવર (શીખવાડવામાં આવેલુ) અથવા તો તાલીમ આપ્યા વગરનાં જાનવર બંનેનું વેચાણ દુરસ્ત છે પરંતુ તાલીમ લેવાને પાત્ર હોય એ જરૂરી છે. પરંતુ કતખનો કૂતરો જે તાલીમ લેવા પાત્ર નથી તેનું વેચાણ દુરસ્ત નથી. (દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)

**મસ્અલા** : વાંદરાને ખેલ અને મજાક માટે ખરીદવો મના છે અને એની જોડે રમવું તથા એની જોડે હંસી મજાક કરવી હરામ છે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : જાનવર, ખેતી અથવા મકાનની હિફાઝત માટે કૂતરો પાળવો જાઈઝ છે અને એ પ્રમાણેનો મકસદ (હેતુ) ન હોય તો પાળવો નાજાઈઝ છે અને જે હાલતમાં પાળવો જાઈઝ છે તેમાં પણ મકાનની અંદર ન રાખવાં. અલબત્ત, જો ચોર કે દુશ્મનનો ડર હોય તો મકાનની અંદર રાખી શકાય છે. *(ફત્હુલ કદીર)*

**મસ્અલા** : માછલી સિવાયના પાણીમાં રહેતાં તમામ જાનવરો, દેડકા, કરચલો વગેરે અને કીડા, મકોડા, ઉંદર, ચેણ (છછુંદર) ઘુંસ, સબકલી, કાંચંડો, ઘો, વીંછી, કીડી વગેરેનુ વેચાણ નાજાઈઝ છે. *(ફતહ)*

**મસ્અલા** : ઝિમ્મી કાફિરના સાથેના સોદા બાબતના થવા ન થવાના મામલામાં મુસ્લિમના હુકમમાં છે. અલબત્ત, એ વાત છે કે જો તે શરાબ, ડુક્કર વગેરેનુ ખરીદ વેચાણ કરે છે તો આપણે એને રોકીશું નહીં. *(હિદાયા)*

**મસ્અલા** : જો કાફિરે મુસ્હફ શરીફ ખરીદ્યું છે તો એને મુસલમાનને વેચવા માટે મજબૂર કરીશું. *(તનવીર)*

**મસ્અલા** : એક માણસે કોઈ ચીજ ખરીદી અને તે ચીજનો કબ્જો મેળવ્યો નહીં તેમજ કિંમત પણ ન ચૂકવી અને ગાયબ થઈ ગયો. પરંતુ આપણને ખબર છે કે તે ફલાણી જગ્યા પર છે તો કાઝી એવો હુકમ નહીં કરે કે એને વેચીને કિંમત વસૂલ કરી લે અને જો તે કઈ જગ્યાએ છે તે બાબતની ખબર ન હોય અને તે કાઝી સમક્ષ ગવાહો રજુ કરી વેચાણ સાબિત કરી આપે તો કાઝી કે એમનો નાયબ વેચાણ કરી એની કિંમત ચૂકવી આપે અને જો કંઈ રકમ બચે તો એના માટે સુરક્ષિત રાખે અને જો ઓછી રકમ ઉપજે તો ખરીદનાર જયારે મળે ત્યારે એની પાસેથી વસૂલ કરે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલા** : એમ કહેવામાં આવ્યું કે આ ચીજ હજાર રૂપિયા અને અશરફીઓમાં ખરીદી તો પાંચસો રૂપિયા અને પાંચસો અશરફીઓ આપવી પડશે. તમામ વહેવારમાં (મામલામાં) ખાસ કરીને એ કાયદો છે કે જયારે કેટલીક ચીજોનો ઝિક્ર (વાત કરવામાં આવે) કરવામાં આવે તો વજન, અથવા માપ અથવા સંખ્યા એ બધાને એકત્રિત કરીને પૂરી કરવામાં આવશે અને બધી જ ચીજોને એકસરખી

www.barkatekhwaja.net

રીતે લેવામાં આવે. મહેર, તલાક લેવા માટેની અવેજી (બદલો), વસિયત, વદીઅત, ઈજારો, ઈકરાહ ગસબ (જબરદસ્તી) એ બધા માટે એ જ હુકમ છે જે વેચાણ માટેના છે. જેમ કે કોઈએ કહયું કે ફલાણો માણસ મારી પાસે એક મણ ઘઉં અને જવ માગે છે (કર્ઝ છે) તો અડધો મણ ઘઉં અને અડધો મણ જવ આપવા પડશે. અથવા એમ કહ્યું કે એકસો ઈંડા, અખરોટ અને સફરજન છે તો દરેકમાંથી ત્રીજો ભાગ આપવો પડશે. ફલાણું ફલાણું કાપડ સો ગજ આપવાનું છે. તો બંનેમાંથી પચાસ પચાસ ગજ આપવું પડશે. *(હિદાયા, ફતહ, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : ઓરતે પોતાના ધણીને કફન આપ્યું અથવા મૃત્યુ પામનારના વારસામાંથી કોઈએ મૈયતને કફન દીધું. જો તેટલું જ કફન છે જેટલું દેવું જોઈએ તો વારસામાંથી ખર્ચ (કિંમત) લઈ શકે છે અને એનાથી વધારે છે (જરૂર કરતાં વધારે) તો જે કંઈ વધારો હશે તે મળશે નહીં. જો કોઈ અજાણ્યાએ કફન દીધું તો એ બખ્શિશ ગણાશે એને કંઈ (કિંમત) મળી શકશે નહીં.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : હરામની રીતે કસબ કર્યો અથવા પરાયા માલને જબરદસ્તીથી મેળવ્યો અને એનાથી કોઈ ચીજ ખરીદી તો એની (એ માટેની) કેટલીક સ્થિતિઓ છે : **(૧)** વેચનારને એ રૂપિયા પ્રથમ આપી દીધા, પછીથી ચીજ ખરીદી અથવા **(૨)** એ હરામ રૂપિયાથી ખરીદી પણ રૂપિયા બીજા ચૂકવ્યા. **(૪)** ખરીદવામાં એને નક્કી ન કર્યા અર્થાત એમ કહ્યું કે એક રૂપિયાની વસ્તુ આપો અને તે હરામ રૂપિયા આપ્યો. **(૫)** બીજા રૂપિયાથી ચીજ ખરીદી અને બદલામાં હરામનો રૂપિયો આપ્યો. તો પહેલી બે સ્થિતિઓમાં ખરીદનાર માટે તે સોદો (ખરીદી) હલાલ નથી અને એનાથી જે કંઈ નફો મેળવ્યો તે પણ હલાલ નથી. બાકીની ત્રણ હાલતમાં હલાલ છે. *(રદ્દુલ મુહ્તાર)*

**નસીહત** : શરત કરવાથી કઈ ચીજ ફાસિદ થાય છે અથવા કઈ ચીજ ફાસિદ થતી નથી અથવા કઈ ચીજને શરત પર આધારિત કરી શકાય છે અથવા કઈ ચીજને શરત પર આધારિત કરી શકતા નથી એનો આધાર શરત પર છે. એને માટે આમ કાયદો એ છે કે જ્યારે માલની માલથી અદલા બદલી કરવામાં આવે તો તે ફાસિદ શરતથી ફાસિદ થશે, જેમ કે ફાસિદ શરતોથી વેચાણ (સોદો) નાજાઈઝ થઈ જાય છે (જેનું બયાન અગાઉ થઈ ચૂક્યું છે) અને જ્યાં માલને માલથી બદલવાનો ન હોય ત્યાં ફાસિદ શરતથી ફાસિદ થશે નહીં માલને બીજા માલથી બદલવાનો હોય તો પણ (જેમ કે નિકાહ, તલાક, મહેર માફ કરી તલાક લેવી) અથવા ખાનદાની બખ્શિશની હોય (જેમ કે દાન, વસીયત) એમાં ફાસિદ શરતો ખૂદ બાતિલ થઈ જાય છે અને કર્ઝ છેવટમાં અદલા બદલીથી છે પરંતુ શરૂઆતમાં જો કે બખ્શિશ છે, ફાસિદ શરતથી ફાસિદ થશે નહીં. બીજો કાયદો એ છે કે જે ચીજ ખાનદાની (કૌટુંબિક) રીતે મળી હોય અથવા બીજાની પેરવી કરવાથી મળી હોય એને શરત પર લટકાવી (આધારિત) રાખી (કબ્જામાં લાવી) શકાશે નહીં. કબ્જામાં મળવાની મિસાલ વેચાણ, ઈજારો, દાન, બખ્શિશ, નિકાહ, ઈકરાર વગેરે છે. બીજાની પેરવી કરવાની મિસાલ રજઅત, વકીલને મઅઝુલ કરવો, ગુલામના તસર્રુફાત રોકી રાખવા (વગેરે) છે અને જો કૌટુંબિક વારસાથી કે બીજાની પેરવી કરવાથી ન મળી હોય બલ્કે કૌટુંબિક ઈસ્કાત હોય જેમ કે તલાક અથવા કૌટુંબિક રીતે મળી અથવા ઉપયોગમાં લેવાતી હોય અથવા વારસાગત હોય અથવા તહરીઝાત હોય તો શરત પર આધારિત કરી શકાય છે. ફાસિદ શરતોને કારણે જે ચીજો ફાસિદ થાય છે અને જેને શરત પર આધારિત નથી કરી શકતા તે નીચે પ્રમાણે છે. એમાં કેટલીક એ છે કે

www.barkatekhwaja.net

જેની મુશાબેહત દુરસ્ત નથી, પરંતુ એમાં શરત લાગુ કરી શકાય છે :– **(૧)** વેચાણ (સોદો) **(૨)** વહેંચણી **(૩)** ઈજારો **(૪)** રજઅત (તલાક લેવા માટેનો બદલો) માલથી સુલેહ કરવી, કર્ઝમાંથી મુકિત એટલે કે કર્ઝ માફ કરવું, મઝારઆ (ખેત પેદાશ) કારોબાર, ઈકરાર, વકફ, તહકીમ, અઝલે વકીલ, એ'તેકાફ. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : આપણે આગળ બયાન કરી ચૂક્યા છીએ કે ફાસિદ શરતને કારણે સોદો ફાસિદ થઈ જાય છે અને જો સોદામાં શરત કરી નથી પરંતુ સોદો કર્યા બાદ શરતની વાત કરી દીધી તો સોદો સહીહ છે. જેમ કે લાકડાની ભારી ખરીદી અને ખરીદતી વખતે કોઈ શરત ન કરી પણ પાછળથી તરત જ કહ્યું કે આ ભારી તમારે મારે ઘેર પહોંચાડવી પડશે. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** : જો ઈકરારનો પ્રકાર એવો હોય કે કોઈકે એમ કહ્યું હોય કે ફલાણાના આટલા રૂપિયા મારા પર લેણા છે. જો તે મને બીજા આટલા રૂપિયા કર્ઝે આપે અથવા ફલાણો માણસ આવી જાય તો આ પ્રકારના ઈકરાર સહીહ નથી. એક માણસે બીજા પર માલનો દાવો કર્યો, તેણે કહ્યું કે જો હું કાલે ન આવું તો તે માલ મારા જિમ્મે રહેશે, અને ન આવ્યો તો આ ઈકરાર સહીહ નથી. અથવા એક માણસે દાવો કર્યો, બીજાએ કહ્યું કે જો તું કસમ ખાય તો હું લેણદાર છું (એમ માનીશ) તેણે કસમ ખાધી તેમ છતાં પણ તે ઈન્કાર કરે છે તો શર્તને કારણે તેની પાસે માગણી થઈ શકશે નહીં. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલા** :કોઈ શર્ત નક્કી કરી કોઈને પંચ નિમવો. જેમ કે એમ કહે કે જો ચાંદ થઈ જાય તો તમે અમારા દરમિયાનમાં પંચ ગણાશો, તો એ પંચ સહીહ નથી. *(દુર્રે મુખ્તાર)* કેટલીક એવી ચીજો છે કે જે ફાસિદ શરતને કારણે ફાસિદ થતી નથી. બલ્કે એવી શર્ત (ફાસિદ) હોવા છતાં પણ તે ચીજ સહીહ થાય છે (ગણાય છે), તે ચીજો આ પ્રમાણે છે : **(૧)** કર્ઝ **(૨)**ખેરાત, બખ્શિશ **(૩)** નિકાહ **(૪)** તલાક **(૫)** ખુલઅ **(૬)** સદકો **(૭)** અતિક **(૮)** રહન (ભાડે) **(૯)** ઈસા **(૧૦)** વસિયત **(૧૧)** ભાગીદારી **(૧૨)** મુઝારેબત **(૧૩)** કઝા **(૧૪)** ઈમારત **(૧૫)** કફાલત **(૧૬)** હવાલો **(૧૭)** વકાલત **(૧૮)** ઈકાલત **(૧૯)** કિતાબત **(૨૦)** ગુલામને વેપારની ઈજાઝત **(૨૧)** લોંડીથી જે બાળક પેદા થયું તેના માટે એમ કહેવું (દાવો કરવો) કે એ મારું છે. **(૨૨)** ઈરાદાપૂર્વક કત્લ કરવામાં આવ્યો એના જોડે મસ્લેહત **(૨૩)** કોઈને મજરૂહ કરવામાં આવ્યો તેની સાથે સુલેહ **(૨૪)** બાદશાહે કાફિરોની જિમ્મેદારી લેવી **(૨૫)** વેચેલા માલમાં નુકસાની હોવાની હાલતમાં પાછી આપવાની શરત રાખવી **(૨૬)** શર્તની છૂટમાં પાછો આપવાની શર્ત રાખવી **(૨૭)** કાઝીની બરતરફી. જે ચીજોને શર્ત પર આધારિત રાખવી જાઈઝ છે તે ખતમ થનાર છે જેની સાથે હલફ કરી શકાય છે (જેમ કે નમાઝ, રોઝા, હજ અને બીજાને વલી બનાવવો. જેમ કે કાઝી યા બાદશાહ તેમજ ખલીફા મુકર્રર કરવો.) તે ચીજો જેની નિસ્બત ભવિષ્ય તરફ થઈ શકે છે : **(૧)** ઈજારો **(૨)** ઈજારાને રદ કરવો **(૩)** મુઝારેબત **(૪)** મુઆમલા **(૫)** મુઝારેઆ **(૬)** વકાલત **(૭)** કફાલત **(૮)** ઈસા **(૯)** વસિયત **(૧૦)** કઝા **(૧૧)** અમારત **(૧૨)** તલાક **(૧૩)** ઈતાક **(૧૪)** વકફ **(૧૫)** આરિયત **(૧૬)** વેપારની ઈજાઝત. તે ચીજો જેની નિસ્બત ભવિષ્ય માટે (ભાવિ માટે) સહીહ નથી તે આ પ્રમાણે છે : **(૧)** વેચાણ **(૨)** વેચાણની ઈજાઝત **(૩)** વેચાણ (સોદો) રદ કરવું **(૪)** કિસ્મત **(૫)** ભાગીદારી **(૬)** બખ્શિશ **(૭)** નિકાહ **(૮)** રજઅત **(૯)** માલથી સુલેહ **(૧૦)** કર્જથી છૂટકારો.

www.barkatekhwaja.net

# ઈસ્લામી અખ્લાક઼ તથા આદાબ

**લેખક : સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા અમજદઅલી આઝમી** رحمۃ اللہ علیہ

કાર્યાલય — હપ્તો : ૧૫

"બહારે શરીઅત" (લેખક : હઝરત સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ)ના કુલ ૨૦ ભાગ છે. ગુજરાતીમાં કેવળ ૧૦ ભાગો છપાયેલા છે જે અમારે ત્યાં મળે છે. **"ઈસ્લામી અખ્લાક઼ો આદાબ"** એ "બહારે શરીઅત"નો ૧૬મો ભાગ છે જે ખૂબ જ ઉમદા હદીષો તથા મસાઈલ ધરાવે છે. **મૌલાના મુહમ્મદ નઈમ અમજદી (બાકરોલ)** સાહબે એનો લગભગ ૧/૨ ભાગ ગુજરાતી કરીને આપેલ હતો જેને અત્યારે પ્રકાશિત કરવાનું નસીબ થયું છે. ઈન્શાઅલ્લાહ ! પૂરો ૧૬મો ભાગ અનુવાદ કરીને પ્રસિધ્ધ કરીશું જે ઈસ્લામી જિંદગી જીવવા ચાહનાર માટે દીવાદાંડી સમાન છે જે ઈન્સાનને બાઅખ્લાક઼ તથા સભ્ય ઈન્સાન બનાવવા મદદરૂપ થશે. *–તંત્રી*

**મસ્અલા–૩૨** : જે અંગની તરફ નજર કરવી નાજાઈઝ છે જો તે શરીરથી અલગ થઈ જાય તો હજુ પણ તેની તરફ નજર કરવી નાજાઈઝ છે. દા.ત. પેડુના (ડૂંટીની નીચેવાળા) વાળ કે તેને જુદા કર્યા પછી પણ બીજો શખ્સ જોઈ નથી શકતો. સ્ત્રીના માથાના વાળ અથવા તેના પગ અથવા કલાઈની હડ્ડી કે તેના મર્યા પછી પણ અજનબી શખ્સ તેને જોઈ શકતો નથી. સ્ત્રીના પગના નખો કે તેને પણ અજનબી શખ્સ જોઈ શકતો નથી. (દુર્રે મુખ્તાર) ઘણી વખત જોવામાં આવ્યું છે કે ગુસલખાના (બાથરૂમ) અથવા પાખાનામાં ડૂટીનાં વાળ કાપીને કેટલાક લોકો તેને છોડી દે છે તો આવું કરવું બરાબર નથી બલ્કે તેને એવી જગ્યા પર નાખી દે કે કોઈની નજર ન પડે અથવા જમીનમાં દફન કરી દે. સ્ત્રીઓ પર પણ જરૂરી છે કે કંગાઈ કરવામાં અથવા માથુ ધોવામાં જે વાળ નીકળે તેને કોઈ જગ્યાએ સંતાડી દે કે તેમના પર અજનબીની નજર ન પડે.

**મસ્અલા–૩૩** : સ્ત્રીઓના દાઢી અથવા મૂછના વાળ ઉગી નીકળે તો તેને ઉખાડી નાખવા જાઈઝ છે. બલ્કે મુસ્તહબ છે કે ક્યાંક પતિ તેનાથી નફરત ન કરવા લાગે. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૩૪** : અજનબી સ્ત્રી સાથે ખલ્વત એટલે કે બંનેવનું એક મકાનમાં એકલાં હોવું હરામ છે. હા ! જો તે બિલકુલ વૃધ્ધ છે કે શેહવતના પાત્ર નથી તો ખલ્વત (એકાંત) થઈ શકે છે. સ્ત્રીને તલાક઼ે બાઈન આપી તો તેની સાથે એકલું મકાનમાં રહેવું નાજાઈઝ છે અને જો બીજા મકાનમાં હોય તો બંનેવના દરમિયાન પડદો લગાડવામાં આવે કે બંનેવ પોત પોતાના ભાગમાં રહે. આ તે સમયે છે કે પતિ ફાસિક઼ ન હોય, અને ફાસિક઼ હોય તો જરૂરી છે કે ત્યાં કોઈ એવી ઔરત પણ રહે જે પતિને પત્નીથી રોકવા પર કાબૂ કરી શકતી હોય. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલા–૩૫** : મહારિમ (મેહરમો)ની સાથે ખલ્વત (એકાંત) જાઈઝ છે એટલે બંનેવ એક મકાનમાં એકલા હોઈ શકે છે, પરંતુ રઝાઈ બહેન અને સાસુની સાથે એકાંત જાઈઝ નથી જ્યારે કે એ યુવાન હોય. આ જ હુકમ સ્ત્રીની યુવાન છોકરીનો છે જે બીજા પતિથી છે. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

## ★ મકાનમાં જવા માટે પરવાનગી લેવી ★

અલ્લાહ તઆલા ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ بُيُوْتِكُمْ حَتّٰى تَسْتَاْنِسُوْا وَ تُسَلِّمُوْا عَلٰۤى اَهْلِهَا ؕ ذٰلِكُمْ خَيْرٌ لَّكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ۝ فَاِنْ لَّمْ تَجِدُوْا فِيْهَاۤ اَحَدًا فَلَا تَدْخُلُوْهَا حَتّٰى يُؤْذَنَ لَكُمْ ۚ وَ اِنْ قِيْلَ لَكُمُ ارْجِعُوْا فَارْجِعُوْا هُوَ اَزْكٰى لَكُمْ ؕ وَ اللّٰهُ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ۝ لَيْسَ عَلَيْكُمْ جُنَاحٌ اَنْ تَدْخُلُوْا بُيُوْتًا غَيْرَ مَسْكُوْنَةٍ فِيْهَا مَتَاعٌ لَّكُمْ ؕ وَ اللّٰهُ يَعْلَمُ مَا تُبْدُوْنَ وَ مَا تَكْتُمُوْنَ۝

હે ઈમાનવાળઓ ! પોતાના મકાન સિવાય બીજા મકાનમાં પ્રવેશ ન કરો જ્યાં સુધી રજા ન લઈ લો અને મકાનવાળાઓ પર સલામ ન કરી લો, આ તમારા માટે બહેતર છે જેથી તમે બોધ ગ્રહણ કરો. અને તે ઘરોમાં કોઈને ન પામો તો અંદર ન જાવ જ્યાં સુધી તમને ઈજાઝત ન મળે. અને જો તમને કહેવામાં આવે કે પાછા જતા રહો તો પરત આવતા રહો આ તમારા માટે વધારે બેહતર છે. અને જે કાંઈ તમે કરો છો અલ્લાહ તેને જાણે છે. આમાં તમને કોઈ ગુનોહ નથી કે આવા મકાનની અંદર જતા રહો જેમાં કોઈ રહેતા ન હોય અને તેમાં તમારો સામાન છે. અને અલ્લાહ જાણે છે જે તમે જાહેર કરો છો અને જેને છુપાવો છો. *(સૂ. નૂર, ૨૪/૨૭,૨૯)*

અને ફર્માવે છે :–

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لِيَسْتَاْذِنْكُمُ الَّذِيْنَ مَلَكَتْ اَيْمَانُكُمْ وَ الَّذِيْنَ لَمْ يَبْلُغُوا الْحُلُمَ مِنْكُمْ ثَلٰثَ مَرّٰتٍ ؕ مِنْ قَبْلِ صَلٰوةِ الْفَجْرِ وَ حِيْنَ تَضَعُوْنَ ثِيَابَكُمْ مِّنَ الظَّهِيْرَةِ وَ مِنْۢ بَعْدِ صَلٰوةِ الْعِشَآءِ ۫ؕ ثَلٰثُ عَوْرٰتٍ لَّكُمْ ؕ لَيْسَ عَلَيْكُمْ وَ لَا عَلَيْهِمْ جُنَاحٌۢ بَعْدَهُنَّ ؕ طَوّٰفُوْنَ عَلَيْكُمْ بَعْضُكُمْ عَلٰى بَعْضٍ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمُ الْاٰيٰتِ ؕ وَ اللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ۝ وَ اِذَا بَلَغَ الْاَطْفَالُ مِنْكُمُ الْحُلُمَ فَلْيَسْتَاْذِنُوْا كَمَا اسْتَاْذَنَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ ؕ كَذٰلِكَ يُبَيِّنُ اللّٰهُ لَكُمْ اٰيٰتِهٖ ؕ وَ اللّٰهُ عَلِيْمٌ حَكِيْمٌ۝

''હે ઈમાનવાળાઓ ! જોઈએ કે તમારાથી પરવાનગી લે તે જેના તમે માલિક છો (ગુલામ) અને તે જે તમારામાં હજુ યુવાનીમાં નથી પહોંચ્યા ત્રણ સમયે : સવારની નમાઝથી પહેલાં, અને જ્યારે તમે પોતાના કપડાં ઉતારી નાખો છો બપોરે અને ઈશા પછી. આ ત્રણ સમય તમારા શરમના છે. આ ત્રણ સિવાય કોઈ ગુનોહ નથી. ન તમારા પર ન એમના પર તમારી પાસે આવવા જવાનું રાખે છે કેટલાક કેટલાકની પાસે આ જ રીતે અલ્લાહ તમારી માટે આયતો બયાન કરે છે અને અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે. અને જ્યારે તમારામાંથી કોઈ છોકરો યુવાનીએ પહોંચી જાય તો તે પણ પરવાનગી માગે દા.ત. જેવા કે તેમના અગ્રેસરોએ પરવાનગી માગી. આ જ રીતે અલ્લાહ તમારા માટે પોતાની આયતોને બયાન કરે છે અને અલ્લાહ ઈલ્મ અને હિકમતવાળો છે.'' *(સૂ. નૂર, આ. ૫૮–૫૯)*

**હદીષ–૧** : સહીહ બુખારી વ મુસ્લિમમાં અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہથી મરવી છે કે અબૂ મૂસા અશઅરી رضی اللہ عنہ અમારી પાસે આવ્યા અને કહ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہએ મને બોલાવ્યો હતો. મેં તેમના દરવાજા પર જઈને ત્રણવાર સલામ કરી હતી. જ્યારે જવાબ ન મળ્યો તો હું પરત આવી ગયો. હવે હઝરત ઉમર ફર્માવે છે તમે કેમ ન આવ્યા ? મેં કહ્યું કે હું આવ્યો હતો અને દરવાજા પર ત્રણ વખત સલામ કરી જ્યારે જવાબ ન મળ્યો તો પરત થઈ ગયો અને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું છે કે, જ્યારે કોઈ શખ્સ ત્રણ વખત પરવાનગી માગે અને જવાબ ન મળે તો પાછો જાય. હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે કે ગવાહ લાવો કે હુઝૂરે આવું ફર્માવ્યું છે. અબૂ સઈદ ખુદરી કહે છે કે મેં જઈને ગવાહી આપી.

**હદીષ–૨** : સહીહ બુખારીમાં અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ ﷺની સાથે હું મકાનમાં ગયો. હુઝૂરને પ્યાલામાં દૂધ મળ્યું અને

www.barkatekhwaja.net

ફર્માવ્યું, અબૂ હુરૈરહ અસ્હાબે સુફ્ફાની પાસે જાવ, તેમને બોલાવી લાવો. (જેથી કે દૂધ પીવડાવવામાં આવે) હું તેમને બોલાવી લાવ્યો તે આવ્યા અને પરવાનગી માગી, હુઝૂરે પરવાનગી આપી ત્યારે તે મકાનમાં પ્રવેશ્યા.

**હદીષ-૩ :** અબૂ દાઊદે અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જયારે કોઈ શખ્સને બોલાવવામાં આવે અને તે બોલાવવા આવનારની સાથે જ આવે તો આ (બોલાવવું) જ તેના માટે ઈજાઝત છે. એટલે આ સ્થિતિમાં રજા મેળવવાની જરૂરત નથી. અને એક રિવાયતમાં છે કે માણસને મોકલવો જ ઈજાઝત છે.

આ હુકમ તે સમયે છે કે તરત જ આવે અને અંદાઝાથી જાણવા મળે કે મકાનવાળા ઈંતેજારમાં છે, મકાનમાં પડદો થઈ ચૂકયો છે તો પરવાનગી લેવાની જરૂરત નથી. અને જા મોડો આવે તો પરવાનગી મેળવે જેવું કે અસ્હાબે સુફ્ફાએ કહ્યું હતું.

**હદીષ-૪ :** તિર્મિઝી વ અબૂ દાઊદે કલદહ બિન હંબલથી રિવાયત કરી. કહે છે કે સફવાન બિન ઉમૈયાએ મને નબીએ કરીમ ﷺની પાસે મોકલ્યો હતો. **મેં સલામ કર્યા વગર અને પરવાનગી વગર પ્રવેશ કર્યો. હુઝૂરે ફર્માવ્યું, બહાર જાવ અને કહો :** اَلسَّلَامُ عَلَيْكُمْ ءَدْخُلُ **"શું અંદર આવી જાઉં ?"**

**હદીષ-૫ :** ઈમામ માલિકે અતા બિન યસારથી રિવાયત કરી. કહે છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે શું હું પોતાની માની પાસે જાઉં તો તેમનાથી પણ પરવાનગી લઉં ? હુઝૂર ﷺએ ફર્માવ્યું, હા ! તેમણે કહ્યું, હું તો તેમની સાથે એ જ મકાનમાં રહું છું એટલે વારંવાર આવવા જવાનું થાય છે તો પછી પરવાનગીની શી જરૂરત છે ? રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે પરવાનગી લઈને જાવ ! શું તમે એ પસંદ કરો છો કે તેમને નગ્ન જુઓ ?! અર્ઝ કર્યું, ના ! તો પરવાનગી પ્રાપ્ત કરો.

**હદીષ-૬ :** બયહકીએ શોઅબુલ ઈમાનમાં જાબિર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું, કે જે શખ્સ પરવાનગી લેતા પહેલાં સલામ ન કરે તેને પરવાનગી ન આપો.

**હદીષ-૭ :** અબૂ દાઊદે અબ્દુલ્લાહ બિન બુસ્ર رضی اللہ عنہથી રિવાયત કરી. કહે છે, **જયારે રસૂલુલ્લાહ ﷺ કોઈના દરવાજા પર તશરીફ લઈ જતા તો દરવાજાની સામે ઉભા ન રહેતા બલ્કે જમણી અથવા ડાબી બાજુ ઉભા રહેતા અને ફર્માવતા, અસ્સલામુ અલયકુમ !** અને તેનું કારણ એ હતું કે તે જમાનામાં દરવાજા પર પડદા રહેતા ન હતા.

**હદીષ-૮ :** તિર્મિઝીએ ષૌબાન رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **કોઈ શખ્સને એ હલાલ નથી કે બીજાના ઘરમાં પરવાનગી હાંસલ કર્યા વગર નજર કરે,** અને જો નજર કરી લીધી તો દાખલ થઈ જ ગયો. અને એવું ન કરે કે કોઈ કૌમની ઈમામત કરે અને ખાસ કરીને પોતાના માટે દુઆ કરે એમના માટે ન કરે, અને એવું કર્યું તો એમની ખયાનત કરી.

**હદીષ-૯ :** અહમદ વ નિસાઈએ અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈના ઘરમાં પરવાનગી વગર છુપાઈને જુએ અને એમણે તેની આંખને ફોડી નાખી તો ન જુર્માનો છે અને કિસાસ (બદલો).

**હદીષ-૧૦ :** તિર્મિઝીએ અબૂઝર ﷺથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે પરવાનગી પહેલાં પડદો હટાવીને નજર કરી તેણે એવું કામ કર્યું જે તેના માટે હલાલ ન હતું. અને કોઈએ તેની આંખ ફોડી નાખી તો તેના પર કાંઈ નથી. અને કોઈ શખ્સ એવા દરવાજા પર ગયો જેના પર પડદો નથી અને તેની નજર ઘરવાળાની સ્ત્રી પર પડી ગઈ (ભૂલથી) તો તેની ભૂલ નથી ઘરવાળાઓની છે (કે તેમણે દરવાજા પર પડદો કેમ નથી લટકાવ્યો).

**મસ્અલા-૬**

# શફાઅત કિતાબ તથા સુન્નતની રોશનીમાં

**અઝ : મુફ્તી મુહમ્મદ નિઝામુદ્દીન રઝવી બરકાતી**
*(સદર : દારુલ ઈફતા જામિઆ અશરફિયા-મુબારકપુર)*
**અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી**

## (૬) શફાઅતે કુબરાની મહાન હદીષ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہનું બયાન છે કે... અલ્લાહના રસૂલ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે અલ્લાહ તઆલા કયામતના દિવસે સર્વ અવ્વલીન તથા આખરીન (આગલા તથા પાછલા)ને એક વિશાળ સપાટ મેદાનમાં ભેગા કરશે. સૌ પોકારનારનો અવાજ સાંભળશે અને સૌ એકબીજાની નજરો સમક્ષ હશે. સૂરજ (માથાંઓ) નજીક આવી જશે અને લોકોની મુસીબત તથા પરેશાની શક્તિ બહાર અને સહન શક્તિની હદની બહાર પહોંચી જશે. ત્યારે તેઓ એકબીજાને કહેશે કે તમે જોતા નથી કે કેવી આફત તથા મુસીબતમાં છીએ અને કયા હાલ પર પહોંચ્યા ! તમે એવી મોઅઝ્ઝમ (મહાનતાવાળી) હસ્તીને કેમ નથી જોતા જે રબ્બે કરીમની બારગાહમાં તમારી શફાઅત કરે. ત્યારે તેઓ આપસમાં કહેશે કે :

હઝરત આદમ અલા નબિય્યિના علیہ السلامની બારગાહમાં ચાલો. તો તે લોકો હઝરત આદમ علیہ السلامની બારગાહમાં હાજર થઈને અરજ કરશે કે, હુઝૂર ! આપ અબુલ બશર છો, અલ્લાહ તઆલાએ આપને પોતાના દસ્તે કુદરતથી પેદા કર્યા અને પોતાની રૂહ આપના શરીરમાં ફૂંકી અને ફરિશ્તાઓને હુકમ આપીને આપના માટે સજદએ તા'ઝીમી કરાવ્યો. હુઝૂર ! તમારા રબની બારગાહમાં અમારા માટે શફાઅત કરો ! આપ જોતા નથી કે અમે કેવી આફતમાં છીએ અને અમારો કેવો બુરો હાલ છે ?!

હઝરત આદમ علیہ السلام ફર્માવશે કે મારા રબે આજે એટલા પ્રમાણમાં ગઝબને પ્રદર્શિત કર્યો છે કે ગઝબનું આવું પ્રદર્શન ન પહેલાં કદી કર્યું ન બાદમાં કદી કરે. એણે મને "શજરહ" (ઝાડ)★ની નજીક જવાથી મના કર્યું હતું પણ (ભૂલથી) તેની વિરૂધ્ધ થઈ ગયું. આજે મને મારી જાનની ફિકર છે અને મારી જાનનો ડર છે. તમે લોકો કોઈ અન્યની પાસે જાવ.

તો લોકો હઝરત નૂહ علیہ السلامની પાસે જશે અને અર્ઝ કરશે, હે નૂહ ! આપ જમીનવાળાઓ તરફ સૌથી પહેલા રસૂલ છો. અલ્લાહે આપનું નામ "અબ્દે શકૂર" રાખ્યું. આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો. આપ જોતા નથી કે અમે કેવા ગમ તથા પરેશાનીમાં છીએ ! આપ જોતા નથી કે અમે કેવા તબાહ હાલ થઈ ચૂક્યા. તો હઝરત નૂહ علیہ السلام ફર્માવશે કે આજે મારા રબે તે ગઝબ ફર્માવ્યો છે કે આવો ગઝબ ન પહેલાં કદી કર્યો ન બાદમાં કદી કરે. મેં મારી કોમની બર્બાદીની દુઆ કરી દીધી હતી, મને મારી જાનના ફિકર છે. તમે લોકો હઝરત ઈબ્રાહીમ علیہ السلامની પાસે જાવ.

ત્યારે એ લોકો હઝરત ઈબ્રાહીમ علیہ السلامની

---

★ *આ ખુદાએ કરીમના આ ઈર્શાદની પ્રતિ નિર્દેશ છે : وَلَا تَقْرَبَا هٰذِهِ الشَّجَرَةَ "આ ઝાડની નજીક ન જશો." (સૂ. બકૃરહ, ૨/૩૫) પણ આપ ભૂલથી તેની નજીક ચાલ્યા ગયા જેવું કે બીજી આયતે કરીમામાં તેની સ્પષ્ટતા છે : وَلَقَدْ عَهِدْنَآ اِلٰٓى اٰدَمَ مِنْ قَبْلُ فَنَسِيَ وَلَمْ نَجِدْ لَهٗ عَزْمًا "અને બેશક ! અમે આદમને આનાથી પહેલાં એક તાકીદી હુકમ આપ્યો હતો તો ભૂલી ગયા, અને અમે તેનો ઈરાદો ન પામ્યો. (સૂ. તાહા, ૨૦/૧૧૫, કન્ઝુલ ઈમાન)*

બારગાહમાં હાજર થશે અને અર્ઝ કરશે કે આપ અલ્લાહના નબી અને જમીનવાળાઓમાં તેના ખલીલ છો. આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો. આપ જોતા નથી કે અમે કેવી બલામાં સપડાયેલા છીએ ! આપ જોતા નથી કે અમારો હાલ કેટલો બદતર થઈ ચૂક્યો છે !

તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام ફર્માવશે કે બેશક ! આજે મારા રબે તે ગઝબ કર્યો છે કે એવો ગઝબ ન પહેલાં કદી કર્યો ન બાદમાં કદી કરે. તે પોતાની ત્રણ વાતોનો હવાલો આપીને ઉઝર (બહાનુ પ્રદર્શિત) કરશે જે તેમની પોતાની મુરાદના લેહાઝથી સાચુ પણ સામેવાળાની સમજના લેહાઝથી હકીકતથી વિરૂધ્ધ હશે. તે કહેશે કે આજે મને મારી ફિકર છે, આજે મને મારો ગમ છે, તમે લોકો હઝરત મૂસા علیہ السلامની પાસે જાવ.

હવે લોકો હઝરત મૂસા علیہ السلامની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરશે કે, હે મૂસા ! આપ અલ્લાહના રસૂલ છો. અલ્લાહ તઆલાએ આપને પોતાની રિસાલતો તથા પોતાના કલામથી મુશર્રફ કરીને લોકો પર ફઝીલત બખ્શી. તમારા રબની બારગાહમાં અમારા માટે શફાઅત કરો. આપ જોતા નથી કે અમે કેવા આફતોમાં સપડાયેલા છીએ અને બુરા હાલના શિકાર છીએ.

તો હઝરત મૂસા علیہ السلام તેમને ફર્માવશે, બેશક ! આજે મારા રબે ગઝબનો ઈઝહાર કયો છે કે એવો ગઝબનો ઈઝહાર ન આના પહેલાં કદી કર્યો ન ભાવિમાં કદી કરશે. મેં તો એક એવા શખ્સને (વિના ઈરાદે) કત્લ કરી દીધો હતો જેનો મને હુકમ ન હતો. આજે મને મારી જાનની ફિકર છે અને પોતાની પરવા છે. તમે લોકો હઝરત ઈસા علیہ السلامની પાસે જાવ.

તો લોકો હઝરત ઈસા علیہ السلامની સેવામાં હાજર થશે અને અર્ઝ કરશે, હે ઈસા ! આપ અલ્લાહના રસૂલ છો. આપે પારણામાં લોકો સાથે વાત કરી. આપ અલ્લાહનો કલમો છો જે તેણે હઝરત મરયમને ઈલ્કા કર્યો અને તેના તરફથી રૂહ છો. તો આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરી આપો. આપ જોતા નથી કે અમે કઈ મુસીબતમાં સપડાયેલા છીએ. આપ નથી જોતા કે અમે કયા હાલમાં પહોંચી ચૂક્યા !

તો હઝરત ઈસા علیہ السلام તેમને ફર્માવશે કે આજે મારા રબે જેટલો સખત ગઝબ પ્રદર્શિત કર્યો છે એવો કદી પહેલાં કર્યો ન બાદમાં કદી કરશે. તે પોતાની કોઈ લગ્ઝિશનો ઉલ્લેખ કરશે નહીં. મને મારી જાનનો ડર છે, તમે લોકો બીજા પાસે જાવ. તમે લોકો સૈયદના મુહમ્મદ ﷺની સેવામાં હાજર થાવ.

સરકાર ﷺ વર્ણવે છે કે હવે એ સૌ લોકો મારી પાસે હાજર થશે અને અર્ઝ કરશે, હે મુહમ્મદ ! આપ અલ્લાહના રસૂલ તથા ખાતમન્નબીય્યીન છો, અને અલ્લાહ તઆલાએ (ઈનામ રૂપે) આપના આગલા તથા પાછલાઓના ગુનાહ બખ્શી આપ્યા. આપ આપના રબની બારગાહમાં અમારી શફાઅત કરો. હુઝૂર ! જુઓ કે અમે કેવા આફતોમાં સપડાયેલા છીએ, અને અમારો શું હાલે ઝાર છે ? તો હવે હું અર્શે આ'ઝમની તરફ ચાલીશ અને ત્યાં પહોંચીને પોતાના રબના માટે સજદામાં પડી જઈશ. પછી અલ્લાહ તઆલા પોતાની હમ્દો ષના માટે મારા સીનાને એવો ખોલી આપશે અને એવા એવા શાનદાર કલમાઓ ઈલ્હામ ફર્માવશે કે મારાથી પહેલાં કોઈનો સીનો એવા કલમાઓ માટે ન ખોલ્યો ન તેણે કોઈને ઈલ્હામ કર્યો. પછી અલ્લાહ તઆલા ફર્માવશે : હે મુહમ્મદ ! તમારું માથુ ઉઠાવો ! અને શફાઅત કરો, તમારી શફાઅત કબૂલ કરવામાં આવશે. તો હું મારુ માથુ ઉઠાવીને અર્ઝ કરીશ :

હે મારા પરવરદિગાર ! મારી ઉમ્મતને બખ્શી આપ ! મારી ઉમ્મતને બખ્શી દે ! વધુ પેજ **૪૫** પર.

ઈસ્લામના મુજદ્દિદો
વિશે વર્ણન

**બીજી સદીના મુજદ્દિદ ૧**

# હઝરત ઈમામ મુહમ્મદ બિન ઈદરીસ શાફઈ رحمۃ اللہ علیہ

*(હિ.સ. ૧૫૦ થી ૨૦૪)*

*(કાર્યાલય)*

**આપની કિતાબો : (૧) કિતાબુલ ઉમ :** આ કિતાબ ૧૫ ભાગોમાં આવેલી છે જેને ઈમામ શાફઈના ચહીતા શાગિર્દ રબીઅ ઈબ્ને સલ્માન મરાદીએ આપનાથી રિવાયત કરી. એ ઈમામ શાફઈના અક્વાલે જદીદા (નવીન કથનો) પર આધારિત દુર્લભ કિતાબ છે.

**(૨) અર્રિસાલા :** આ કિતાબ ઈમામુલ જરહ વ તઅદીલ અબ્દુર્રહમાન બિન મહદીની ખ્વાહિશ પર લખી. આ ફન્ને ઉસૂલે ફિક્હમાં છે. લખ્યા બાદ ઈમામ અબ્દુર્રહમાનની બારગાહમાં જ્યારે પેશ કરવામાં આવી તો અનાયાસે ફર્માવ્યું : "મારું ગુમાન નથી કે અલ્લાહે એમના જેવો માણસ (એમના કાળમાં) પેદા કર્યો હોય." *(મિર્અતુલ જિનાન, ૨/૧૫)*

**(૩) મુસ્નદે શાફઈ :** આ આપની કોઈ નિયમિત કિતાબ કૃતિ નથી, બલ્કે ઈમામ મુઝની તથા રબીઅ બિન સુલૈમાન થકી કિતાબુલ ઉમ તથા મબસૂતમાં જે રિવાયતો મરવી છે તેમને અબૂ જઅફર મુહમ્મદ બિન મતરે સંપાદિત કરીને મુસ્નદે શાફઈ નામ આપ્યું છે.

**(૪) કિતાબુલ હજ્જ :** આ ઈમામ શાફઈ رحمۃ اللہ علیہના પૂરાણા કથનો (કૌલે કદીમ) પર એક વિશ્વસનીય તથા મુસ્તનદ (પ્રમાણિત) કૃતિ છે એને આપે બગદાદના અંતિમ રોકાણના જમાનામાં લખી હતી.

**(૫)** કિતાબુલ એહકામુલ કુર્આન **(૬)** ઈખ્તિલાફુલ હદીષ **(૭)** ઈબ્તાલુલ ઈસ્તિહસાન **(૮)** કિતાબે ઈજમાઉલ ઈલ્મ **(૯)** કિતાબુલ કિયાસ **(૧૦)** ઈખ્તિલાફે માલિક વ શાફઈ **(૧૧)** કિતાબુલ અલલ **(૧૨)** કિતાબુલ મબ્સૂત.

## ★ઈમામ શાફઈ મુજદ્દિદની હૈસિયતથી ★

ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ બીજી સદીના મુજદ્દિદ છે. આપના બારામાં નબી કરીમ ﷺની બશારત નક્લ થયેલી છે : "અલ્લાહ કુરૈશને હિદાયત આપે, બેશક ! એનો આલિમ જમીનના ખૂણાઓને ઈલ્મથી ભરી દેશે."

અલ્લામા અબ્દુલ મલિક બિન મુહમ્મદે આ હદીષના મિસ્દાક (જેમને લાગુ પડે છે તે) ઈમામ શાફઈ رضی اللہ عنہને ઠરાવતાં લખ્યું : આ હદીષમાં કુરૈશના જે આલિમની પેશનગોઈ કરવામાં આવી છે એના મિસ્દાક ઈમામ અબ્દુલ્લાહ શાફઈ رضی اللہ عنہ છે.

*(તહઝીબુત્તહઝીબ, ૯/૨૪)*

નબી કરીમ ﷺની બશારતનું પરિણામ એ જાહેર થયું કે આપ અતિ અધિક પ્રમાણના ઈલ્મો તથા વિદ્યાઓમાં સમયના અજોડ રહ્યા. ખાસ કરીને ફિક્હ, તફસીર, હદીષ તથા ઈલ્મે કલામ વગેરેમાં આપની ખિદમતો આપના મુજદ્દિદ હોવાની ભાળ આપે છે. આપે ઈસ્લામી મિલ્લતને ફકીહો તથા મુહદ્દિષોના રૂપમાં ન કેવળ રુશ્દો હિદાયતના સિપેહસાલાર આપ્યા બલ્કે દુર્લભ તથા નાયાબ ઈલ્મી કૃતિઓ (કિતાબો)નો એક આશ્ચર્યમાં ડૂબાડી દેનારો ઝખીરો પણ છોડયો. એટલા માટે કે આપે એવા ઉસૂલો તથા ઝાબતા (નિયમો) પોતાની કિતાબોમાં લખ્યા જેમણે પોતાનામાં ન જાણે કેટલાય ઈલ્મો તથા વિદ્યાકલાઓને સમાવેલ છે. આપની આ જ

www.barkatekhwaja.net

ખિદમતોના આધાર પર ઉમ્મતના અકાબિરોએ આપને મુજદ્દિદ તરીકે સ્વીકાર્યા. જેમ કે ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہએ ફર્માવ્યું, "બેશક ! અલ્લાહ તઆલા દરેક સદીના છેવટમાં લોકોના માટે એવા શખ્સને મોકલશે જે લોકોને સુન્નતની તાલીમ આપશે અને રસૂલુલ્લાહ ﷺની તરફ સંબંધિત જૂઠને નકારશે." મેં જ્યારે એના પર વિચારણા કરી તો જોયું કે પહેલી સદીના અંતમાં ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ થયા અને બીજી સદીના અંતમાં ઈમામ શાફઈ رضی اللہ عنہ થયા. *(તહઝીબુત્તહઝીબ, ૨/૨૫)*

**★ ઈમામ શાફઈ رضی اللہ عنہ તથા ઈલ્મે હદીષ ★**

હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہએ ઈમામ માલિક, સુફયાન ઈબ્ને એયૈના તથા ઈમામ મુહમ્મદ ઈબ્ને હસન શયબાની જેવા સમયના અજોડ હઝરાતથી હદીષનો ઈલ્મ હાંસલ કર્યો હતો એટલા માટે આપની ઈલ્મે હદીષમાં જલાલત (મહાનતા) સિધ્ધ થયેલી હતી. મોઅત્તા ઈમામ માલિક કેવળ દસ વરસની ઉમરમાં મોઢે યાદ કરી લીધી હતી. જેમ કે ફર્માવે છે : "મેં દસ વરસની ઉમરમાં મોઅત્તા ઈમામ માલિકે મોઢે યાદ કરી લીધી હતી." *(તારીખે બગદાદ, ૨/૬૩)*

અને મુસ્નદે ઈમામ શાફઈ જે નબવી હદીષોનો અમૂલ્ય સરમાયો છે એ આપની ઈલ્મે હદીષની મજબૂતી પર ન્યાયી સાક્ષી છે.

આપ હદીષના અર્થ તથા ભાવાર્થોથી વાકેફ, રાવીઓની હાલતો તથા કૈફિયતો અને હદીષની સિહત વ સિક્‌મ (સહીહ તથા કમીવાળા)ની પહેચાનમાં ઘણી જ નિપૂણતા ધરાવતા હતા, બલ્કે આપે ઝબ્ત વ નક્‌લે રિવાયત ઉપરાંત જમએ રિવાયત, તન્ક઼ીદે અહાદીષ, ઉસૂલે રિવાયત અને મર્તબાઓના ફરકના કાયદા સંપાદિત કર્યા.

**હુજ્જિયતે હદીષ** : (હદીષની દલીલ) આપના દૌરમાં હુજ્જિયતે હદીષના મુન્કિર (નકારનારા) ત્રણ પ્રકારના હતા. આપે આપની કિતાબ "અલ ઉમ"માં તેમના ગલત વહેમોની જડો કાઢી નાખી છે. ટૂંકમાં જોઈ લો :

(૧) જે ગિરોહ (ગૃપ) મુત્લક઼ હુજ્જિયતે હદીષનો મુન્કિર હતો, આપે તેનો રદ આ પ્રમાણે કર્યો : اِنَّمَا الْمُؤْمِنُوْنَ الَّذِیْنَ اٰمَنُوْا بِاللّٰہِ وَ رَسُوْلِہٖ "બેશક ! મો'મિન જે કામિલ ઈમાન લાવ્યા અલ્લાહ પર અને રસૂલ પર." (સૂ. હુજુરાત, ૪૯/૧૫) એમાં આપે અલ્લાહ પર ઈમાનને રસૂલ પર ઈમાનની સાથે સંકલિત હોવા પર દલીલો કરી અને રસૂલ પર ઈમાન એ રસૂલુલ્લાહ ﷺની વાણી, વર્તન તથા તકરીરાતની ફર્માબરદારીને વાજિબ કરે છે. જાહેર છે કે આયતે કરીમાથી સ્પષ્ટપણે રસૂલ પર ઈમાનનું ઈમાનનો ભાગ હોવું સાબિત છે અને ઈમાનનું પરિણામ પયરવી (ઈત્તેબાઅ) છે, જેથી હદીષનું અનુસરણ વાજિબ છે.

(૨) એ ગૃપ જેનું કહેવું હતું કે જો હદીષ કુર્આનનું બયાન ન હોય તો તે દલીલને પાત્ર નથી. તેમની રદ આ રીતે કરી કે : તે હદીષ જે કુર્આનની વિરૂધ્ધ નથી તે એવા રસૂલથી રિવાયત પામેલી છે જેની ફર્માબરદારી લાઝિમ છે. જાહેર છે કે તે પણ એના કારણે સ્વીકારને પાત્ર થશે.

(૩) ત્રીજુ ગૃપ તે છે જેમનું કહેવું હતું કે ખબરે આહાદ (એક રાવીની ખબર) સ્વીકારને પાત્ર નથી. તેમને રદિયો આપતાં ફર્માવ્યું કે નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, "અલ્લાહ એ બંદાના દિલને ખૂબ રોશન કરે જેને મારી હદીષ સાંભળી અને તેને યાદ કરી અને દિલમાં બેસાડી અને બીજા સુધી પહોંચાડી. ક્યારેક હદીષને જાણનાર ફકીહ નથી હોતો તે પોતાના

અધિક જાણનાર તરફ પહોંચાડે છે." જ્યારે હિફઝ (યાદ કરવા)નું પ્રોત્સાહન શારેઅ (હુઝૂર ﷺ)એ આપ્યું અને બીજાઓ સુધી પહોંચાડવાનો હુકમ પણ આપ્યો, તો એ એના દલીલને પાત્ર હોવા માટે પૂરતુ છે. *(ઈત્તિહાફુલ મહરા, ૨/૧૨૮)*

## ★ ઈમામ શાફઈ મુહદ્દિષોની નજરમાં ★

**(૧) ઈમામ અહમદ ઈબ્ને હંબલે કહ્યું :** "હું મુજમલ, મુફસ્સલ, નાસિખ તથા મન્સૂખ અને હદીષનો આલિમ નથી થયો જ્યાં સુધી કે ઈમામ શાફઈની મજલિસમાં ન બેઠો." ઈબ્રાહીમ મરવીએ કહ્યું : "મેં ઈમામ અહમદથી ઈમામ શાફઈના બારામાં પૂછયું તો કહ્યું, "એમની હદીષો સહીહ છે, એમને સહીહ જાણ્યા." *(તારીખે ઝહબી, ૨/૩૦૫)*

**(૨) ઈમામ ઝહબીએ કહ્યું :** આપ હદીષના હાફિઝ અને તેની કમીઓને સારી રીતે જાણનારા હતા. કેવળ તે જ હદીષ કબૂલ કરતા કે જે સહીહ હોવાના દરજા નજીક પહોંચી જતી.

*(તઝકેરતુલ હુફ્ફાઝ, ૧/૩૩૦)*

**(૩) ઈમામ કુતૈબાએ કહ્યું :** "શાફઈનો ઈન્તેકાલ થયો અને સાથમાં સુકન તથા વરઅનું પણ મૌત થઈ ગયું." *(તારીખે ઝહબી, ૨/૩૧૪)*

**(૪) ઈમામ અબૂ દાઊદે કહ્યું :** "એવી કોઈ હદીષ નથી જેમાં શાફઈએ ખતા કરી હોય." *(તહઝીબ, ૯/૨૭)*

**(૫) ઈમામ નિસાઈએ કહ્યું :** "ઈમામ શાફઈ અમારી નજીક એ વિશ્વસનીય આલિમ હતા તથા એ મેહફૂઝ હતા." *(તહઝીબ, ૯/૨૭)*

**(૬) અબૂ ઝરી રાઝીએ કહ્યું :** "ઈમામ શાફઈ પાસે સહીહ સિવાયની હદીષ ન હતી."*(તહઝીબ, ૯/૨૭)*

**(૭) અબૂ હાતિમ રાઝીએ કહ્યું :** "ઈમામ શાફઈ ન હોત તો ઈલ્મે હદીષવાળા સહીહ માર્ગદર્શન ન પામતા." *(મિર્અતુલ જિનાન, ૨/૧૯)*

**(૮) ઝઅફરાનીએ કહ્યું :** "ઈલ્મે હદીષવાળા સૂઈ રહ્યા હતા ત્યાં સુધી શાફઈએ આવીને તેમને જગાડયા." *(વફયાતુલ અઅયાન, ૨/૩૧૨)*

**(૯) મુહમ્મદ બિન હસને કહ્યું :** "ઈલ્મે હદીષવાળા એક દિવસ ઈમામ શાફઈની ઝબાનથી વાત કરીને જુએ." *(તવાલિત્તાસીસ, પેજ–૫૪)*

આપની ઈલ્મે હદીષમાં પહોંચનો અંદાઝો એનાથી થાય છે કે આપ ઈમામ મુહમ્મદના મસાઈલને હદીષોથી સજ્જ કરતા હતા. જેમ કે આપે ખુદ ફર્માવ્યું, "ઈમામ મુહમ્મદની કિતાબો ખરીદવા પાછળ સોના ચાંદીના ૬૦ સિક્કા મેં ખર્ચ કર્યા, પછી કિતાબો પર ચિંતન વિચારણા કરી, પછી દરેક મસ્અલાની બાજુમાં એક હદીષ લખી."

*(તારીખે ઝહબી, ૨/૩૧૨)*

તેમજ આ એક મશહૂર બનાવ છે કે એક રાતે ઈમામ શાફઈ નફલોમાં મશગૂલ રહ્યા, જ્યારે કે ઈમામ મુહમ્મદ સૂતેલા (આડા પડેલા) રહ્યા. પરંતુ જ્યારે ફજરનો સમય થયો તો ઈમામ મુહમ્મદ વુઝૂ કર્યા વિના ફજર પઢવા લાગ્યા. જેના પર ઈમામ શાફઈએ આશ્ચર્ય પ્રદર્શિત કર્યું, તો ઈમામ મુહમ્મદે ફર્માવ્યું કે હું મસાઈલ (ઈસ્તિંબાત) કાઢી રહ્યો હતો અને મેં પચાસ હજાર મસાઈલ (રાત દરમ્યાન) તારવ્યા. તમારી ઈબાદતનો સવાબ કેવળ તમને મળશે, જ્યારે કે મારા મસાઈલનો (સવાબ) મુસ્લિમ ઉમ્મતને પણ મળશે.

આ ઈમામ મુહમ્મદના કાઢેલા (મુસ્તંબાત) મસાઈલની ટૂંકી સંખ્યા હતી જ્યારે કે ઈમામ શાફઈએ તેમની સર્વ કિતાબો ખરીદીને મસાઈલ પર હદીષોનો વધારો કર્યો હતો જેનાથી આપની હદીષદાની

(હદીષને લગતુ જ્ઞાન) જાહેર થાય છે કે આપ પોતાના દૌરના અમીરુલ મો'મિનીન ફિલ્ હદીષ હતા. એ જ કારણે આપને બગદાદમાં "નાસિરુલ હદીષ"ના નામથી યાદ કરવામાં આવ્યા.

## ★ ઈમામ શાફઈની સમજ શક્તિ તથા દીર્ઘદષ્ટિ ★

ઈમામ શાફઈ رضی اللہ عنہને રબ્બે કદીરે સમજ શક્તિ તથા દીર્ઘદષ્ટિથી પણ ખૂબ નવાઝયા હતા. એ જ કારણે આપ પરિચાલિત (રિવાજ પામેલ) વિદ્યાઓના એક મહાન મુહક્કિક સ્વીકારવામાં આવેલ છે. જેમ કે ઉમ્મતના અકાબિરો (અગ્રેસર ઉલમા) આપની ફહમ તથા ફરાસત (સમજ શક્તિ તથા દીર્ઘ દષ્ટિ), બુધ્ધિ તથા અગમચેતી વિશે આ પ્રમાણે વર્ણન કરે છે :–

**યહ્યા બિન સઈદ કત્તાન જણાવે છે :** મેં શાફઈથી અધિક બુધ્ધિશાળી તથા ફકીહ નથી જોયો.

**અબૂ ઓબૈદા જણાવે છે :** મેં શાફઈ કરતાં વધુ બધ્ધિશાળી માણસ નથી જોયો, અને હું દરેક નમાઝ પછી ખાસ કરીને તેમના માટે દુઆ કરું છું. *(તહઝીબ, ૯/૨૫)*

**ઈસ્હાક બિન રાહવિહ જણાવે છે :** આપને પૂછવામાં આવ્યું કે ઈમામ શાફઈએ ઉમરના ઓછાપણા છતાં આટલી કિતાબો કેવી રીતે લખી ? તો જવાબ આપ્યો : ઓછી ઉમરમાં અલ્લાહે એમની બુધ્ધિ એકત્ર કરી દીધી હતી. *(તહઝીબુત્તહઝીબ, ૯/૨૫૯)*

**હારૂન ઈબ્ને સઈદ અયલી જણાવે છે :** જો શાફઈ પથ્થરના આ થાંભલાઓને લાકડી સાબિત કરવા ચાહે તો કરી શકે છે. *(તરતીબુલ મદારિક, ૧/૩૮૬)*

**યૂનુસ ઈબ્ને અબ્દુલ અઅ્લા જણાવે છે :** "એક ગિરોહ પણ એકત્ર થઈ જાય તો તે પણ ઈમામ શાફઈની બુધ્ધિને ન પહોંચે. *(તારીખે ઝહબી, ૩/૩૧૩)*

આપ દરેક મામલાને ખૂબ જ ઉમદા અંદાઝમાં હલ કરી આપતા હતા. જેમ કે એક સમયનો બનાવ છે કે બે માણસો કપડાંથી ભરેલી પેટી આપનાં અમાનતદાર વાલિદા પાસે રાખીને ચાલ્યા ગયા. થોડા દિવસો બાદ તેમાંથી એક આવ્યો અને સંદૂક લઈ ગયો. પછી બીજો આવ્યો તો આપનાં વાલિદાએ કહ્યું કે હું પેટી તમારા સાથીને આપી ચૂકી છું. જેના પર એ માણસે કહ્યું કે સંદૂક રાખી તો અમે બંનેવે હતી, તો આપે કેવળ તેને જ કેવી રીતે આપી દીધી ?! આપ પરેશાન થયાં, એટલામાં ઈમામ શાફઈ આવી ગયા તો એમના વાલિદાએ તેમને પૂરો બનાવ વર્ણવ્યો. તો ઈમામ શાફઈએ તે શખ્સને કહ્યું કે તમારી પેટી મૌજૂદ છે, તમારા સાથીને લઈને આવો, અને તમારી અમાનત લઈ જાવ. એ સાંભળીને તે આશ્ચર્યમાં પડી ગયો. *(તારીખે ઝહબી, ૨/૩૧૫)* –*(ક્રમશઃ)*

## અફઝલુલ બશર બઅદલ અંબિયાની યાદમાં પ્રોગ્રામો

**દયાદરા :** અંબિયા પછી સર્વ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ **હઝરત અબૂબક્ર સિદ્દીક** પ્રથમ ખલીફા رضی اللہ عنہ જેમનો વિસાલ ૨૨ જમાદિયુલ આખરના થયો હતો તેમની યાદમાં દયાદરા મુખ્તારુલ મસાજિદ ખાતે મહિનાના બે ત્રણ રવિવાર સુધી અસર બાદ સુન્ની ઈજતેમામાં તેમજ જુમ્આના બયાનોમાં **મૌલાના ઝહીર મિસ્બાહી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)નાં શાનદાર ઈમાન અફરોઝ બયાનો શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہમાં થયાં હતાં. એ ઉપરાંત ભરૂચ, જંબુસર, ખોજબલ, બોડેલી, વડોદરા વગેરે સ્થળોએ પણ "જશ્ને સિદ્દીકે અકબર" શાનો શોકતથી મનાવાયો હતો.

# વર્તમાન ક્રિકેટ તથા અન્ય રમતો શરીઅતના આઈનામાં

✻ કાર્યાલય ✻

હપ્તો-૨

## ★ ટીવી પર ક્રિકેટ મેચ જોવી કેવું ? ★

**સવાલ** : ટીવી પર ક્રિકેટ મેચ જોઈ શકાય છે ?

بِسْمِ اللّٰہِ الرَّحْمٰنِ الرَّحِیْمِ

اَلْجَوَابُ بِعَوْنِ الْمَلِكِ الْوَهَّابِ اَللّٰهُمَّ هِدَايَةَ الْحَقِّ وَالصَّوَابِ

**જવાબ** : પ્રથમ તો એ યાદ રાખશો કે કોઈ પણ રમતને રમત રૂપે રમવી ખેલકૂદ હોવાના કારણે મના છે અને વર્તમાન રિવાજ પામેલ ક્રિકેટ ખેલકૂદના રૂપે જ રમવામાં આવે છે. તો જ્યારે આ રીતે રમવું મના છે તો એને જોવાની પણ ઈજાઝત નથી. વળી એ કે ટીવી, મોબાઈલ, કોમ્પ્યુટર વગેરે કોઈ પણ પર્દા પર ક્રિકેટ જોવામાં એના સિવાય અનેક વિવિધ શરીઅત વિરુદ્ધ કામો થતાં જોવા મળે છે. દા.ત. મેચ દરમ્યાન બેપર્દગી પર આધારિત દશ્યો દેખાડવામાં આવે છે, વળી એવી જાહેરાતો પણ ચલાવવામાં આવે છે જેમાં બેપર્દા સ્ત્રીઓ હોય છે. એ જ પ્રમાણે ડાયરેક્ટ મેચ જોવામાં પણ શરીઅત વિરુદ્ધ કામોમાં પડવું શક્ય છે. દા.ત. પુરૂષો સ્ત્રીઓની ભેળસેળ, મ્યૂઝિક સાંભળવું વગેરે. એ જ પ્રમાણે કેટલાયની નમાઝો કઝા થઈ જાય છે, અને ખાસ કરીને જમાઅતની વ્યવસ્થા તો અતિ મુશ્કેલ થઈ જાય છે. તો જે કામોમાં પણ શરીઅત વિરુદ્ધ બાબતો સામેલ હોવું જોવા મળે, ચાહે તો ક્રિકેટ રમવું હોય કે જોવું અથવા એ સિવાયનું કોઈ કામ, તો એ નાજાઈઝ તથા હરામ તથા ગુનોહ છે.

મુફતીએ આ'ઝમ પાકિસ્તાન અલ્લામા મૌલાના મુહમ્મદ વકારુદ્દીન رحمۃ اللہ علیہથી સવાલ કરવામાં આવ્યો કે ક્રિકેટર ખેલવું અને જોવું કેવું છે ? તો આપ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે હદીષ મુબારકમાં છે : "દરેક તે ચીજ જેમાં કોઈ મુસલમાન ગફલતમાં પડી જાય એ બાતિલ છે, પણ કમાનથી તીરંદાઝી કરવી, પોતાના ઘોડાને પલાળવો (કેળવવો) અને પોતાની પત્ની સામે ખેલ કરવું એ ત્રણેવ કામ હક્ક છે.

*(સુનને ઈબ્ને માજહ, પેજ–૨૦૨, પ્રેસ : કરાંચી)*

હદીષમાં સ્પષ્ટપણે બતાવી દેવામાં આવ્યું કે મો'મિનની જિંદગી ખેલકૂદ માટે નથી. જેથી તંદુરસ્તી માટે ટહેલવું અથવા કસરત માટે થોડુ રમવું તો જાઈઝ છે પણ ક્રિકેટ વગેરે ખેલ જે રીતે રમવામાં આવે છે એમાં કોઈ સહીહ મકસદ નથી, બલ્કે કૌમ અને દેશનું ઘણુ જ મોટુ નુકસાન છે. એમાં કૌમના માલની બર્બાદી અને સમયને બર્બાદ કરવું છે. અને દીનના નુકસાનની તો સ્થિતિ એ છે કે હજારો માણસો બેઠા બેઠા દિવસભર ખેલ જોતા રહે છે, ન નમાઝની પરવા ન પોતાનો સમય વેડફવાની પરવા ! દરેક રીતે આ ખેલ ખેલવો નાજાઈઝ તથા હરામ છે, અને તેને જોવા તથા સાંભળવામાં સમય વેડફવો પણ નાજાઈઝ છે. *(ટૂંકાવીને : વકારુલ ફતાવા, ૩/૪૩૬, ૪૩૭, કરાચી)*

وَاللّٰهُ اَعْلَمُ عَزَّوَجَلَّ وَرَسُوْلُهٗ اَعْلَم صَلَّى اللّٰهُ تَعَالٰى عَلَيْهِ وَاٰلِهٖ وَسَلَّم

**જવાબ લખનાર** : અબૂ હફ્સ મુહમ્મદ ઈર્ફાન મદની અત્તારી (ફતાવા નં. ૧૨૫૮, દારુલ ઈફતાએ એહલે સુન્નત–દા'વતે ઈસ્લામી)

હુઝૂર તાજુશ્શરીઅહ અલ્લામા મુફતી અખ્તર રઝાખાં બરેલ્વી رحمۃ اللہ علیہ ક્રિકેટ વિશે સવાલો પર જે

www.barkatekhwaja.net

જણાવે છે તે જામિઅતુર્રઝાની વેબસાઈટ પર ઓડિયો સ્વરૂપે સર્ચ કરવા પર ૧૧ સવાલો મળે છે જેને અહીં રજૂ કરીએ છીએ :–

**૦૧. ક્રિકેટ કોચિંગ ચલાવવું :** સવાલ કરવામાં આવ્યો કે શું ક્રિકેટ કોચિંગ ચલાવવું એટલે ક્રિકેટ રમતાં શીખવવું કેવું છે ? અને તેના થકી આવક જાઈઝ છે કે નહીં ?

**જવાબ** : એ નાજાઈઝ છે અને આવક પણ નાજાઈઝ છે.

**૦૨. ક્રિકેટરથી પૈસા કમાવા :** સવાલ કરવામાં આવ્યો કે ક્રિકેટ રમીને પૈસા કમાવા જાઈઝ છે કે નાજાઈઝ ?

**જવાબ** : એમાં વિગતવાર જરૂરી છે કે ક્રિકેટ કોની સાથે રમી અને કોણે પૈસા આપ્યા. (ત્યાર બાદ જવાબ મળશે.)

**03. કસરત માટે રમવું :** સવાલ કરવામાં આવ્યો કે ક્રિકેટરને ફિટનેશ માટે રમવી કેવું ?

**જવાબ** : કોઈ અન્ય કસરત કરવામાં આવે.

**ફાયદો** : અમે અગાઉ પણ એના પર લખી ચૂક્યા છીએ કે કસરતના નામ પર જો કે થોડુ ઘણુ કદી કદી રમી લેવું જાઈઝ છે, પરંતુ બેહતર એ જ છે કે કસરતના માટે કોઈ અન્ય ઝરીયો અપનાવવો જોઈએ. એને રમનારાઓને પછી એની આદત પડી જાય છે.

**૦૪. ટીવી પર ક્રિકેટ જોવી :** સવાલ કરવામાં આવ્યો કે એવા શખ્સના બારામાં જે ટીવી પર ક્રિકેટ જુએ છે અને બીજાઓને પણ દેખાડે છે.

**જવાબ** : એવો શખ્સ ફાસિક્ છે અને તેનો એ અમલ નાજાઈઝ તથા હરામ છે.

**૦૫. ટીવી પર ક્રિકેટ મેચ જોનારાની ઈમામતનો હુકમ** : સવાલ કરવામાં આવ્યો કે ટીવી પર ક્રિકેટ જોનારાની ઈમામતનો શું હુકમ છે ?

**જવાબ** : જે શખ્સ ટીવી પર ક્રિકેટ જોવાનો શોખિન છે તો એને ઈમામ બનાવવો જાઈઝ નથી.

**૦૬. ક્રિકેટ ટીમ માટે દુઆ કરવી :** સવાલ કરવામાં આવ્યો કે કોઈ ટીમના માટે તેના જીતવાની દુઆ કરવી કેવું ? જેવું કે વર્લ્ડ કપ વખતે કરવામાં આવે છે.

**જવાબ** : ખેલકૂદ શરીઅતની રૂએ નાજાઈઝ તથા હરામ છે.

**ફાયદો** : જ્યારે એ ખેલકૂદ જાઈઝ નથી તો પછી તો પછી એવા કામના માટે દુઆ કરવી પણ જાઈઝ નથી.

**૦૭. ક્રિકેટને ધંધો બનાવવો :** સવાલ કરવામાં આવ્યો કે ક્રિકેટને ધંધો બનાવવો કેવું છે ? શું એના થકી પૈસા કમાય શકાય છે, જ્યારે કે નમાઝો પઢવામાં આવે અને સતરપોશી પણ હોય.

**જવાબ** : હુઝૂર તાજુશ્શરીઅહ્ رحمۃ اللہ علیہ એ એવા શખ્સને હિદાયત કરી કે આ ખેલકૂદની સ્થિતિથી બચે અને અન્ય કોઈ સમજદારીવાળો ધંધો અપનાવે અને અલ્લાહ રોજી આપનાર છે. કોઈ શરાફતવાળુ કામ કરવામાં આવે.

**૦૮. થોડીક મિનિટો માટે ક્રિકેટ, ફુટબોલ, ટેનિસ વગેરે રમવું :** અંગ્રેજીમાં સવાલ કરવામાં આવ્યો કે થોડી મિનિટો માટે ક્રિકેટ, ફૂટબોલ, ટેનિસ વગેરે રવું કેવું ?

**જવાબ** : ખેલકૂદ શરીઅતની રૂએ નાજાઈઝ છે. **જો કસરતની નિય્યતે કદી કદી થોડુક રમી લેવામાં આવે અને એમાં સતરપોશી હોય તો વાંધો નથી.**

www.barkatekhwaja.net

**૦૯. શમ્એ શબિસ્તાને રઝામાં ક્રિકેટનો વઝીફો :** સવાલ કરવામાં આવ્યો કે કિતાબ "શમ્એ શબિસ્તાને રઝા"માં છે કે આ'લા હઝરતે ક્રિકેટ જીતવાનો કોઈ વઝીફો અર્પણ કર્યો હતો, એની શું હકીકત છે ?

**જવાબ** : એ વિશ્વસનીય નથી. અને આ કિતાબમાં કેટલીય એવી વાતો આ'લા હઝરતની તરફ અને બુઝુર્ગોની તરફ સંબંધિત કરી આપવામાં આવેલી છે.

**ફાયદો** : "શમ્એ શબિસ્તાને રઝા" નામની કિતાબને અમુક લોકો આ'લા હઝરતની કિતાબ સમજે છે જ્યારે કે એ બિલ્કુલ ગલત છે. આ કિતાબ આ'લા હઝરતની નથી. આ કિતાબના બારામાં ઉલમાએ એહલે સુન્નતે ચર્ચા કરેલી છે કે એ વિશ્વસનીય નથી.

**૧૦. ક્રિકેટ અને ટેનિસની ઈજાઝત નથી :** સવાલ કરવામાં આવ્યો કે શું ક્રિકેટ તથા ટેનિસ રમવાની ઈજાઝત છે ?

**જવાબ** : ઈજાઝત નથી.

**૧૧. ટાઈમ પાસ માટે રમવું :** સવાલ કરવામાં આવ્યો કે પૈસા લગાડયા વિના કેવળ ટાઈમ પાસ માટે કેરમ તથા ક્રિકેટ વગેરે રમવું કેવું ?

**જવાબ** : નથી રમી શક્તા. કેમ કે એ ખેલકૂદ ગણાશે. (ટૂંકાવીને)

**ફાયદો** : ઉપરોક્ત સવાલો અને તેના જવાબોથી બિલ્કુલ સ્પષ્ટપણે સમજમાં આવે છે કે ક્રિકેટ વગેરે રમવાની ઈજાઝત નથી અને જ્યાં સુધી ઈજાઝત છે તો પણ એનાથી બચવું પણ બેહતર છે, કેમ કે, "ઝુકામ (શરદી)ને રોકો જેથી તાવ ન આવે" પર અમલ કરવો જોઈએ.

ક્રિકેટના સંબંધે અમે અહીં જે ફતવા નકલ કર્યા એ આ મસ્અલાને વિગતવાર સમજ માટે પૂરતા જણાય છે. વર્ણવેલ પૂરી ચર્ચાથી આ વાતો સમજમાં આવે છે :–

- ❑ ક્રિકેટ રમવું નાજાઈઝ છે બલ્કે કેટલાય નાજાઈઝ કામોનો સમૂહ છે.
- ❑ લહવો લઈબ એટલે ખેલકૂદ ઈસ્લામમાં જાઈઝ નથી કેમ કે માણસની પૈદાઈશનો એ મક્સદ નથી, અને એ ચીજો માણસને ગફલતમાં નાખી દે છે. એ જોવામાં આવી ગયું છે કે આ કામોમાં પડનારા કોઈ જ કામના નથી રહેતા અને પોતાની દુનિયાની સાથોસાથ પોતાની આખેરતને પણ ભૂલાવી બેઠેલા હોય છે.
- ❑ નવયુવાનોનું એમાં આટલા પ્રકારનું દીવાનાપણુ કૌમના માટે ઘણુ જ અફસોસનાક અને ભાવિ માટે ખતરનાક છે.
- ❑ કસરતના નામ પર પોતાની તબીઅતની વાત મનાવવું અને નાજાઈઝ સ્થિતિને પણ જાઈઝ સમજવું ઘણી જ બુરી વાત છે.
- ❑ કસરતના માટે જે ઈજાઝત છે તે ઘણી જ ખાસ છે અને એનાથી બચવું પણ બેહતર છે. કસરત કરવાના અસંખ્ય તરીકા છે કે જ્યાં બંદો એકલો કસરત કરી શકે છે. એ શું વાત થઈ કે બંદો ખુદ કસરત કરવાના માટે એક ગૃપ બનાવી લે અને સૌનો સમય બગાડે. આ સર્વ હીલાં બહાનાં કરવાથી બચવું જોઈએ અને સંપૂર્ણપણે આ ખેલકૂદની રીતોથી પરહેઝ કરવો જોઈએ.
- ❑ એના નામ પર જુગાર રમવો પણ તબાહીનો સબબ છે. એ કેટલાય હરામ કામોને એકસાથે કરવા બરાબર છે.

**બરકાતે ખ્વાજા (માસિક)ના ગ્રાહક બનો અને બનાવો !**

www.barkatekhwaja.net



# રોજીમાં બેબરકતીના સબબો

## અને તેનો ઈલાજ

**કાર્યાલય**

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે : وَاِنۡ تَعُدُّوۡا نِعۡمَةَ اللّٰهِ لَا تُحۡصُوۡهَا اِنَّ اللّٰهَ لَغَفُوۡرٌ رَّحِيۡمٌ "અને જો તમે અલ્લાહની નેઅમતોની ગણત્રી કરવા ચાહો તો તેની પૂર્ણ ગણત્રી ન કરી શકશો, બેશક ! અલ્લાહ ઘણો જ બખ્શનારો અત્યંત મહેરબાન છે." *(સૂ. નહ્લ, આ. ૧૮)*

### ★ અલ્લાહની નેઅમત રિઝ્કની વ્યાખ્યા ★

અલ્લાહ તઆલાએ આપણને જિંદગીમાં અગણિત નેઅમતોથી નવાઝેલા છે. જો દિલમાં સાચા અર્થમાં એ નેઅમતોનો એહસાસ તથા કદર હોય અને દિલમાં નાશુક્રીના જઝબાત ન હોય તો માણસ સારી રીતે અંદાઝો લગાડી શકે છે કે અલ્લાહ તઆલાએ તેના પર કેટલો કરમ તથા ઈનામ કરેલ છે. ખરેખર શક્ય છે કે આપણે એ નેઅમતોને ઓછી ગણીશું પરંતુ જ્યારે આપણે આપણી જિંદગીનો એક લાંબો અરસો પસાર કરી લઈએ છીએ, અને પછી પસાર થઈ ગયેલા સમયોમાં આપણા પર થનારાં અલ્લાહના ઈનામો તથા ઈકરામો તથા એહસાનોનું ધ્યાનપૂર્વક નિરીક્ષણ કરીએ છીએ તો આપણને અંદાઝો થઈ જાય છે કે આપણા રબે આપણને કેટલા પ્રમાણમાં અસીમ નેઅમતોથી નવાઝયા છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની અતા કરેલી અગણિત નેઅમતોમાંથી એક નેઅમત રિઝ્ક (રોજી) છે. જો રિઝ્કના શાબ્દિક અર્થનું નિરીક્ષણ કરવામાં આવે તો એનાથી મુરાદ અતા (અર્પણ કરવું) છે. જો કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની અતા ચાહે તે કોઈ પણ સ્વરૂપમાં હોય રિઝ્ક કહેવાય છે આ અતા દુનિયવી પણ હોય શકે છે અને આખેરતની પણ અને રૂહાની પણ હોય શકે છે. આ અર્થની રૂએ રોજી, માલ તથા દોલતની ભરમાર, એશ આરામ, ઔલાદ, નફાકારક ઈલ્મ, અખ્લાકે હસના (સુસંસ્કાર) તથા નેક અમલ એ રિઝ્કનાં વિવિધ સ્વરૂપો છે.

સૂફિયાએ કિરામની માન્યતા પણ એ જ છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેમના પર અન્વારો તજલ્લિયાતની જે વર્ષા કરે છે અને ઈલ્મો ઈર્ફાનના રૂપમાં નેઅમતો અતા કરે છે તે પણ રિઝ્ક છે. તેને તે આલમે બાલા, આલમે રૂહાની તથા આલમે નૂરાનીનું રિઝ્ક કહે છે. હવે એ પોત પોતાની પસંદ છે કે કોણ કઈ રોજીની તલબમાં માર્યો માર્યો ફરે છે. કોઈ દુનિયાની રોજીની તલબમાં પોતાની જાનને થકવી મારે છે અને કોઈ ઉખરવી (આખેરતના) રિઝ્કની ખાતર આખી જિંદગી રિયાઝત તથા મુજાહિદામાં પસાર કરે છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે રોજી અતા કરવાના હવાલાથી પોતાની શાન વર્ણવતાં ફર્માવ્યું : اِنَّ اللّٰهَ هُوَ الرَّزَّاقُ ذُو الۡقُوَّةِ الۡمَتِيۡنُ "બેશક ! અલ્લાહ જ રોજી આપનારો છે, મહાન શક્તિવાળો છે." *(સૂ. ઝારિયાત, આ. ૫૮)*

### ★ દરેકને રોજી આપનારી જાત અલ્લાહની જ છે ★

મતલબ દરેક પ્રકારની નેઅમત તથા રિઝ્ક, પછી તે જાહેરી હોય કે બાતિની, દુનિયવી હોય કે રૂહાની તેને અતા કરનારી અને લોકોમાં વહેંચણી કરનારી જાત અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જ છે. આપણે જીવનની રોજનીશીમાં દુનિયવી રિઝ્ક તથા સબબોમાં તંગદસ્તી તથા વિપુલતાના વિવિધ દશ્યો જોતા રહીએ

www.barkatekhwaja.net

છીએ કે કોઈના પર તંગદસ્તીની સ્થિતિ છવાયેલી છે તો કોઈને ખુશહાલી તથા માલદારી નસીબ થયેલ છે. એ જ પ્રમાણે કોઈની તંગદસ્તીને માલદારીમાં અને અને કોઈની માલદારીની હાલતને તંગદસ્તી (ગરીબી)માં ફેરવાતી પણ આપણે જોઈએ છીએ. માણસ આ સંજોગોમાં પરેશાન થઈ જાય છે, જેના પરિણામે તેના દિલમાં નાશુક્રીની ભાવનાઓ જન્મ લેવા માંડે છે. તેના દિલમાં બેસબ્રીની કૈફિયતો જાગૃત થવા માંડે છે અને તે બેચેન થઈ જાય છે.

રિઝ્ક (રોજી)ના બારામાં નાશુક્રી, પરેશાની તથા બેસબ્રી તેની અંદર બીજાઓથી હસદ તથા દુશ્મનીની ભાવનાઓ પેદા કરી દે છે. તે ક્યારેક કોઈને બદદુઆ આપે છે અને ક્યારેક કોઈની ખુશીથી હસદ કરે છે. આ સર્વ કાંઈ આ નાખુશી, બેસબ્રી તથા નાશુક્રીના જઝબાત (ભાવનાઓ)ના પરિણામે પેદા થાય છે. જ્યારે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત ઈર્શાદ ફર્માવે છે કે આ સર્વ કાંઈ વહેંચણી કરનારો તો હું છું એટલે કે વહેંચણી મેં કરી છે અને તમે દુશ્મની બીજા માણસોથી કરો છો. આ વહેંચણીની માત્રા તો મેં નક્કી કરી છે તો પછી કોઈ બીજાથી હસદ (ઈર્ષા) શા માટે કરો છો ? બીજા માટે પોતાનું દિલ સંકૂચિત (તંગ) કરવાને બદલે પોતાના દિલને વિશાળ રાખો. બીજાઓને પણ મેં જ અર્પણ કર્યું છે તો તમને પણ અતા કરીશ, પણ પોતાનામાં તે આદતો તથા અખ્લાક઼ પેદા કરો જે આદતોના બદલામાં બીજાઓને મેં અતા કરેલ છે.

આ તે મહત્વનો મુદ્દો છે જેના પ્રતિ આપણે ધ્યાન નથી કરતા. કોઈની પ્રગતિ કે કોઈના પર ઈનામની વર્ષા જાહેરી રીતે તો જુએ છે પણ એ ઈનામની પાછળ તેની કઈ આદતો, અખ્લાક઼ તથા દિલી કૈફિયતો કાર્યરત છે, તેની કઈ અદાઓ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતને પસંદ આવી છે કે જેના પરિણામે અલ્લાહ તઆલાએ તેને ઈનામ તથા ઈકરામથી નવાઝેલ છે. આપણે તેની પાછળ કાર્યરત એ બાબતોને નથી જોતા. આપણુ વર્તન તો એવું છે કે ન કેવળ તંગદસ્તીના કારણે પરેશાન થઈ જઈએ છીએ બલ્કે અન્યો પર થનારી અતાઓ પર પણ ગમગીન થઈ જઈએ છીએ !

## ★ દુનિયવી તથા આખેરતની નેઅમતોની પ્રાપ્તિના નીતિ નિયમો ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં રોજી તથા દુનિયવી તથા ઉખરવી નેઅમતોની પ્રાપ્તિના અમુક નીતિ નિયમો છે. આવો ! એ બાબતોની ચર્ચા કરીએ છીએ કે જો તેને ઈસ્લામની તા'લીમાતની રોશનીમાં દુનિયવી મહેનતની સાથે અપનાવી લેવામાં આવે તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આ દુનિયામાં આપણને આસાની અર્પણ કરશે અને મુશ્કેલીઓથી નજાત અતા કરશે. એનાથી કેટલીય બાબતો એવી છે જેના પ્રતિ આપણે ધ્યાન નથી આપતા. બલ્કે એને એટલી નાની સમજીએ છીએ કે તેના પ્રતિ લક્ષ નથી આપતા. કુર્આન મજીદ તથા હદીષોમાં એવી બાબતો તથા અમલોનો ઉલ્લેખ આવેલો છે કે માણસ પર દુનિયવી મહેનતની સાથોસાથ રૂહાની મહેનત પણ લાઝિમ છે. જો શારીરિક અમલોની સાથોસાથ રૂહાની અહવાલ પણ સમારી લઈશું તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત આપણને દુનિયામાં માલદારી (સમૃધ્ધિ) તથા આસાની અતા કરશે.

## (૧) નેઅમતનો શુક્ર અદા કરવો

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુનિયવી તથા ઉખરવી નેઅમતોની પ્રાપ્તિનો પ્રથમ નિયમ (ઉસૂલ) "નેઅમતનો શુક્ર અદા કરવું" છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ફર્માવ્યું : لَئِن شَكَرْتُمْ لَأَزِيدَنَّكُمْ "જો તમે શુક્ર અદા કરશો તો હું તમારી નેઅમતો જરૂર

વધારી દઈશ" *(સૂ. ઈબ્રાહીમ, આ.૭)*

એટલે કે જો તમે નેઅમતોનો શુક્ર અદા કર્યો અને તેમને યોગ્ય જગાએ ખર્ચ કરી તો તમને ઔર અધિક નેઅમતો અતા કરીશ. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે એક ક઼ાનૂન અતા કર્યો કે બીજાઓ પર નેઅમતોની વર્ષા જોઈને બહુ પરેશાન ન થયા કરો અને તેમને જોઈને દિલ તંગ ન કર્યા કરો, બલ્કે એ નેઅમતોની પાછળના આ રહસ્ય પર વિચારણા કરો અને મારી રઝા તથા ખુશ્નુદીને તલબ કરો જેથી હું તમારા પર પણ ઈનામો ઈકરામની વર્ષા કરું.

## ★ (૨) દિલી સંતોષ માનવું ★

રોજીની પ્રાપ્તિ માટે ઈન્સાનનું ક઼નાઅત કરવું (જે મળે તેમાં સંતોષ માનવું) અને દિલી સંતોષ રાખવો પણ અનહદ જરૂરી છે. હદીષે પાકમાં છે કે, જ્યારે બાળક હજી માના પેટમાં જ હોય છે તો અલ્લાહ તઆલા તે બાળકના હવાલાથી એક ફરિશ્તાને ચાર વાતો : તેના અમલ, તેની રોજી, તેના જીવનની ઉમર અને તેના નેક તથા બદ અમલો લખવાનો હુકમ આપે છે. ધ્યાન આપવા જેવી વાત એ છે કે આ ચાર બાબતોમાં તેની રોજી પણ સામેલ છે. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે શું, કેટલુ, ક્યારે અને કેવી રીતે આપવું છે, એ સર્વ કાંઈ જ્યારે એ જાત લખી આપે છે તો પછી દુનિયામાં ઝઘડાનું કોઈ કારણ નથી રહેતું કે ફલાણા શખ્સે મારું નુકસાન કર્યુ અથવા ફલાણા શખ્સે મારા માટે કાવત્રુ રચ્યું અથવા ફલાણા શખ્સે મારા માલને નુકસાન પહોંચાડયું છે. જે કાંઈ બચવાનુ છે તે પણ નસીબથી બચે છે અને જે કાંઈ નષ્ટ થવાનુ છે તે પણ નસીબથી નષ્ટ થાય છે. જેથી એના માટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત પર દિલમાં ઈત્મિનાન રાખ્યા કરો. જો કે તદબીર લાઝિમ છે, કેમ કે તે શરીઅતનો હુકમ છે, પરંતું તદબીરના પરિણામે પછી જે પણ મયસ્સર થઈ જાય તેના પર પોતાના દિલને રાજી રાખવાનું છે. જ્યારે આપણા દિલમાં ઈત્મિનાન પેદા કરી લઈશું તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત રાજી થઈ જશે.

રોજીની વહેંચણી યક઼ીનન ! અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કરે છે કે કોઈને વધુ કોઈને ઓછુ આપે છે. જો કોઈને અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત વધારે આપી દે અને તેના દિલમાં ખયાલ આવે કે કદાચ મારા પર અલ્લાહનો કરમ વધારે છે તો એના બારામાં એ યાદ રાખશો કે **અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત કદી કોઈને આપીને અજમાવે છે અને ક્યારેક કોઈને ન આપીને અજમાવે છે.** માણસ વિચારે છે કે મને ઓછુ કેમ આપ્યું છે ? ઓછુ એટલા માટે આપ્યું કે શક્ય હતું કે આપણે માલ તથા દોલતની ભરમારમાં એવા ગુમ થઈ જતા કે કોઈ મોડ પર પોતાના ઈમાનથી પણ હાથ ધોઈ બેસતા ! આપણે એ માલ દોલતની ભરમારને સંભાળી જ ન શકતા, અને લોકોની સાથે જુલ્મ તથા જબરદસ્તી કરી બેસતા. અને ન જાણે શું શું કરી બેસતા ! અને છેવટે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતના અઝાબના શિકાર બની જતા. આપણે નથી જાણતા કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતનો મામલો શું છે ? વળી તેણે એ મોટી તકલીફ તથા અજમાઈશથી બચાવવાના માટે નાની તકલીફ આપીને પોતાના બંદાઓને મેહફૂઝ કરી લીધા. અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે ઈર્શાદ ફર્માવ્યો : أَيَحْسَبُونَ أَنَّمَا نُمِدُّهُم بِهِ مِن مَّالٍ وَبَنِينَ "શું તે લોકો એવું ગુમાન કરે છે કે અમે માલ તથા ઔલાદ થકી તેમની મદદ કરીશું." *(સૂ. મુઅમિનૂન, આ.૫૫)*

એટલે કે તેઓ એ વાતને નથી સમજતા કે અલ્લાહ પાકે આવો મામલો કેમ કર્યો છે ? જ્યારે કે આ રોજીની વહેંચણી ઓછી કે વધુ, રોજીમાં તંગી કે માલદારી એ સર્વ અલ્લાહના હુકમથી છે. અને આપણે એ નથી જાણતા કે અલ્લાહે એવું શા માટે કર્યુ છે ? પરંતું આપણને એ વાતની સૂચના કરવામાં

www.barkatekhwaja.net

આવી છે કે અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની અતા પર રાજી રહેવાનુ શીખીએ. જયારે બંદો અલ્લાહ તઆલાની રઝા પર રાજી થઈ જાય છે તો તે જાત બંદાને એ તકલીફો તથા એ પરેશાનીઓથી નજાત અતા ફર્માવે છે.

## (૩) રોજીમાં બરકતની દુઆ

રોજીમાં વધારો તથા ભરમારનો ત્રીજો નિયમ અને ઝરીયો "દુઆ" છે. કુર્આન મજીદની આયતો અને મુબારક હદીષોમાં સ્પષ્ટપણે મૌજૂદ છે કે માણસને મળનારી સર્વ અતાઓ : ખુશહાલી, માલદારી, ગરીબી, અજમાઈશો, ભરમાર, મુશ્કેલી, આસાની સર્વ કાંઈ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે લખેલ છે. જયારે સર્વ કાંઈ તેનું અર્પણ કરેલુ છે તો પછી દરેક પરેશાનીનો ઈલાજ ન દુનિયામાં ઝઘડાવામાં છે અને ન કોઈના માટે દિલને તંગ કરવામાં છે, ન કોઈની ગીબત કરવામાં છે અને ન કોઈના બારામાં બુરી વાત કહેવામાં છે. બલ્કે દરેક મસ્અલાનો હલ તેની સમક્ષ સજદામાં પડીને દુઆ કરવામાં અને તે માલિકે હકીકીથી માગવામાં છે કે, મૌલા ! મને પણ અતા કર ! મારી તકલીફોને પણ દૂર કર અને મારી આજમાઈશને પણ હલ કરી દે.

હુઝૂર નબી અકરમ ﷺનું ઉસ્વા મુબારક (જીવનની ઢબ) દરેક મુસલમાન માટે કામિલ નમૂનાની હૈસિયત ધરાવે છે અને દરેક શખ્સ તેનાથી લાભ ઉઠાવે છે જેના પરિણામે દુનિયા તથા આખેરતની કામયાબી હાંસલ કરે છે. સૈયદના અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે હુઝૂર નબી કરીમ ﷺ પોતાની હયાત મુબારકમાં આ દુઆ ખૂબ જ અધિક પ્રમાણમાં કરતા હતા :–

رَبَّنَآ اٰتِنَا فِی الدُّنْیَا حَسَنَةً وَّ فِی الْاٰخِرَةِ حَسَنَةً وَّ قِنَا عَذَابَ النَّارِ

"હે અમારા પરવરદિગાર ! અમને દુનિયામાં (પણ) ભલાઈ અતા કર અને આખેરતમાં (પણ) ભલાઈથી નવાઝ અને અમને દોઝખના અઝાબથી મેહફૂઝ રાખ." *(સૂ. બકરહ, ૨/૨૦૧)*

એટલે કે આકાએ કરીમ ﷺએ પોતાના અમલી નમૂનાથી પોતાની ઉમ્મતને એ તાલીમ આપી કે અલ્લાહથી દુનિયા તથા આખેરત બંનેની ભલાઈઓ માગતા રહો. આ એક સમૃધ્ધ દુઆ છે કે દુનિયામાં રહો છો તો દુનિયાની ભલાઈની પણ દુઆ માગો, અને અહીંથી આખેરતમાં જવાનું છે તો આખેરતની ભલાઈની પણ દુઆ માગો. અને બિલ્કુલ શક્ય છે કે અમલોના પરિણામે અઝાબના હક્કદાર ઠરો તો એ અઝાબથી માફી પણ માગ્યા કરો. આ દુઆ ત્રણેવ પાસાંઓને સંપૂર્ણ કરે છે. એ જ કારણે આકાએ કરીમ ﷺ આ દુઆ ખૂબ જ અધિક પ્રમાણમાં કર્યા કરતા હતા. એનાથી આપણને એ સબક મળે છે કે કેવી રીતે અલ્લાહની હુઝૂર આપણે આપણી પરેશાનીઓના નિવારણની દુઆ માગવી જોઈએ.

જિંદગીમાં પણ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતથી માગવાનું ન ભૂલીએ. હમેશાં અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહમાં દુઆ માટે હાથ લંબાવતા રહો. દિલના ખુલૂસિયતની સાથે એનાથી માગતા રહો, પછી એના અતા કરવામાં ભલે ગમે એટલી વાર લાગી જાય પણ એની રહમતથી કદી નિરાશ ન થાવ. જે માગવું છે માગતા રહો, દરેક પ્રકારની રોજી માગતા રહો, અને માગવામાં કદી કોઈ પ્રકારની કમી ન છોડો. પરંતું એની સાથોસાથ આપણે દુઆમાં સાચા ત્યારે ઠરીશું કે એ રોજી તથા નેઅમતની પ્રાપ્તિ માટે અમલ પણ સાથોસાથ કરતા ચાલીએ, મહેનત પણ ચાલુ રાખીએ અને દુઆ પણ માગતા રહીએ. કદી કદી એવું બને છે કે આપણે પરેશાનીઓમાં ઘેરાઈ જઈએ છીએ. માલી પરેશાની, રોજગારની પરેશાની, નોકરીની પરેશાની, અને પછી એ પરેશાનીઓના

www.barkatekhwaja.net

પરિણામે ઈબાદતની તરફ આકર્ષણ ઘટી જાય છે, નિરાશાના શિકાર થઈ જઈએ છીએ અને ધ્યાન એ તરફ નથી જતુ. એ રીતે ડિપ્રેશન તથા માનસિક તણાવના શિકાર થઈ જઈએ છીએ અને ઈબાદતથી ગાફેલ થઈ જઈએ છીએ અને આ બંનેવમાં આપણે દુઆ કરવાનુ પણ ભૂલી જઈએ છીએ. જ્યારે કે આવા વખતે સૌથી વધુ ધ્યાન તથા લગાવ અલ્લાહની બારગાહની તરફ થવો જોઈએ.

પ્યારા આક઼ા ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે કહેશો કે : اللھم ارزقنی એટલે "હે અલ્લાહ ! મને રોજી અતા કર !" તો અલ્લાહ કહેશો : قد فعلت "મેં રોજી આપવાનો ફેંસલો કરી લીધો છે." જેથી અલ્લાહની હુઝૂર માગતા રહો, અલ્લાહ પાક યક઼ીનન ! પોતાના ખાસ ખજાનામાંથી અતા ફર્માવી દેશે.

## (૪) તૌબા તથા ઈસ્તિગ્ફ઼ારને રોજી સાથે શો સંબંધ છે ?

કુર્આન મજીદ, મુબારક હદીષો, બુઝુર્ગાને દીન અને મુફસ્સિરોની એકમતિ છે કે દુનિયાની દરેક પરેશાની, દરેક આજમાઈશ, દરેક તકલીફ, દરેક આર્થિક તંગીનો ઈલાજ "તૌબા તથા ઈસ્તિગફાર"માં છે. મુફસ્સિરો એની દલીલ રૂપે નીચે જણાવેલ આયતે મુબારકા પેશ કરે છે :

فَقُلْتُ اسْتَغْفِرُوْا رَبَّكُمْ اِنَّهٗ كَانَ غَفَّارًا يُّرْسِلِ السَّمَآءَ
عَلَيْكُمْ مِّدْرَارًا وَّيُمْدِدْكُمْ بِاَمْوَالٍ وَّبَنِيْنَ وَيَجْعَلْ لَّكُمْ جَنّٰتٍ
وَّيَجْعَلْ لَّكُمْ اَنْهٰـرًا

"પછી મેં કહ્યું કે તમે તમારા રબથી બખ્શિશ માગો, બેશક ! તે ઘણો બખ્શનારો છે. તે તમારા પર ઘણી જ જોરદાર વર્ષા કરશે, અને તમારી મદદ માલો તથા ઔલાદના થકી કરશે અને તમારા માટે બાગો ઉગાડશે અને તમારા માટે નહેરો વહેતી કરશે."

*(સૂ. નૂહ, આ ૧૦-૧૨)*

ઘણા બધા અમલો તથા પરેશાનીઓ એવી હોય છે કે બંદો વિચારે છે કે, "આટલાં વરસો થઈ ગયાં પણ ઔલાદ ન મળી, આટલાં વરસો થઈ ગયાં છે પણ મારી આર્થિક મુશ્કેલીઓ હલ નથી થઈ." એ મુશ્કેલીઓની સાથોસાથ જો એક ક્ષણ આપણે આપણા અમલોની તરફ પણ નજર કરી લઈએ તો માલૂમ પડશે કે કોઈ એવો અમલ છે કે જેના પર મારે તૌબા કરવાની જરૂરત છે, કાંઈક તો મારા જીવનમાં એવું છે કે જેના પર મેં હજી રબ્બુલ ઈઝ્ઝતની સમક્ષ તૌબા તથા ઈસ્તિગ્ફ઼ાર નથી કર્યું, અને તેની સમક્ષ દુઆઓ નથી કરી જેના કારણે આ બંદિશ નથી હટતી. આ આયતમાં આ જ બાબતની તરફ ધ્યાન દોરવામાં આવ્યું છે કે જો તમે તૌબા કરી લો તો અલ્લાહ તઆલા ઘણો જ બખ્શનારો છે અને એના પરિણામ રૂપે અલ્લાહ તઆલા તમને માલદારી, સુખચૈન તથા આસાનીઓ અતા કરશે અને મુશ્કેલીઓ દૂર કરી આપશે.

સૈયદના હસન બસરી رضی اللہ عنہની બારગાહમાં ચાર શખ્સો આવ્યા. એમનામાંથી એકે પોતાની મુશ્કેલી વર્ણવી કે અમારે ત્યાં ખૂબ જ દુકાળ છે. બીજાએ કહ્યું કે અમારે ત્યાં ગરીબી છે. ત્રીજાએ કહ્યું કે ઔલાદ નથી. ચોથાએ કહ્યું કે મારો બાગ સૂકાય ગયો છે, ફળો નથી આપતો. આપે ચારેવને ફર્માવ્યું કે, "જાવ અને અલ્લાહની હુઝૂર તૌબા કરો અને તેનાથી માફી માગો." આપના સાથીઓમાંથી કોઈએ કહ્યું, હઝરત ! આ ચારેવની અલગ અલગ સમસ્યાઓ હતી, તો આપે ચારેવને એક જ વઝીફો બતાવી આપ્યો કે જઈને અલ્લાહની માફી માગો ! એનો શો મતલબ છે ? આપે ફર્માવ્યું કે, મેં આ મારા તરફથી નથી કહ્યું, બલ્કે કુર્આનનો હુકમ સંભળાવ્યો છે. પછી આપે ઉપર વર્ણવેલ સૂરએ નૂહની આયતોની તિલાવત કરી અને કહ્યું કે, એ લોકોની સર્વ સમસ્યાઓનું નિવારણ આ

આયતમાં તૌબાના રૂપમાં વર્ણન થયેલ છે.

કુર્આન મજીદમાં સૂરએ હૂદની આયત 52માં પણ સૈયદના હૂદ عليه السلامની પોતાની કૌમને એ જ શબ્દોમાં તલ્કીન (સૂચના) વર્ણન થયેલ છે. આ આયતે મુબારકની તફસીરમાં ઈમામ કુર્તબી ફર્માવે છે કે ઈસ્તિગફાર તથા તૌબાનું ફળ એ છે કે અલ્લાહ તઆલા તમને રોજીમાં વિપુલતા તથા ખુશહાલી, માલદારીથી નવાઝશે અને તમને આ પ્રકારના અઝાબથી નેસ્તો નાબૂદ ન કરશે જેવું કે તમારાથી પહેલી કૌમોને નેસ્તો નાબૂદ કરવામાં આવતી હતી.

આ આયતના હવાલાથી અન્ય મુફસ્સિરો વર્ણવે છે કે આ આયતમાં ઈસ્તિગફાર તથા રોજીનો સંબંધ એવો છે કે જેમ કે કોઈ શર્ત રાખવામાં આવે અને તે શર્ત પૂરી થતાં બદલો મળવાનુ નિશ્ચિત હોય. જેમ કે અલ્લાહ તઆલાએ તૌબા જાણે શર્ત રૂપે રાખેલ છે અને તેની સાથે રોજીની વિપુલતા તથા માલદારી બદલા રૂપે રાખેલ છે, એટલે કે તૌબા કરવા પર અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત જરૂર ખુશહાલી અતા કરશે.

એ બાબત પણ યાદ રાખશો કે તૌબા સાચા દિલથી કરવામાં આવી હોય અને એવી તૌબા કરવામાં આવી હોય કે પછી ગુનાહોની તરફ પરત થવાનો ઈરાદો ત્યજી દે અને ફરીવાર તે કમજોર અમલો અને ભૂલોની તરફ ન પલટવાનો પાકો નિશ્ચય કરે, તો એ તૌબા સાચી તૌબા છે. જો બંદાએ હકીકી (સાચા અર્થમાં) તૌબા કરી છે જેને તૌબતુન્નસૂહ કહે છે, તો પછી અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે પોતાના પર લાઝિમ કરી લીધુ છે કે હવે તે તેને જરૂર ખુશહાલ કરશે, તેની તંગદસ્તી જરૂર દૂર કરશે અને તેની તકલીફ તથા પરેશાનીનું નિવારણ કરી આપશે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે હુઝૂર નબી કરીમ ﷺએ ફર્માવ્યું : "જે શખ્સ બકષરત (ખૂબ જ અધિક પ્રમાણમાં) ઈસ્તિગફાર કરે છે તેને અલ્લાહ તઆલા દરેક ગમથી છૂટકારો અતા કરે છે અને દરેક તંગીથી મુક્તિ અતા કરે છે અને તેને એવા માર્ગોએથી રોજી અતા કરે છે જેનું તેને વહેમ તથા ગુમાન પણ ન હશે." *(સુનને અબૂ દાઊદ, કિતાબુસ્સલાત, બાબુ ફીલ્ ઈસ્તિગફાર, હદીષ–૧૫૧૮)*

## ★ વૃદ્ધાવસ્થાના વસીલાથી રોજી માગવી ★

રોજીમાં બરકત તથા ભરમારના હવાલાથી આ પાસુ ખૂબ જ વિચારવા પાત્ર છે અને આ મોટાભાગે આપણી નિગાહોથી ઓજલ થઈ જાય છે, અને તે એ છે કે **રબ્બુલ ઈઝ્ઝતથી વૃદ્ધાવસ્થાનો વસીલો આપીને રોજી માગો. એટલે કે આપણા ઘરમાં જે ઘરડા તથા કમજોર છે તેમની ખિદમત કરો, અને તેમની ખિદમતને અલ્લાહની સમક્ષ વસીલા રૂપે પેશ કરો.** વૃદ્ધ મા બાપ, સગાં સંબંધીઓની ખિદમત કરીને તેનો વસીલો પેશ કરવાથી અલ્લાહ તઆલા આપણી રોજીમાં બરકત અતા કરી આપશે.

અફસોસ ! આપણો અમલ એનાથી ઉલ્ટો છે. અમુક સમયે આપણને ઘરમાં મૌજૂદ વૃદ્ધ માબાપના ખર્ચાઓ, તેમની દવાઓ અને તેમનું ખાવા પીવા પણ ભારે લાગવા માંડે છે ! અને આપણે એવું નથી વિચારતા કે આપણા ઘરમાં જે વૃદ્ધો છે અલ્લાહ તઆલા તેમના સદકામાં અને તેમની દુઆથી તકલીફો દૂર કરી આપે છે. જેથી ખુલ્લા દિલથી સારી નિય્યતની સાથે પોતાનાં વૃદ્ધ માબાપની ખિદમત કરો.

એક સાથીએ બનાવ વર્ણવ્યો કે મારા ઘરમાં વૃદ્ધ માબાપ ન હતાં તો તું હું દૂરના સગામાંથી એક નિઃસહાય વૃદ્ધ માણસને મારા ઘરે લઈ આવ્યો અને તેની જિંદગીના અંતિમ આઠથી દસ વરસો તેની ખિદમત કરી. અલ્લાહ તઆલાએ એના સદકામાં મને

www.barkatekhwaja.net

માલની અધિક્તા અતા કરી. અલ્લાહ તઆલાને વૃદ્ધ માબાપની ખિદમત એટલી પ્રિય છે કે તેણે રોજીની વિશાળતા તેની સાથે જોડી આપી છે, જેથી જો કોઈના દિલમાં એ ચાહત ન પણ હોય તો તે રોજીની વિપુલતા માટે તેમની સાથે ઈજ્જત તથા સન્માનપૂર્વક વર્તન કરે.

આપણે આ પ્રકારની બાબતોની પરવા નથી કરતા બલ્કે આપણે દુનિયાને કોસતા (ભલુબુરૂ કહેતા) રહીએ છીએ, ભાગદોડ કરતા રહીએ છીએ અને કહીએ છીએ કે મને કામ નથી મળતુ, રોજગાર નથી મળતો, દેશની વ્યવસ્થા બરાબર નથી, અને ન જાણે કઈ કઈ ચીજની ટીકા કરતા રહીએ છીએ, પરંતુ તે ચીજો જે આપણા અખત્યારમાં છે તેના પર વિચારણા કરી લઈએ તો અલ્લાહ તઆલા આપણને આસાનીઓ અર્પણ કરી આપશે, તે માલિક છે. આ વ્યવસ્થા આપણા માટે છે, તે ચાહે તો આ જ વ્યવસ્થામાંથી આપણને વિપુલતા (રોજીમાં ભરમાર) અતા કરી આપશે. અને તંગદસ્તી દૂર કરી આપે. જો આપણે આ અમલોને અપનાવી લઈએ તો સર્વ કાંઈ શક્ય થઈ શકે છે.

## ★ (૬) તક્વો તથા પરહેઝગારીથી રિઝ્કમાં બરકત ★

માણસ તક્વો અપનાવી લે તો એ પણ રોજીમાં અધિક્તાનો ઝરીયો બની જાય છે. અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَمَنْ يَّتَّقِ اللّٰهَ يَجْعَلْ لَّهٗ مَخْرَجًا وَّ يَرْزُقْهُ مِنْ حَيْثُ لَا يَحْتَسِبُ

**"અને જે અલ્લાહથી ડરે છે તો તે તેના માટે રંજો ગમથી નીકળવાની રાહ પેદા કરી આપે છે, અને તેને એવી જગાએથી રોજી અર્પણ કરી દે છે જ્યાંથી એનું ગુમાન પણ નથી હોતું."** *(સૂરએ તલાક઼, આ. ૨, ૩)*

ઈમામ નવવી **તક્વાની વ્યાખ્યામાં** ફર્માવે છે કે, **તક્વો એ છે કે માણસ તે સર્વ બાબતોથી બચતો રહે જે ચીજોથી અલ્લાહ અને તેના રસૂલ ﷺએ મના કર્યું છે, અને તે ચીજોને અપનાવી લે જે ચીજો અલ્લાહ તથા તેના રસૂલ** عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ**ની બારગાહમાં મક઼બૂલ ઠરેલી છે."** ઈર્શાદ ફર્માવ્યો :

وَلَوْ اَنَّ اَهْلَ الْقُرٰٓى اٰمَنُوْا وَاتَّقَوْا لَفَتَحْنَا عَلَيْهِمْ بَرَكٰتٍ مِّنَ السَّمَآءِ وَالْاَرْضِ

"અને જો એ વસ્તીઓના રહેવાસીઓ ઈમાન લઈ આવતા, અને તક્વો (ખુદાનો ડર) અપનાવતા તો અમે તેમના પર આસ્માન તથા જમીનમાંથી બરકતો ખોલી આપત." *(સૂરએ અઅ્રાફ, આ. ૯૬)*

મુત્તક઼ી લોકોને અલ્લાહ તઆલા માલી તંગી પણ નથી આપતો બલ્કે માલની અધિક્તા તથા ખુશહાલી અતા કરે છે, શર્ત એ છે કે જો કોઈ સાચા અર્થમાં સંપૂર્ણપણે તક્વો અપનાવે. હા ! જો તેને અલ્લાહ પર કામિલ ભરોસો ન હોય અને દીનદારીની સાથે સાથે દુનિયાદારીમાં પણ નિગાહો જામેલી રહે, દિલમાં દુનિયાની લાલચ રહે અને દરેક સમયે પરેશાન રહે, તો અલ્લાહ તઆલા તેને અધિક તંગદસ્તીમાં નાખી દે છે પણ જ્યારે માણસ કામિલ તક્વો અપનાવે છે તો અલ્લાહ તઆલા તેને એ ઝરીયાઓથી અતા કરે છે જ્યાંથી એને અપેક્ષા પણ નથી હોતી. ઈબાદતમાં રુસૂખ (મજબૂતી), ખુસૂઅ તથા ખુઝૂઅ (એકાગ્રતા, તલ્લીનતા) અને તક્વાથી માણસની રોજીમાં વધારો થઈ જાય છે.

## ★ (૭) તવક્કુલ (અલ્લાહ પર મજબૂત ભરોસો) ★

જે લોકો તવક્કુલ કરે છે તેમને પણ અલ્લાહ તઆલા માલી મુશ્કેલીઓથી નજાત અતા કરી આપે છે. ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہની નજીક તવક્કુલ એ



www.barkatekhwaja.net

છે કે દિલનો વિશ્વાસ સર્વ જગતથી ઉઠી જાય અને કેવળ અલ્લાહ પર કાયમ થઈ જાય. એવો તવક્કુલ જ્યારે માણસ અપનાવી લે છે તો અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝત તેની આર્થિક મુશ્કેલીઓને એ તવક્કુલના પરિણામે દૂર કરી આપે છે.

હુઝૂર નબી કરીમ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જો તમે અલ્લાહ તઆલા પર એ રીતે ભરોસો કરો જેવો કે તેના પર ભરોસો કરવાનો હક્ક છે તો તમને એ રીતે રોજી આપવામાં આવશે જેવી રીતે પક્ષીઓને રોજી આપવામાં આવે છે, જેઓ સવારે ખાલી પેટ નીકળે છે અને સાંજે પેટ ભરીને પરત થાય છે. એ જ માળાઓમાં રહે છે પણ માળો વધારવા પ્રતિ ધ્યાન નથી હોતું, પણ અલ્લાહ આખા દિવસમાં જે કાંઈ એમને આપે છે તે એમના માટે પૂરતુ થઈ જાય છે, તેમની જરૂરતને પૂર્ણ કરી આપે છે. બસ ! એમના પર આ અતા તવક્કુલના કારણે છે. હમેશાં અલ્લાહની જાત પર માણસની નિગાહો રહેવી જોઈએ, તો પછી દુનિયામાં પણ ભલાઈ છે અને આખેરતમાં પણ નજાત યકીની છે.

## ★ (૮) સિલએ રહમી (સગાંથી સદ્‌વર્તાવ) અને સારો વર્તાવ ★

રહમ પેટને કહે છે, એટલે કે એક પેટથી નીકળેલા લોકો. સિલએ રહમીથી મુરાદ ભાઈ બહેન તથા લોહીના સંબંધવાળા સગાંઓ સાથે રહમત તથા હેતપૂર્વક વર્તાવ કરવો. આકાએ કરીમ ﷺએ ફર્માવ્યું, **જે ચાહે છે કે તેની રોજીમાં વિપુલતા થાય અને તેની ઉમર લાંબી થાય તો તે સિલએ રહમી (સગાં સાથે સદ્‌વર્તાવ) કર્યા કરે.**

ગમ તથા તકલીફ આવી જાય તો માણસનો વર્તાવ તકલીફદાયક બની જાય છે, ત્યાં સુધી કે પોતાના ભાઈ બહેનોને કહે છે કે હું પોતે જ તકલીફમાં છું તો હવે તમારી તકલીફો કેવી રીતે દૂર કરું ?! હુઝૂર ﷺએ એનાથી ઉલ્ટુ ફર્માવ્યું કે, **"જ્યારે આર્થિક તંગી આવી જાય તો પોતાનાં મોહતાજ તથા ગરીબ બહેન ભાઈઓની મદદના માટે દિલ તથા દસ્તરખાન ખોલી દીધા કરો. અલ્લાહ તઆલા તેના સદકામાં તમારી તકલીફો દૂર કરી આપશે અને તમારી રોજીમાં વિપુલતા કરી આપશે."**

કોઈ વેપારી કે માલ દોલતવાળાને મુશ્કેલી ઉભી થાય તો તેણે એક ઘડી બેસીને થોડુક વિચારી લેવું જોઈએ કે મારા ગરીબ સગાં કે સગા સંબંધીઓમાંથી કોણ એવું હતું કે સારા દિવસોમાં મેં તેની તકલીફ દૂર નથી કરી ?! બસ, આ વિચારવાથી જ તેનું પરિણામ કાંઈક આવી જશે. તંગદસ્તીના જમાનામાં એટલા માટે સગાં સાથે ઉદાર દિલી કરવાનો હુકમ છે કે અલ્લાહ તઆલા એ અમલના સદકાથી આપણને માલની ભરમાર અતા કરી આપશે. એ જ રીતે કમજોરોની સાથે સદ્ વર્તાવથી વર્તવું પણ આપણી આર્થિક મુશ્કેલી દૂર કરવાનો સબબ છે.

હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : **"બંદાઓને તેમના કમજોરોના સબબથી રોજી મળે છે. અને તેમની મદદ કરવામાં આવે છે."** *(સહીહ ઈબ્ને હબ્બાન, ભાગ-૧૧, હદીષ : ૪૭૬૭)*

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ રિવાયત કરે છે, **"તમે લોકો મારી રઝા તમારા કમજોરોમાં તલાશ કર્યા કરો જેમના કારણે તમને રોજી મળે છે અને તમારી મદદ કરવામાં આવે છે."**

આપણામાંથી દરેકની આસપાસ કોઈ ન કોઈ હૈસિયતમાં આપણાથી કમજોર શખ્સો મૌજૂદ છે, તો તેમની સાથે ભલાઈનો અમલ, હુસ્ને સુલૂક (સદ્ વર્તાવ), નરમી, પ્રેમભાવ અને પ્યારથી વર્તાવ કરવો અને વાતચીત કરવી, તેમની ખૈર ખ્વાહી કરવી

www.barkatekhwaja.net

(ભલાઈ ઈચ્છવી), તેમના માટે આસાનીઓ પેદા કરવી, આ અમલના સદક઼ામાં અલ્લાહ તઆલા આપણી આર્થિક મુશ્કેલી હલ કરી આપશે.

### ★ (૯) બીજા લોકો પર ખર્ચ કરવો ★

અલ્લાહની રાહમાં ખર્ચ કરવાથી અને ખૈરાત કરવાથી ગમ તથા તકલીફ દૂર થઈ જાય છે. માણસ કહે છે કે મારી પાસે ખાવા માટે કાંઈ નથી તો હું તમને શું આપું ?! સાંભળી લો ! જે કાંઈ પણ છે એને અલ્લાહની રાહમાં વહેંચી નાખો. અલ્લાહ એના સદક઼ામાં બરકત અતા કરી આપશે અને માલની અધિક્તા અને ખુશહાલી નાઝિલ ફર્માવશે. આક઼ાએ કાઈનાત ﷺએ ફર્માવ્યું : **اعط الناس اعطیتھم** "હે આદમની ઔલાદ ! તું બીજાઓ પર ખર્ચ કર ! અલ્લાહ તારા પર ખર્ચ કરી આપશે."

*(કન્ઝુલ ઉમ્માલ, ૪/૨૧૪)*

જેથી દરેક હાલતમાં ખર્ચ કર્યા કરો, ભલે ગમે તેટલી પરેશાની તથા તકલીફ કેમ ન હોય. **અલ્લાહનો દીન શીખનારા તલબા તથા તાલિબાત પર ખર્ચ કરો, એના સદક઼ામાં પણ અલ્લાહ તઆલા માલી મુશ્કેલીઓ દૂર કરી આપશે.**

### ★ (૧૦) તંગી દૂર થવાના વિવિધ ઝરીયાઓ ★

કુર્આન મજીદ અને મુબારક હદીષોના અભ્યાસથી રોજીમાં બરકતના અન્ય પણ કેટલાય ઝરીયાઓ અમારી સમક્ષ આવે છે. દા.ત. : (૧) બીવી બચ્ચાં પર ખર્ચ કરવો, એટલે બીવી બચ્ચાં પર ખર્ચ કરવાના સદક઼ામાં પણ અલ્લાહ તઆલા આર્થિક મુશ્કેલી દૂર કરશે અને રોજીમાં વૃદ્ધિ કરશે. (૨) તક઼દીર પર રાજી રહેવું અને રાઝી બરઝા (રબ જેમાં રાખે તેમાં રાજી) રહેવું પણ માલમાં વૃધ્ધિ તથા વધારાનો એક ઝરીયો છે. (૩) વહેલી સવારે અલ્લાહના હુકમોની રોશનીમાં હલાલ રોજીની તલાશમાં નીકળવું પણ ખુશહાલીનો સબબ છે. (૪) નીચ અખ્લાક઼ એટલે જૂઠ, પ્રપંચ, કરપ્શન, વાદા ખિલાફી, સુસ્તી, આળસ, અને બેઈમાનથી દૂર રહેવું પણ રોજીમાં વૃધ્ધિ થવાનો સબબ છે. (૫) નમાઝ કાયમ કરવી (૬) અખ્લાક઼ે હસના (સારો વર્તાવ) અપનાવવો (૭) અડગતાની પ્રતિમા (પયકર) બનવુ (૮) નીતિ નિયમોના આદી બનવું (૯) કંજૂસી અને ફુઝૂલખર્ચીથી બચવું (૧૦) જુલ્મ તથા કોઈનો હક્ક઼ પડાવી લેવાથી બચવું.

### ★ ખુશહાલી (માલદારી) તથા માલમાં વૃધ્ધિ તથા બરકતનો વાસ્તવિક ભાવાર્થ ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતની બારગાહથી માલદારી તથા ખુશહાલી અતા કરવાથી શું મુરાદ છે ? એ વાતનું પરીક્ષણ કઈ રીતે કરવામાં આવશે કે હવે કોઈની પાસે ખુશહાલી આવી ગઈ છે ? સૂફીઓ તથા અવલિયા વર્ણવે છે કે ખુશહાલી તથા માલદારીનો મતલબ કેવળ એ નથી કે તેની પાસે માલની ખૂબ અધિકતા થઈ જાય, બલ્કે **અલ્લાહની તરફથી માલદારી એ છે કે જે માલ પણ તેની પાસે છે તેની જરૂરતો માટે પૂરતો થઈ જાય છે, એટલે કે તેને પછી કોઈ ચીજની કમી નથી રહેતી, અને જે તેની જિંદગીની જરૂરતો છે તેને અલ્લાહ પૂરી કરી આપે છે.** માણસની લાલચ અને તેની જરૂરતો તો કદી ખત્મ નથી થતી, માણસ તેને વધારતો ચાલ્યો જાય છે, પરંતું જે જાઈઝ જરૂરતો છે તેને અલ્લાહ તઆલા એ ચીજોના બદલામાં પૂરી કરી આપે છે.

કુર્આન મજીદમાં "બરકત" શબ્દ કેટલાય સ્થાને આવ્યો છે કે અલ્લાહ તઆલા બરકતથી નવાઝે છે.

www.barkatekhwaja.net

**બરકતની તફસીર**માં મુફસ્સિરો ફર્માવે છે કે **બરકતથી મુરાદ તે માલ છે કે જે પાકીઝા હોય, જરૂરતો માટે પૂરતો પણ થઈ જાય અને આખેરતમાં તેના પર પકડ પણ ન થાય.** દુનિયામાં જ્યારે માલની વિપુલતા થાય છે તો તે માલ સાથે પકડ પણ લાવે છે, આખેરતમાં તેનો હિસાબ પણ થાય છે, પરંતું અલ્લાહ તઆલા જ્યારે માલ દૌલત પોતાના મુત્તકી બંદાઓને અતા કરે છે તો તે માલ એવો હોય છે, અને એ રસ્તેથી આપે છે કે પછી એના પર પકડ પણ નથી કરતો, એટલે એવા માલનો તેને માલિક જ નથી બનાવતો કે જેના પર બાદમાં પકડ જરૂરી થઈ જાય. એ રીતે અલ્લાહ તઆલા તેની જિંદગી આસાન કરી આપે છે.

જ્યારે માણસ માત્ર સમેટતો (એકત્ર કરતો) ચાલ્યો જાય છે, અને પોતાની માલિકીમાં જેટલી ચીજો સામેલ કરતો જાય છે તો તે એટલો જ અધિક જવાબ આપવાનો જિમ્મેદાર પણ થતો જાય છે કે તેણે એ એક એક ચીજનો ઉપયોગ કેવી રીતે કર્યો છે ? બીજી બાજુ અલ્લાહ પોતાના ખાસ બંદાઓને દુનિયામાં ઈજ્જતની જિંદગી પણ આપે છે, અને તેમને એવો માલ પણ નથી આપતો કે જેના માટે જવાબ આપવાનો થાય. એટલે કે તેને બંને રીતે સંભાળી લે છે. કેમ કે એ માલ તેણે ખુદ આપ્યો હોય છે, તો તેનો પોતાના તરફથી આપેલો માલ કઈ રીતે નુકસાનકર્તા થઈ શકે છે ?! બલ્કે તેનો આપેલો માલ બાબરકત હોય છે, અને એ બરકત આ દુનિયામાં પણ રહે છે અને આખેરતમાં પણ તેને ફાયદો આપે છે.

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, નવેમ્બર-૨૦૨૩)*

---

પેજ નં.૨૮ નું ચાલુ.. તો હુકમ થશે કે હે મુહમ્મદ ! તમારી ઉમ્મતના તે સર્વ લોકોને જેમનો કોઈ હિસાબ નથી થયો (જમણા દરવાજે)થી જન્નતમાં દાખલ કરી આપો. અને એ લોકો જન્નતના બીજા દરવાજેથી પણ દાખલ થઈ શકે છે.

### ★ શફાઅતની હદીષ રિવાયત કરનાર સહાબીઓ ★

શફાઅતની હદીષો (૧) હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ઉપરાંત (૨) હઝરત અનસ (૩) હઝરત અબૂ સઈદ ખુદરી (૪) હઝરત સિદ્દીકે અકબર અને (૫) હઝરત ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالٰی علیہم اجمعین થી મરફુઅન અને (૬) હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ થી મૌકૂફન વિગતવાર સહીહ બુખારી, સહીહ મુસ્લિમ, મસ્નદે અહમદ, જામેઅ તિર્મિઝી, સહીહ ઈબ્ને ખુઝૈમા, સહીહ ઈબ્ને હબ્બાન, મુસન્નફે ઈબ્ને અબી શયબા વગેરેમાં નકલ થયેલ છે.★

★ *આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہ એ પોતાના મુબારક રિસાલા ''તજલ્લિયુલ યકીન''માં આ લાભની વાત દર્શાવી : હદીષે મૌકૂફ, મુફસ્સલ, મુતવ્વલ અહમદ તથા બુખારી તથા મુસ્લિમ તથા તિર્મિઝીએ અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી, અને બુખારી, મુસ્લિમ ઈબ્ને માજહએ અનસ رضی اللہ عنہ થી, અને તિર્મિઝી તથા ઈબ્ને ખુઝૈમાએ અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી અને અહમદ તથા બઝ્ઝાર તથા ઈબ્ને હબ્બાન તથા અબૂ યઅલાએ સિદ્દીકે અકબર رضی اللہ عنہ થી, અને અહમદ તથા અબૂ યઅલાએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી મરફુઅન્ ઈલા સૈયદુલ મુરસલીન ﷺ, અને અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક તથા ઈબ્ને અબી શયબા તથા ઈબ્ને અબી આસિમ તથા તિબ્રાનીએ સહીહ સનદ સાથે સલ્માન ફારસી رضی اللہ عنہ થી મૌકૂફન રિવાયત કરી. (તજલ્લિયુલ યકીન બિઅન્ન નબિય્યિના સૈયદુલ મુરસલીન પેજ-૧૧૩, ૧૧૪, રઝવી દારુલ ઈશાઅત)*

# શબે મેઅરાજ એટલે રસૂલુલ્લાહﷺની શાન

## તથા ઈજ્જતના પ્રદર્શનનો પ્રસંગ

કાર્યાલય

રજબુલ મુરજ્જબની ર૭મી રાતમાં રસૂલે અકરમ ﷺને બારગાહે રબ્બુલ આલમીનમાં પહોંચ તથા દીદારે ઈલાહીનો શરફ હાંસલ થયો જે ઈસ્લામી ઈતિહાસમાં "મેઅરાજ શરીફ"ના નામથી ઓળખાય છે. મેઅરાજ શરીફના મોકા પર અલ્લાહ તઆલાએ આપને હઝરત જિબ્રઈલ علیہ السلامના ઝરીયાથી જન્નતી બુર્રાક઼ની સવારી પર મસ્જિદે હરામથી મસ્જિદે અકસા અને પોતાના ખાસ કુર્બમાં બોલાવ્યા અને પોતાની સર્વ આયતો (નિશાનીઓ) તથા સર્વ કાઈનાત (સૃષ્ટિ) જન્નત તથા દોઝખ, અર્શ તથા કુર્સી, લોહ તથા કલમ વગેરેનો મુજાહિદો (નઝારો) કરાવ્યો અને આપની ઉમ્મતને પાંચ વખતની નમાઝનો તોહફો અતા કર્યો જે દરેક મુસલમાનના માટે દરરોજ પાંચ વખત મેઅરાજનો શરફ હાંસલ થવાના જેમ છે.

આ દિવસ હુઝૂરે અન્વર ﷺ તથા આપની ઉમ્મતની ઈજ્જત તથા બુઝુર્ગી તથા મર્તબા તેમજ મકામની બુલંદી તથા મેઅરાજનો દિવસ છે. એટલા માટે મુસલમાન એ દિવસની યાદ મનાવે છે, અને મેઅરાજના ઝિક્રની મેહફિલો તથા ઈજતેમા ગોઠવે છે, મસ્જિદો સજાવે છે, નફલો તથા વઝીફાઓ કરે છે અને ખૂબ જ અધિક પ્રમાણમાં દુરૂદ શરીફ પઢે છે.

ઈસ્લામી દષ્ટિએ આ તારીખ તથા દિવસ કેટલુ મહાન મહત્વ ધરાવે છે એનો અંદાઝો આપ આ વાતથી ખૂબીપૂર્વક લગાડી શકો છો કે કુર્આન તથા હદીષમાં એનો ઉલ્લેખ સ્પષ્ટ શબ્દોમાં કરવામાં આવ્યો છે. જેમ રબ તઆલાનો ઈર્શાદ છે :–

سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰى بِعَبْدِهٖ لَیْلًا مِّنَ الْمَسْجِدِ الْحَرَامِ اِلَى الْمَسْجِدِ الْاَقْصَا الَّذِیْ بٰرَكْنَا حَوْلَهٗ لِنُرِیَهٗ مِنْ اٰیٰتِنَاؕ اِنَّهٗ هُوَ السَّمِیْعُ الْبَصِیْرُ

"પાકી છે તેને જે પોતાના બંદાને રાતોરાત લઈ ગયો મસ્જિદે હરામથી મસ્જિદે અક઼સા સુધી, જેની આસપાસ અમે બરકત રાખી કે અમે તેને અમારી અઝીમુશ્શાન નિશાનીઓ બતાવીએ." *(સૂ. ઈસ્રા, ૧૭/૧)*

અને હદીષ શરીફમાં હઝરત અનસ બિન માલિક, માલિક બિન સ઼અસ઼આ رضی اللہ عنہથી રિવાયત કરે છે કે : "રસૂલુલ્લાહ ﷺએ સહાબાની સામે શબે મેઅરાજનો બનાવ એ રીતે વર્ણવ્યો કે હું હતીમમાં અને ક્યારેક કહ્યું હુજરામાં સૂતેલો હતો. એક આવનાર મારી પાસે આવ્યો અને તેણે મારો સીનો અહીંથી ત્યાં સુધી ચીરી નાખ્યો અને તેણે મારું કલ્બ (દિલ) કાઢયું. પછી ઈમાનથી છલોછલ એક થાળી મારી પાસે લાવવામાં આવી. પછી મારું દિલ ધોવામાં આવ્યુ અને ફરી સીનામાં રાખી દેવામાં આવ્યું પછી મારી પાસે ખચ્ચરથી નાનુ અને ગધેડાથી મોટુ એક સફેદ જાનવર લાવવામાં આવ્યું જે બુર્રાક઼ હતું. તે પોતાની નજરના છેડે પોતાનો ક઼દમ રાખતુ હતું. હુઝૂર ﷺ ફર્માવે છે, મને એના પર સવાર કરી દેવામાં આવ્યો અને તે મને લઈને ઉડયું ત્યાં સુધી કે આસ્માની દુનિયા પર આપ્યું. તેનો દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછવામાં આવ્યું કોણ છે ? કહ્યું, જિબ્રઈલ ! પૂછયું, તમારી સાથે કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછયું, શું એમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ખુશ આમદિદ ! (ભલે પધારો ! કેટલું બેહતરીન આગમન છે ! પછી દરવાજો ખોલી આપ્યો. જ્યારે અંદર પહોંચ્યો તો ત્યાં હઝરત આદમને જોયા. જિબ્રઈલે કહ્યું, આ આપના વાલિદ (પિતા) આદમ છે એમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો તેમણે જવાબ આપ્યો અને કહ્યું, હે સાલેહ

www.barkatekhwaja.net

નબી અને સાલેહ પુત્ર ! ખુશ આમદિદ !

પછી જિબ્રઈલ ઉપરની તરફ ચાલ્યા, ત્યાં સુધી કે બીજા આસ્માન પર પહોંચ્યા અને દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછવામાં આવ્યું, કોણ ? કહ્યું, જિબ્રઈલ ! પૂછયું, તમારી સાથે કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ કહ્યું, એમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ખુશ આમદિદ ! આપની તશરીફ આવરી કેટલી મુબારક છે ! પછી દરવાજો ખોલી દેવામાં આવ્યો. જ્યારે હું અંદર પહોંચ્યો તો ત્યાં બે માસીના પુત્રો હઝરત યહ્યા તથા ઈસા علیہم السلام મળ્યા. જિબ્રઈલે કહ્યું, આ યહ્યા તથા ઈસા علیہم السلام છે, તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો તેમણે જવાબ આપીને કહ્યું, બિરદાર સાલેહ અને નબી સાલેહ ખુશ આમદિદ !

પછી જિબ્રઈલ મને ત્રીજા આસ્માન પર લઈને ચઢયા, અને દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછયું, કોણ છે ? કહ્યું, જિબ્રઈલ ! પૂછયું, તમારી સાથે કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછયું, શું તેમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ખુશ આમદીદ ! આપનું આગમન કેટલું સારું છે ! અને દરવાજો ખોલી આપ્યો. જ્યારે હું અંદર પહોંચ્યો તો ત્યાં યૂસુફ علیہ السلام ને જોયા. જિબ્રઈલે કહ્યું, આ યૂસુફ علیہ السلام છે એમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો તેમણે જવાબ આપીને કહ્યું, હે બિરાદર સાલેહ અને નબી સાલેહ ! ખુશ આમદિદ !

પછી જિબ્રઈલ મને ઉપર લઈને ચાલ્યા ત્યાં સુધી કે ચોથા આસ્માન પર પહોંચ્યા અને દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછવામાં આવ્યું, કોણ છે ? કહ્યું, જિબ્રઈલ ! પૂછયું, તમારી સાથે કોણ છે ? પૂછવામાં આવ્યું, તેમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ભલે પધારો ! કેટલુ સરસ આગમન છે આપનું ! પછી દરવાજો ખોલી આપ્યો. જ્યારે હું અંદર હઝરત ઈદરીસ علیہ السلام ની પાસે પહોંચ્યો તો જિબ્રઈલે કહ્યું, આ ઈદરીસ علیہ السلام છે, તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી. જવાબ આપતાં કહ્યું, હે બિરાદરે સાલેહ ! અને સાલેહ નબી ! ખુશ આમદિદ !

પછી તે મને લઈને ઉપર ચઢયા ત્યાં સુધી કે પાંચમા આસ્માન પર પહોંચ્યા અને દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછયું, કોણ છે ? કહ્યું, જિબ્રઈલ ! પૂછયું, તમારી સાથે બીજુ કોણ છે ? મુહમ્મદ ! ﷺ પૂછયું, તેમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ભલે પધારો ! આપની તશરીફ આવરી કેટલી સારી છે ! જ્યારે હું અંદર પહોંચ્યો તો હારૂન علیہ السلام મળ્યા. જિબ્રઈલે કહ્યું, આ હારૂન છે, એમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો જવાબ આપીને કહ્યું, ખુશ આમદિદ ! બિરાદરે સાલેહ તથા નબી સાલેહ !

પછી જિબ્રઈલ મને લઈને છઠ્ઠા આસ્માન પર પહોંચ્યા અને દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછવામાં આવ્યું, કોણ છે ? કહ્યું, જિબ્રઈલ ! પૂછયું, તમારી સાથે અન્ય કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછવામાં આવ્યું, તેમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા ! કહેવામાં આવ્યું, ખુશ આમદિદ ! આપનું તશરીફ લાવવું કેટલું ખુશ કરનારુ છે ! જ્યારે હું અંદર પહોંચ્યો તો હઝરત મૂસા علیہ السلام ને મળ્યો. જિબ્રઈલે કહ્યું, આ મૂસા છે, એમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો જવાબ આપીને કહ્યું, ખુશ આમદિદ ! બિરાદરે સાલેહ તથા નબી સાલેહ ! જ્યારે હું આગળ વધ્યો તો હઝરત મૂસા રડવા લાગ્યા. તેમને પૂછવામાં આવ્યું કે તમે કેમ રડી રહ્યા છો ? કહેવા લાગ્યા, એટલા માટે રડી રહ્યો છું કે મારા બાદ એક નવજવાનને નબી બનાવીને મોકલવામાં આવ્યો જેની ઉમ્મતના લોકો મારી ઉમ્મત કરતાં અધિક જન્નતમાં દાખલ થશે.

પછી જિબ્રઈલ મને સાતમા આસ્માન પર લઈ ગયા અને તેમણે દરવાજો ખોલાવવા ચાહ્યું. પૂછવામાં આવ્યું, કોણ છે ? કહ્યું, મુહમ્મદ ! ﷺ પૂછવામાં આવ્યું શું તેમને બોલાવવામાં આવ્યા છે ? કહ્યું, હા !

કહેવામાં આવ્યું, ખુશ આમદિદ ! આપનુ આગમન કેટલુ બેહતરીન છે ! જ્યારે હું અંદર પહોંચ્યો તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام મળ્યા. જિબ્રઈલે કહ્યું, આ આપના વાલિદ છે, તેમને સલામ કરો. મેં તેમને સલામ કરી તો તેમણે જવાબ આપીને કહ્યું, સાલેહ પુત્ર અને સાલેહ નબી ખુશ આમદિદ !

પછી મારી સામે સિદરતુલ મુન્તહા જાહેર કરવામાં આવ્યો. તેનાં ફળો મક઼ામે હજરના માટલાંઓ જેટલાં અને તેના પાંદડાં હાથીના કાનો બરાબર હતા. અને મેં ત્યાં ચાર નહેરો જોઈ, બે છુપી અને બે જાહેર. મેં કહ્યું, હે જિબ્રઈલ ! આ બે નહેરો કેવી છે ? તેમણે કહ્યું, બે છુપી નહેરો તો જન્નતની છે, અને તે જાહેર નહેરો નીલ (નાઈલ) તથા ફુરાત છે. પછી મારી સામે બયતે મઅમૂર પેશ કરવામાં આવ્યો. પછી મને શરાબ, દૂધ તથા મધનો એક એક પ્યાલો પેશ કરવામાં આવ્યો. મેં દૂધ લીધું તો જિબ્રઈલે કહ્યું, આ જ ફિત્રત છે જેના પર આપ છો અને એના પર આપની ઉમ્મત રહેશે. પછી મારા ઉપર દરરોજ પચાસ નમાઝો ફર્ઝ થઈ. હું પરત થયો ત્યાં સુધી કે હઝરત મૂસા علیہ السلامની પાસેથી પસાર થયો તો તેમણે પૂછયું, તમને શું હુકમ મળ્યો છે ? આપે ફર્માવ્યું, દરરોજ પચાસ નમાઝોનો હુકમ મળ્યો છે. હઝરત મૂસા (علیہ السلام)એ કહ્યું આપની ઉમ્મત દરરોજની પચાસ નમાઝો અદા નથી કરી શકતી. બખુદા ! મેં આપનાથી પહેલાંના લોકોનો અનુભવ કરી લીધો છે અને બની ઈસ્રાઈલની સાથે ખૂબ જ સખત વર્તાવ કર્યો છે, જેથી તમે તમારા રબની પાસે પાછા જાવ અને તમારી ઉમ્મતના માટે ઘટાડવાની દરખાસ્ત કરો. (હઝરત મૂસા علیہ السلامના આગ્રહ પર કેટલીક વાર બારગાહે મૌલામાં દરખાસ્ત બાદ છેવટે મને દરરોજની પાંચ નમાઝોનો હુકમ થયો. હું ફરી હઝરત મૂસા પાસે આવ્યો તો તેમણે પૂછયું, તમને શો હુકમ મળ્યો છે ? મેં કહ્યું દરરોજ પાંચ વખતની નમાઝોનો. કહ્યું, અધિક ઘટાડો કરવાની દરખાસ્ત કરો ! આપે ફર્માવ્યું કે મેં અલ્લાહ તઆલાને એટલી અધિક દરખાસ્ત કરી છે કે હવે મને શરમ આવે છે ! જેથી હવે હું રાજી છું અને સ્વીકારું છું. જ્યારે હું આગળ વધ્યો તો એક અવાજ આપનારાએ અવાજ આપ્યો, મેં મારો ફરીઝો લાગુ કરી આપ્યો અને મારા બંદાઓથી ઘટાડો કરી આપ્યો. *(સહીહ બુખારી, ભાગ–૨, હદીષ–૧૦૭૪, સહીહ મુસ્લિમ, ભાગ–૧, હદીષ–૪૧૧)*

એ જ પ્રમાણે હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہماથી મરવી છે : "બેશક ! તેમણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે મેઅરાજના બારામાં જ્યારે કુરેશે મને જૂઠલાવ્યો તો હું હજરમાં ઉભો થઈ ગયો. પછી અલ્લાહે મારી સામે બયતુલ મુક઼દ્દસને જાહેર કરી આપ્યું જેથી હું કુરૈશને તેની નિશાનીઓ બતાવવા લાગ્યો અને બયતુલ મુક઼દ્દસ મારી નજરોની સામે હતું." *(સહીહ બુખારી, ભાગ–૨, હદીષ–૧૦૭૩)*

ખુલાસો એ કે મેઅરાજનો બનાવ એ ઈસ્લામી ઈતિહાસનો એક અઝીમુશ્શાન બનાવ છે જેનાથી હુઝૂરે અન્વર صلی اللہ علیہ وسلمની ખુદાની બારગાહમાં શાન તથા અઝમત, ઈજ્જતનું પ્રદર્શન થાય છે અને મુસ્લિમ ઉમ્મતનો ઈમાની જઝબો જાગૃત થાય છે, અને વિવિધ આસ્માનો, જન્નત તથા દોઝખની સૈરના વિગતવાર બનાવોથી ઘણી બધી નસીહતો તથા બોધપાઠો હાંસલ થાય છે. એટલા માટે મુસલમાન એ દિવસ તથા તારીખને યાદગાર રૂપે મનાવે છે. અને આ મનાવવું અલ્લાહના હુકમ હેઠળ છે કે : وَذَكِّرْهُمْ بِاَيّٰىمِ اللّٰهِ "અને તેમને અલ્લાહના દિવસ યાદ અપાવો." *(સૂ. ઈબ્રાહીમ, ૧૪/૫)* તો યાદ મનાવવું કુર્આની હુકમ હેઠળ છે, ન શિર્ક છે ન બિદઅત છે. ખુશ અક઼ીદા સુન્નીઓ આ દિવસે ઈબાદતની, ઝિક્રની, દુરૂદની મેહફિલો કરીને મનાવતા રહે છે જ્યારે બદઅક઼ીદા વહાબી, દેવબંદી વગેરે એનાથી જહન્નમની આગ પહેલાં જ અહીં જલવાના શરૂ થઈ જાય છે ! *(કિતાબ : "ઈસ્લામ ઔર હિંદુ ધરમકા તકાબુલી મુતાલિઆ"ના આધારે)*

www.barkatekhwaja.net




★ **૧૨ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી પાંચવાર **કુલ્ હુવલ્લાહ**. ૧૨ રકાત પઢયા બાદ ૧૦૦ વાર કલ્મએ તમજીદ, ૧૦૦ વાર ઈસ્તિગફાર, ૧૦૦ વાર દુરૂદ શરીફ. **ફઝીલત** : જે દુઆ કરે ઈન્શાઅલ્લાહુ તઆલા કૂબૂલ થશે.

★ **૬ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. છ રકાત પઢયા બાદ ૫૦ વાર દુરૂદ શરીફ પઢે. **ફઝીલત** : તમામ દીની તથા દુનિયવી હાજતો પૂરી થશે અને ૭૦ હજાર ગુનાહ માફ થશે.

★ **૨ રકાત** : દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ૨૭ વાર **કુલ્ હુવલ્લાહ** પઢે અને કાઈદામાં અત્તહિય્યાત પછી ૨૭ વાર દુરૂદે ઈબ્રાહીમ પઢે. સલામ બાદ તેનો હદિયો હુઝૂર ﷺની બારગાહમાં પેશ કરવાની સઆદત હાંસલ કરે. ખૂબ ભલાઈઓ પામશે.

★ **૨ રકાત** : પ્રથમ રકાત **અલ્હમ્દુ** પછી **સૂરએ અલમનશ્રહ**, બીજી રકાતમાં **અલ્હમ્દુ** પછી **લિઈલાફ** પઢે. **ફઝીલત** : આ નમાઝ પઢવાથી ઔલિયાની સાથે નમાઝ પઢવાનો સવાબ મળે છે.

★ **૧૦ રકાત** : (બે–બે કરીને) દરેક રકાતમાં **અલ્હમ્દુ** પછી ત્રણવાર **સૂરએ કાફિરૂન**, બે વાર **કુલ્ હુવલ્લાહ** પઢે. દસ રકાત પછી એકવાર કલ્મએ તૌહીદ પઢે પછી આ દુઆ પઢે :–

**اَللّٰهُمَّ صَلِّ عَلٰى سَيِّدِنَا مُحَمَّدٍ وَّعَلٰى اٰلِهِ الطَّاهِرِيْنَ**
**وَلَا حَوْلَ وَلَا قُوَّةَ اِلَّا بِاللّٰهِ الْعَلِيِّ الْعَظِيْمِ۔**

*(અલ્લાહુમ્મ સલ્લિ અલા સૈયિદિના મુહમ્મદિવ્ વઅલા આલિહિ તાહિરીન વલા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહિલ્ અલિય્યિલ અઝીમ.*

**ફઝીલત** : અલ્લાહ તઆલા દરેક રકાતને બદલે ૧૦૦૦ રકાતનો સવાબ અતા કરશે.

★ **ગુસ્લની ફઝીલત** : હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જે કોઈ રજબની પહેલી, પંદરમી અને સત્તાવીસમીએ ગુસ્લ કરશે તો તે ગુનાહોથી એવો પાક થઈ જશે, જાણે કે આજે જ પેદા થયો હોય.

★ **રોઝાની ફઝીલત** : જે કોઈ ૨૭ મી રજબે રોઝો રાખે તેને જન્નતની એક નહેરથી પાણી પીવડાવવામાં આવશે જે મધથી અધિક મીઠુ, બરફથી અધિક ઠંડુ અને દૂધથી અધિક સફેદ હશે. અને અલ્લાહ તઆલા તેને દોઝખની આગથી બચાવી લેશે અને તેને જન્નતથી સરફરાઝ ફર્માવશે.

અંજુમને રઝાએ મુસ્તફાના મેમ્બર બનવા માટે ફક્ત **રૂા. ૮૦૦/–** મોકલી વર્ષ દરમિયાન છપાતી તમામ કિતાબો મેળવો ! *–તંત્રી*

www.barkatekhwaja.net

## શાદીખાના આબાદી

**દયાદરા :** ખાતે **મુહમ્મદહસ્સાન** નઝીર અલી પટેલની (તંત્રી બરકાતે ખ્વાજા માસિકના ભત્રીજાની) શાદીના મુબારક અવસરે દયાદરા ખાતે તા. ૧૫–૧૨–૨૦૨૩ જુમ્આની રાતે ઈશાબાદ મોટા ચકલા પર ''મેહફિલે નઅતો મન્કૃબત''નો શાનદાર ઈજતેમા થયો જેમાં બુલબુલે બાગે મદીના **અલ્હાજ કારી મુહમ્મદ રિઝવાન સાહબ** (રુકને મજલિસે શૂરા સુન્ની દા'વતે ઈસ્લામી તથા માજી પ્રિન્સિપાલ હાશમિયા હાઈસ્કૂલ–મુંબઈ)એ નઅતો મન્કૃબત તથા ખુશનુમા માહોલમાં સહેરો પઢયો હતો. અંતમાં ટૂંકમાં નસીહતો કરી હતી, કંબોલી જામા મસ્જિદ ખાતે મુહમ્મદહસ્સાનના નિકાહ તા. ૧૭–૧૨–૨૦૨૩ મુ. તા. ૪, જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૫ શનિવારના રોજ સવારે ૧૧:૩૦ના સમયે હાફિઝ મુહમ્મદ રફીક પટેલ સાહબની નેક દુખ્તર **''ઝૈબા''** સાથે થયા જેમાં કસીદા બુર્દા શરીફ મૌલાના આદિલ મિસ્બાહી હલદરવીએ પઢેલ અને મૌલાના ઝહીર મિસ્બાહી સાહબે નિકાહ સંબંધે નસીહત આમોઝ બયાન બાદ નિકાહ પઢાવ્યા હતા. એની ખુશીમાં નઝીર પટેલે રૂા. ૫૦૦/– બરકાતે ખ્વાજા મંથલીને આપ્યા છે. જઝાકલ્લાહ ! દુલ્હા–દુલ્હન તથા કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

*–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

**વલણ :** ખાતે દયાદરા નિવાસી **મુહમ્મદ હાશિમ** મુશ્તાક તાંદલજાવાળા (તંત્રી : બરકાતે ખ્વાજા માસિકના ભાણીયા)ના નિકાહ તા. ૧૦–૧–૨૦૨૪ મુ. તા. ૨૮ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૪૫ બુધવારના રોજ વલણ (તા. કરજણ) ખાતે મેરેજ હોલમાં જનાબ ઈકબાલ હનીફ વકાની નેક દુખ્તર **''હાફિઝા ફાતિમા''** સાથે રાખવામાં આવ્યા. જેમાં મૌલાના ઈમરાન ગુજર (કોંગોવાળા) સાહબે કસીદા બુર્દા પઢીને ટૂંકમાં નિકાહ સંબંધી બયાન કરેલ બાદ મૌલાના હસન અશરફી હલદરવી સાહબે નિકાહ પઢાવ્યા હતા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે ખ્વાજા માસિક–દયાદરા*

**દયાદરા :** ખાતે મર્હૂમ મેહબૂબ યાકૂબ ભટાની નેક દુખ્તર (મૌલાના ઈમરાન મિસ્બાહી, મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા આમોદની ભત્રીજી) **નજીફા**ના નિકાહ હાફિઝ ઐયૂબ અલી દાદાભાઈ વોરાસમનીવાળાના નેક ફરઝંદ **સુફયાન** સાથે તા. ૧૩–૧–૨૦૨૪ (૨–૨જબ–૧૪૪૫) ના રોજ અકુજી કોમ્યુ. હોલમાં રાખવામાં આવ્યા. દુલ્હા–દુલ્હન, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! *–તંત્રી : બરકાતે બરકાતે ખ્વાજા માસિક*

## :: ઈન્તેક઼ાલ પુરમલાલ ::

- **દયાદરા :** ખાતે તા. ૩૧–૧૨–૨૦૨૩ રવિવાર મુ. તા. ૧૮–જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૫ના રોજ અલી અહમદ શેરપુરાવાળાનો ઈન્તેકાલ થયો છે.
- **પીપલીયા :** (તા. વાગરા) ખાતે સખીનાબેન દાઉદભાઈ ડેલાવાળાનો તા. ૧૯–૧૨–૨૦૨૩ મુ. તા. ૬ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૪૫, મંગળવારના રોજ ઈન્તેક઼ાલ થયો.

*રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આન શરીફનો ખત્મ કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*